દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 199 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ વદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 August 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



મેટિની પૂર્તિ ૫ ૬ ૭



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# રશિયાનો યુક્રેન પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 91,530/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## શાંતિ પ્રયાસમાં અવરોધ ઊભો કરવાનો પુતિન પર યુક્રેનનો આક્ષેપઃ ૫૭૪ ડ્રોન અને ૪૦ મિસાઈલથી યુક્રેન પર ત્રાટક્યાઃ એકનું મોત, પંદરથી વધુ ઘાયલ

કિવઃ અમેરિકાની મધ્યસ્થતામાં શાંતિ મંત્રણા વચ્ચે રશિયાએ યુક્રેન પર અત્યાર સુધીનો સૌથી ભયાનક હુમલો કર્યો હતો. એક રિપોર્ટ અનુસાર, રશિયાએ ૫૭૪ ડ્રોન અને ૪૦ મિસાઇલોથી યુક્રેન પર હુમલો કર્યો હતો. રશિયાએ આ હુમલાઓમાં યુક્રેનના પશ્ચિમી શહેર લવીવ અને રાજધાની કિવને પણ નિશાન બનાવ્યા છે. યુક્રેનનું કહેવું છે કે લવીવ પર થયેલા ડ્રોન અને મિસાઇલ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે દક્ષિણ પશ્ચિમ ટ્રાન્સકારપાથિયા ક્ષેત્રમાં થયેલા હુમલામાં ૧૫ અન્ય લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

યુક્રેનના વિદેશ પ્રધાન આંદ્રેઈ સિબિહાએ કહ્યું કે રશિયાએ પશ્ચિમ યુક્રેનમાં મુખ્ય અમેરિકન ઇલેક્ટ્રોનિક્સ કંપની'' પર હુમલો કર્યો હતો. જોકે તેમણે આ અંગે વધુ જાણકારી આપી નહોતી. નોંધનીય છે કે તાજેતરમાં (જુઓ પાનું ૨) ▶▶


VIETNAM-SAPA
2 SEP, 11 SEP, 20NOV, 6JAN
Rs.1,49,000/*,11DAYS
DUBAI-ABUDHABI OCT TO MAR
FERARI/WARNER/SEA WORLD
5NT.DUBAI+2NT.ABUDHABI-4*
સીંગાપોર-મલેશીયા-થાઈલેન્ડ
૨ રાત્રી જેન્ટીંગ ડ્રીમ ક્રુઝ ,OCT TO JAN
કેરાલા રામેશ્વર મદુરાઇ ૧૦ સપ્ટે.૧૪નવે.૫ જાન્યુ
અયોધ્યા-પ્રયાગરાજ વારાણસી સપ્ટે થી જાન્યુ
આસામ-મેઘાલય અરૂણાચલ OCT TO MAY
મૈસુર-કુર્ગ-મદુરાઇ ઉટી-કોડાઇ OCT TO JAN
રાજસ્થાન OCT TO JAN
શ્રીલંકા
SINCE 2003 નીરવ સંઘવી
વિનાયક ટુર્સ
9930716930/9137946753
9820093130 Timing 11 to 8
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)


## પ્રધાનોના જૂથે જીએસટીના બે સ્લેબની દરખાસ્ત સ્વીકારી

નવી દિલ્હી : જીએસટી દર સરળીકરણ પરના પ્રધાનોના જૂથે ગુરવારે જીએસટીમાં ફક્ત બે દર પાંચ અને ૧૮ ટકા રાખવાના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો. બિહારના નાયબ મુખ્ય પ્રધાન અને પ્રધાનોના જૂથના કન્વીનર સમ્રાટ ચૌધરી કહ્યું હતું કે રાજ્ય પ્રધાનોની છ સભ્યની સમિતિએ ૧૨ અને ૧૮ ટકાના સ્લેબને કાઢી નાખવાની દરખાસ્ત પણ સ્વીકારી હતી. સમિતિની બેઠક બાદ ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે બન્ને દરખાસ્તો પ્રધાનોના જૂથે સ્વીકારી હતી.

ઉત્તર પ્રદેશના નાણાં પ્રધાન સુરેશકુમાર ખન્નાએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારની દરખાસ્તમાં અલ્ટ્રા લકઝરી ગૂડ્સ ( અતિ મોંઘી જણસ) અને (જુઓ પાનું ૨) ▶▶






## ઉપરાષ્ટ્રપતિપદના વિપક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ નોંધાવી ઉમેદવારી

નવી દિલ્હીઃ વિપક્ષના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ ગુરુવારે કૉંગ્રેસના ટોચના નેતાઓ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની હાજરીમાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. બાદમાં તેમણે કહ્યું હતું કે આ ચૂંટણી કોઈ એક વ્યક્તિ અંગે નથી, પરંતુ આખા ભારતના અવધારણા અંગે છે જ્યાં સંસદ નિષ્ઠા સાથે કામ કરે, અસહમતીનું સન્માન કરવામાં આવે છે અને સંસ્થાઓ સ્વતંત્રતા અને નિષ્પક્ષતા સાથે લોકોની સેવા કરે. એક નિવેદનમાં રેડ્ડીએ કહ્યું હતું કે ''આજે મને વિરોધ પક્ષોના સંયુક્ત ઉમેદવાર તરીકે ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટે મારા ઉમેદવારી પત્ર ભરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. હું આ ઉમેદવારી પત્ર નમ્રતા, જવાબદારી (જુઓ પાનું ૨) ▶▶






## વિરોધ પક્ષના પ્રોટેસ્ટ વચ્ચે લોકસભામાં ૧૨ અને રાજ્યસભામાં ૧૫ ખરડા પસાર

નવી દિલ્હીઃ સંસદના એક મહિના ચાલેલા ચોમાસા સત્રમાં લોકસભાએ ૧૨ અને રાજ્યસભાએ ૧૫ ખરડાને બહાલી આપી હતી. આ સત્રમાં વારંવાર વિક્ષેપ, સભામોકૂફી અને સભાત્યાગ જોવા મળ્યો હતો. બંને ગૃહમાં ઑપરેશન સિંદૂર પરની ચર્ચાના અપવાદ સિવાય જવલ્લે જ કોઈ બિઝનેસ જોવા મળ્યો હતો. સત્ર ૨૧ જુલાઈએ શરૂ થયું હતું. વિરોધ પક્ષે શરૂઆતમાં ઑપરેશન સિંદૂર પર ચર્ચા કરવાની માગણી અને પછી બિહારમા ચાલતી સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રિવિઝન પર ચર્ચાની માગણીના સમર્થનમાં વિક્ષેપ પાડ્યો હતો અને સભા વારંવાર મોકૂફ રાખવી પડી હતી. ચોમાસું સત્રનો અંત ગુરુવારે આવ્યો હતો. લોકસભાએ ગોવાના વિધાનસભા મતદારક્ષેત્રમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વમાં પુનર્ગઠનનો ખરડો, મર્ચન્ટ શિપિંગ બિલ, (જુઓ પાનું ૨) ▶▶

## રાજ્યસભાએ સંયુક્ત સમિતિ સમક્ષ ત્રણ બિલ રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી

નવી દિલ્હી : રાજ્યસભાએ ગુરુવારે ગંભીર ગુનાહિત આરોપોમાં ૩૦ દિવસ માટે ધરપકડ કરાયેલા વડા પ્રધાન, મુખ્ય પ્રધાન અને પ્રધાનોને દૂર કરવા સહિત ત્રણ બિલને સંયુક્ત સમિતિ સમક્ષ મોકલવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા ગૃહમાં હોબાળા વચ્ચે 'સંયુક્ત સમિતિ સમક્ષ બિલ રજૂ કરવાનો પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.

ત્રણેય બિલ ભારતના બંધારણમાં સુધારો; કેન્દ્રશાસિત પ્રદેશો સરકાર અધિનિયમ, ૧૯૬૩; અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ સાથે સંબંધિત છે.

ઉપલા ગૃહ દ્વારા હોબાળા વચ્ચે બિલોની તપાસ માટે સંયુક્ત સમિતિમાં સેવા આપવા માટે ૧૦ સભ્યની નિમણૂક અંગેના પ્રસ્તાવને મંજૂરી આપવામાં (જુઓ પાનું ૨) ▶▶

## પચાસ ટકા પેન્શનરને મહિને દોઢ હજારથી ઓછી રકમ મળે છે

નવી દિલ્હી : રીટાયરમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ દ્વારા સંચાલિત એમ્પ્લોઈસ પેન્શન સ્કીમ ૧૯૯૫ (ઈપીએસ-૯૫) હેઠળ દર બીજા પેન્શનરને મહિને દોઢ હજાર રૂપિયાથી ઓછી રકમ પેન્શન પેટે મળે છે, એવી માહિતી સંસદમાં આપવામાં આવી હતી.

સત્તાવાર આંકડાકીય માહિતી પ્રમાણે ૩૧ માર્ચ ૨૦૨૫એ ૫૩,૫૪૧ એટલે કે કુલ ૮૧,૪૮,૪૯૦ પેન્શનરના ૦.૮૬ ટકાને જ માસિક પેન્શન છ હજારથી વધારે મળે છે.

ટ્રેડ યુનિયનોએ માગણી કરી છે કે ઈપીએસ-૯૫ હેઠળ લઘુતમ માસિક પેન્શન ૯,૦૦૦ રૂપિયા મળવું જ જોઈએ. કામદાર સંગઠનાનો ૧૭ મુદ્દાના ચાર્ટરમાં આ એક મુદ્દો હતો. આ ચાર્ટર શ્રમ અને રોજગાર (જુઓ પાનું ૨) ▶▶



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સાંસદો પાસેથી વસૂલાતની વાત સાચી, પણ અમલ કરે કોણ?

**ભારતમાં** મોટા ભાગના રાજકારણીઓ પોતાને પ્રજાના બાપ માને છે. પ્રજા તરફ પોતાની કોઈ જવાબદારી છે, દેશ તરફ પોતાની કોઈ ફરજ છે એવી તેમની માનસિકતા જ નથી. આ માહોલમાં કોઈ રાજકારણી થોડીક સમજદારીભરી વાત કરે તો પણ આનંદ થઈ જાય છે ને ગુરુવારે કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવના અપક્ષ સાંસદ ઉમેશ પટેલે એવો જ ક્ષણિક આનંદ કરાવી દીધો. ઉમેશ પટેલે સંસદની કાર્યવાહી વારંવાર ઠપ્પ થઈ જાય છે તેના વિરોધમાં બેનર સાથે દેખાવ કરીને માંગ કરી છે કે, સંસદની કાર્યવાહી ના ચાલી તેના કારણે દેશની તિજોરી પર પડેલો બોજ સાંસદોના પગારમાંથી વસૂલવો જોઈએ.

'માફી માગો, શાસક પક્ષ અને વિપક્ષ માફી માગે' એવું બેનર લઈને આવેલા ઉમેશ પટેલની માગ છે કે, સંસદની કાર્યવાહી ના ચાલે ત્યારે સાંસદોને પગાર અને અન્ય લાભો ન આપવા જોઈએ. ઉમેસ પટેલે તો ધરમના કામમાં ઢીલ નહીં એણ સમજીને આ સત્રથી જ આ વાતનો અમલ કરવાના શ્રીગણેશ કરવાની માગ કરીને એમ પણ કહ્યું કે, આ સત્ર માટે ગૃહની કાર્યવાહીનો જે પણ ખર્ચ થયો હોય એ પણ સાંસદોના ખિસ્સામાંથી વસૂલ થવો જોઈએ. કેમ કે સંસદ ચાલી જ નથી તો પછી તેની પાછળ થયેલા ખર્ચનો બોજ પ્રજા પર ના નાખી શકાય.

પટેલની વાત સો ટકા સાચી છે કેમ કે આપણે ત્યાં સંસદની કાર્યવાહી તમાશારૂપ ને ફારસરૂપ જ બની ગઈ છે. સાવ ફાલતુ મુદ્દે વિરોધ કરીને સંસદની કાર્યવાહી ઠપ્પ કરી દેવાની ફેશન થઈ ગઈ છે. આપણે બહુ જૂની વાતો ના કરીએ ને ચોમાસુ સત્રની જ વાત કરીશું તો આ વાત સમજાશે. આ વખતે લોકસભામાં ચર્ચા માટે ૧૨૦ કલાક ફાળવવામાં આવ્યા હતા પણ ફક્ત ૩૭ કલાકની ચર્ચા થઈ. આ ચર્ચામાં મોટો સમય તો ઓપરેશન સિંદૂર પર ચર્ચામાં ગયો એ જોતાં ખરેખર કશું થયું જ નથી.

સંસદમાં દરેક મિનિટે લગભગ અઢી લાખ રૂપિયાનો અને દરેક કલાકે લગભગ રૂપિયા દોઢ કરોડનો ખર્ચ થાય છે. આખો દિવસ સંસદની કામગીરી ચાલે તો અંદાજે રૂપિયા ૯ કરોડ સુધીનો ખર્ચ થઈ શકે છે. સંસદ ભવનની લાઇટ, પાણી, ઇમારતનું જતન, જેમાં ઇલેક્ટ્રોનિક સિસ્ટમ, લાઇટ્સ, મરામત, સીસીટીવી કેમેરા વગેરે એવા ખર્ચુચ છે કે જે બારે મહિના ચાલુ હોય છે. સંસદની સુરક્ષા માટે સીઆરપીએફ અને દિલ્હી પોલીસ તૈનાત હોય છે તેમનો ખર્ચ પણ બારે મહિના ભોગવવો પડે છે. સંસદમાં કામ કરતા કર્મચારીઓના પગાર, પેટ્રોલ, ખોરાક વગેરે કાયમી ખર્ચમાં આવે છે.

આ ખર્ચા એટલે કરાય છે કે જેથી સંસદ બારે મહિના ચાલ્યા કરે પણ સાંસદોની આડોડાઈના કારણે સંસદ ચાલતી નથી. શરમજનક વાત એ છે કે, સંસદ ના ચાલે તો પણ સાંસદો પગાર, ભથ્થાં વગેરે લે જ છે. સંસદની કાર્યવાહીમાં ભાગ લેતા સાંસદોને દરરોજનું ભથ્થું અપાય છે એ પણ ઓહિયાં કરી જાય છે. દરેક સાંસદ પાછળ સરકારી ખજાનામાંથી પ્રતિ વર્ષ ૪૩ લાખ ખર્ચ થાય છે પણ સાંસદો એ રકમ લીધા પછી પ્રજા માટે કામ કરવાના બદલે ફાલતુ મુદ્દા જ ઉઠાવે છે ને સંસદની કાર્યવાહી ઠપ્પ કરવામાં બહાદુરી સમજે છે.

આપણા સાંસદો કેવા સાવ ફાલતુ કહેવાય એવા મુદ્દે સંસદની કાર્યવાહી રોકી દે છે તેનું એક ઉદાહરણ જોવા જેવું છે. ગયા વરસે ડિસેમ્બરમાં રાજ્યસભામાં કૉંગ્રેસના સાંસદ અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીની બેઠક પરથી ૫૦૦ રૂપિયાની ૧૦૦ નોટોનું એક બંડલ મળ્યું હતું. આ માત્ર ૫૦ હજાર રૂપિયાની રકમના મુદ્દે સત્તાધારી અને વિપક્ષના સાંસદો સામસામે આવી ગયા તેમાં ત્રણ દિવસ લગી સંસદની કાર્યવાહી નહોતી ચાલી.

અત્યારે મિસ્ટર ઈન્ડિયા થઈ ગયેલા જગદીપ ધનખડ ત્યારે રાજ્યસભાના ચેરપર્સન હતા. ધનખડે તપાસના આદેશ પણ આપ્યા હતા. સિંઘવી તેની સામે તલવાર તાણીને મેદાનમાં આવી ગયેલા. સિંઘવીએ આ બંડલ પોતાનું નથી એવો દાવો કરીને કહેલું કે, હું તો ૫૦૦ રૂપિયાની એક જ નોટ લઇને આવું છું તેથી મારું નામ લેવાની જરૂર નથી. મલ્લિકાર્જુન ખડગે સહિતના વિપક્ષના સાસંદોએ સિંઘવીની વાતમાં સૂર પુરાવીને ધમાધમી કરી નાખેલી. તેમનું કહેવું હતું કે, સિંઘવીનું નામ જાહેર કરીને ધનખડ વિપક્ષી સાંસદોની બદનામી કરી રહ્યા છે અને તપાસ પૂરી ના થાય ત્યાં સુધી ધનખડે સિંઘવીનું નામ લેવાની જરૂર નહોતી.

ભાજપના સાંસદો ધનખડની વહારે આવ્યા તેમાં ઘમાસાણ થઈ ગયેલું. શરમજનક વાત પાછી એ છે કે, સિંઘવીની બેઠક પર પાંચસોનું બંડલ કોણ મૂકી ગયું તેની તો ખબર જ ના પડી. રાજ્યસભામાં કરોડોના ખર્ચે સીસીટીવી કેમેરા લગાવાયા છે પણ ૮ મહિના પછી પણ ક્યો મોરલો કળા કરી ગયો તેની તો ખબર જ નથી પડી.

ભૂતકાળમાં આના કરતાં પણ વધારે ફાલતુ મુદ્દે સંસદની કાર્યવાહી ઠપ્પ થઈ ગઈ હોય એવું બન્યું છે. એ બધી વાતો માંડીશું તો કોઠી ધોઈને કાદવ કાઢવા સિવાય કશું કરવાનું નથી. આપણા સાંસદો લોકશાહીને નામે કેવા તાયફા કરે છે તેની વાતો કરવા બેસીશું તો આપણી જ આબરૂનો ફજેતો થશે ને સામાન્ય પ્રજાજનોને લોહીઉકાળા સિવાય કંઈ મળવાનું નથી. આપણા સાંસદો સુધરવાના નથી કેમ કે ભારતમાં લોકશાહીના નામે ગમે તે આલિયો, માલિયો, જમાલિયો ચૂંટાઈને સંસદમાં કે વિધાનસભામાં બેસી જાય એવી વ્યવસ્થા કરાઈ પણ તેમની જવાબદારીઓ નક્કી કરાઈ નથી. સંસદસભ્ય કે વિધાનસભ્ય બન્યા પછી ફરજિયાત કેટલા દિવસ પોતાના મતવિસ્તારમાં ગાળીને લોકોની સમસ્યાઓ ઉકેલવી, કેટલા દિવસ સંસદમાં બેસીને દેશની સમસ્યાઓની ચર્ચા કરવી કે પોતાના મતવિસ્તારના પ્રશ્નો ઉઠાવવા સહિતની જનપ્રતિનિધિ માટેની મૂળભૂત બાબતો અંગેના પણ કોઈ નિયમો નથી.

સાંસદો કે ધારાસભ્યોને કેટલો પગાર મળે. કેટલાં ભથ્થાં મળે, બીજી કઈ કઈ સગવડો મળે એ બધું નક્કી છે પણ તેમણે સરકારની તિજોરીમાંથી રૂપિયા લેવાના બદલામાં શું શું કરવાનું તેને લગતા કોઈ નિયમો નથી. આ નિયમો બને એવી શક્યતા પણ નથી ને બીજી તરફ આપણા રાજકારણીઓ સુધરે, પ્રજાહિતને સર્વોપરી માનીને વર્તે એવી તો જરાય આશા નથી. આ દેશની પ્રજા પણ એ હદે માયકાંગલી અને નિર્માલ્ય થઈ ગઈ છે કે પોતે જેને મત આપીને ચૂંટ્યો છે એ નમૂનો દિલ્હીમાં કે પોતાના રાજ્યની રાજધાનીમાં જઈને શું ઉકાળે છે એ અંગે સવાલ કરવાની હિંમત પણ નથી બતાવતી. સાંસદ અને ધારાસભ્ય પ્રજાને જવાબ આપવા બંધાયેલો છે એ કલ્ચર જ આપણે ત્યાં નથી. પ્રજા સુધ્ધાં સાંસદ કે ધારાસભ્યને સવાલ કરવાની નૈતિક હિંમત ના બતાવી શકતી હોય એ દેશમાં બળાપા કાઢવા સિવાય બીજું કશું ના થાય.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ,/ સૌર શરદઋતુ પ્રારંભ, શુક્રવાર, તા. ૨૨–૮–૨૦૨૫, જીવંતિકા પૂજન, પીઠોરી અમાવસ્યા

- ભારતીય દિનાંક ૩૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ–૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ–૧૪
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રે ક. ૨૪–૧૬ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં મધ્યરાત્રે ક. ૨૪–૧૬ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧–૪૩, રાત્રે ક. ૨૩–૩૯.
- ઓટઃ સાંજે ક. ૧૮–૦૧, મધ્ય રાત્રિ પછી ક. ૦૫–૪૮ (તા. ૨૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – ચતુર્દશી. જીવંતિકા પૂજન, પીઠોરી અમાવસ્યા, દર્શ અમાવસ્યા, માતૃકાદિન, વૃષભ પૂજન, અન્વાધાન, સૂર્ય સાયન કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૦૫, સૌર શરદઋતુ પ્રારંભ, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સર્પપૂજા, મહારાષ્ટ્રમાં પીઠોરી અમાસની ઉજવણીનો મહિમા, બળદના પૂજનનો મહિમા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી સુક્ત, પુરુષસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તીર્થમાં ત્રિપીંડી શ્રાદ્ધ પૂજા.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન અર્ધચતુષ્કોણ ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન અર્ધચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ–કન્યા, માર્ગી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–કર્ક, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

## એસઆઇઆરનો ઉદ્ધેશ્ય મતદાર યાદીઓનું શુદ્ધિકરણ કરતાં લોકશાહીનો નાશ કરવાનો વધુ છેઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર)નો હેતુ મતદાર યાદીઓનું શુદ્ધિકરણ કરવા કરતાં લોકશાહીનો નાશ કરવા વિશે વધુ છે. આ આરોપ કૉંગ્રેસે ગુરુવારે બિહારના તમામ ૨૪૩ વિધાનસભા મતવિસ્તારોમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા ૨૦૨૪ના સર્વેક્ષણને ટાંકીને લગાવ્યો હતો.

કૉંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે એક સમાચાર અહેવાલનો હવાલો આપીને ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું હતું. તેમણે એક્સ પર પોસ્ટમાં જણાવ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી બિહારના તમામ ૨૪૩ વિધાનસભા મતવિસ્તારોમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા ૨૦૨૪ 'કેએપી'(જ્ઞાન, વલણ અને વ્યવહાર) સર્વેક્ષણમાં કહેવામાં આવ્યું છે કે મતદાર યાદીઓ પહેલાથી જ લગભગ સંપૂર્ણ ભૂલ વિનાની છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ઘણા લાયક નાગરિકો હજુ પણ પેપરવર્ક અને જાગૃતિના અભાવે નોંધણીથી વંચિત છે. ચૂંટણી પંચનું ધ્યાન બહિષ્કૃતિ પર નહીં પરંતુ સમાવેશ પર હોવું જોઇએ. કારણ કે ઘણા ઉત્તરદાતાઓએ તેમના મતદાર ઓળખ કાર્ડ મેળવવામાં આડે આવતી જટિલતાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ચૂંટણી પંચને સ્પષ્ટપણે જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં બિહાર મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર)ની કોઇ ફરજિયાત જરૂરીયાત જણાઇ ન હતી.

કૉંગ્રેસ નેતાએ પ્રશ્ન કર્યો કે ત્યારથી શું બદલાયું છે? શું આ બિહારમાં ગેરરીતિભરી ચૂંટણીનું વચન આપીને પોતાનું પદ સુરક્ષિત કરવા અને પોતાના ખખડી ગયેલા એનડીએ ગઠબંધનને બચાવવા માટે ઉત્સુક વડા પ્રધાનની દલીલ હતી? જયરામ રમેશે આરોપ લગાવ્યો કે આ એસઆઇઆરનો ઉદ્દેશ્ય મતદાર યાદીઓનું શુદ્ધિકરણ કરવાનો ઓછો પરંતુ લોકશાહીનો નાશ કરવાનો વધુ છે.

## જમ્મુ રેલવે સ્ટેશનને ઉડાવી દેવાની ધમકીના સંદેશા સાથેનું કબૂતર આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પકડાયું

જમ્મુઃ સુરક્ષા દળોએ જમ્મુ જિલ્લાના આરએસપુરાના સરહદી વિસ્તારમાંથી એક કબૂતર પકડ્યું છે, જેમાં જમ્મુ રેલવે સ્ટેશનને ઉડાવી દેવાની ધમકીભરી નોંધ હતી, જેના કારણે પોલીસે આ વિસ્તારમાં સુરક્ષા વધારી દીધી છે,એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદની ભારત બાજુ બલૂનો, ધ્વજ અને કબૂતરો મોકલવા માટે જાણીતું છે, જેમાં વિવિધ સંદેશાઓ હોય છે, પરંતુ આ પહેલી વાર છે જ્યારે ધમકી પત્ર ધરાવતું કબૂતર પકડાયું છે, એમ તેમણે જણાવ્યું હતું. પ્રવર્તમાન ધમકીભર્યા વિચારો અને ભારત વિરોધી યોજનાઓને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ આ બાબતને ગંભીરતાથી લઈ રહી છે.

''પાકિસ્તાનથી ઉડતું કબૂતર ૧૮ ઓગસ્ટના રોજ રાત્રે નવ વાગ્યે આંતરરાષ્ટ્રીય સરહદ પર કટમારિયા વિસ્તારમાં પકડાયું હતું. જમ્મુ રેલવે સ્ટેશનને ઉડાવી દેવાનો સંદેશ લખેલી એક ચિઠ્ઠી તેના પંજા સાથે બાંધેલી મળી આવી હતી,'' એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ચિઠ્ઠીમાં ઉર્દૂ અને અંગ્રેજીમાં ધમકીભર્યો સંદેશ હતો જેમાં ''કાશ્મીર ફ્રીડમ'', ''સમય આવી ગયો છ'' વગેરે લખાણો લખેલાં હતાં.

સુરક્ષા એજન્સીઓ તપાસ કરી રહી છે કે શું આ કોઈ દુષ્કર્મનું કૃત્ય હતું કે કોઈ સુનિયોજિત કાવતરું હતું.

જોકે, કોઈ પણ જોખમ ન લેતા, દળોએ રેલ્વે સ્ટેશન અને ટ્રેકની આસપાસ સુરક્ષા વધારી દીધી છે. ડોગ સ્ક્વોડ અને બૉમ્બ ડિસ્પોઝલ ટીમો તહેનાત કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્થાનિક પોલીસને હાઇ એલર્ટ પર રાખવામાં આવી છે.

## ઈમરાન ખાનને પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા, છતાં જેલમાં રહેવું પડશે

નવી દિલ્હીઃ પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે જેલમાં રહેલા પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાનને રાહત આપી છે, કોર્ટે ૯ મે ૨૦૨૩ના રોજ લાહોરમાં થયેલા રમખાણો સાથે જોડાયેલા આઠ કેસોમાં ઇમરાન ખાનના જામીન મંજૂર કર્યા છે. પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ યાહ્યા આફ્રિદીની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની જામીન મંજૂર કર્યા છે. જામીન મળવા છતાં ઇમરાન ખાનને જેલમાં જ રહેવું પડશે.

લાહોરમાં ૯ મે ૨૦૨૩ના રોજ ફાટી નીકળેલી હિંસાના સંદર્ભમાં તહરીક-એ-ઇન્સાફ (પીટીઆઈ)ના સ્થાપક ઇમરાન ખાન પર ઘણાં કેસ નોંધાયેલા છે, જેમાં સરકારી અને લશ્કરી ઇમારતો પર હુમલો કરવા માટે તેમના સમર્થકોને કથિત રીતે ઉશ્કેરવાના આરોપનો સમાવેશ થાય છે.

ઇમરાન ખાનને આઠ કેસમાં જામીન મળી ચુક્યા છે પરંતુ નવા કેસમાં હજુ સુધી જામીન મળ્યા નથી, જેને કારણે તેને હજુ જેલમાં જ રહેવું પડશે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે રમખાણોના કેસમાં નીચલી અદાલત દ્વારા દોષિત ઠેરવવામાં આવેલા પીટીઆઈના ઘણા નેતાઓને જામીન આપ્યા હતા. જેલમાં ઇમરાન ખાનની તબિયત લથડવા અંગે પણ અગાઉ અહેવાલો મળતા રહ્યા છે. તાજેતરમાં ઇમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીએ આરોપ લગાવ્યો છે કે તેમની સાથે જેલમાં અમાનવીય વર્તન કરવામાં આવી રહ્યું છે.

## ઉત્તર પ્રદેશમાં સગીરા પર બળાત્કાર ગુજારનાર યુવકને કોર્ટે ફટકારી ૨૦ વર્ષની સજા

બરેલી (ઉત્તર પ્રદેશ)ઃ ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં આવેલા બિશારતગંજ વિસ્તારમાં એક સગીરા પર બળાત્કાર ગુજારવાના આરોપમાં એક સ્થાનિક કોર્ટે એક વ્યક્તિને ૨૦ વર્ષની કેદની સજા ફટકારી છે. સહાયક જિલ્લા સરકારી વકીલ પ્રવીણ કુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે, સ્પેશિયલ પોક્સો જજ કુમાર મયંકે ૨૦ ઓગસ્ટના રોજ ૨૧ વર્ષીય વિકાસ યાદવને ૧૭ વર્ષની સગીરાનું અપહરણ કરીને તેના પર બળાત્કાર ગુજારવાના આરોપમાં સજા ફટકારી હતી. કોર્ટે દોષિતને ૨૮,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. આ ઘટના ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બની હતી. આરોપીઓ દ્વારા પીડિતાનું અપહરણ કરીને દિલ્હી લઈ જવામાં આવી હતી અને બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. બિશારતગંજ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ જાતીય ગુનાઓ સામે બાળકોના રક્ષણ (પોક્સો) અધિનિયમ અને અન્ય સંબંધિત કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

## સંભલ મંદિર-મસ્જિદ વિવાદઃ સુનાવણી ૨૮ ઑગસ્ટે

સંભલઃ ચંદૌસીની એક કોર્ટે હરિહર મંદિર-શાહી જામા મસ્જિદ વિવાદની સુનાવણી માટે ૨૮ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે. આ મામલો સિવિલ જજ (સીનિયર ડિવિઝન) આદિત્ય સિંહ સમક્ષ સુનાવણી માટે સૂચિબદ્ધ હતો.

મુસ્લિમ પક્ષે અલ્હાબાદ હાઇ કોર્ટમાં કેસની જાળવણીક્ષમતાને પડકારી છે. પરંતુ ૧૯ મેના રોજ હાઇ કોર્ટે નીચલી કોર્ટના નિરીક્ષણ હેઠળ સર્વેક્ષણને મંજૂરી આપતા આદેશને સમર્થન આપ્યું હતું અને કેસને આગળ વધારવાનો નિર્દેશ આપ્યો હતો. પત્રકારો સાથે વાત કરતાં શાહી જામા મસ્જિદના વકીલ કાસિમ જમાલે અરજી દાખલ કરવાની અને પૂજા અધિનિયમ અંગેના નિર્ણયની પુષ્ટિ કરી હતી.

વકીલે વધુમાં જણાવ્યું કે નિર્દેશ આપવામાં આવ્યો છે કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ કેસની સુનાવણી ન કરે ત્યાં સુધી તમામ ધાર્મિક કેસોની સુનાવણી અન્ય કોઇ કોર્ટમાં કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે જ્યારે સુપ્રીમ કોર્ટનો આદેશ હજી બાકી છે અને આગામી સુનાવણી સુધી સ્ટે મૂકવામાં આવ્યો છે ત્યારે કોઇ કેસની સુનાવણી ન થઇ શકે અને ન તો કોઇ કાર્યવાહી કરી શકાય છે. વકીલે કહ્યું કે જો આ સુનાવણી થાય તો તે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થશે.

પહેલા પાનાનું ચાલુ

### ઉપરાષ્ટ્રપતિપદના

અને આપણા બંધારણમાં દર્શાવેલ મૂલ્યો પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતાની ઊંડી ભાવના સાથે દાખલ કરું છું.''

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશે કૉંગ્રેસના મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી, એનસીપી (એસપી) વડા શરદ પવાર, એસપી નેતા રામગોપાલ યાદવ, ડીએમકેના તિરુચી શિવા, ટીએમસીના શતાબ્દી રોય, શિવસેના (યુબીટી)ના સંજય રાઉત, સીપીઆઈ (એમ)ના જોન બ્રિટાસ સહિત ટોચના વિપક્ષી નેતાઓની હાજરીમાં પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું.

નોંધણી દાખલ કર્યા પછી એક નિવેદનમાં રેડ્ડીએ સંકલ્પ લીધો હતો કે જો તેઓ ચૂંટાઈને આવશે તો ઉપરાષ્ટ્રપતિની ભૂમિકા નિષ્પક્ષતા, ગરીમા અને સંવાદ અને શિષ્ટાચાર પ્રત્યે અડગ પ્રતિબદ્ધતા સાથે નિભાવશે. તેમણે કહ્યું કે રાજ્યસભાના અધ્યક્ષ તરીકે ઉપરાષ્ટ્રપતિ સંસદીય લોકશાહીની સર્વોચ્ચ પરંપરાઓનું રક્ષણ કરવાની જવાબદારી નિભાવે છે.

રેડ્ડીએ રાજ્યસભાના સેક્રેટરી જનરલ સમક્ષ ચાર સેટ નોમિનેશન પેપર્સ રજૂ કર્યા, જે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે રીટર્નિંગ ઓફિસર પણ છે. ૧૬૦ જેટલા સાંસદોએ પ્રસ્તાવક અને સમર્થક તરીકે સહી કરી છે. આમાં ખડગે, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, ડિમ્પલ યાદવ, અખિલેશ યાદવ અને અન્ય ટોચના નેતાઓનો સમાવેશ થાય છે. દરેક સેટમાં ૨૦ ગૌણ પ્રસ્તાવકો પણ હોય છે. રિટર્નિંગ ઓફિસરે નામાંકન દસ્તાવેજોની ચકાસણી કરી અને રેડ્ડીને એક સ્લિપ આપી હતી. સંભવિત ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારે પોતાના નામાંકન પત્ર પર ઓછામાં ઓછા ૨૦ મતદારો દ્વારા પ્રસ્તાવક તરીકે અને ઓછામાં ઓછા ૨૦ મતદારો સમર્થક તરીકે ઉમેદવારી નોંધાવે છે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચૂંટણી મંડળમાં લોકસભા અને રાજ્યસભાના સભ્યોનો સમાવેશ થાય છે. રાજ્યસભાના નામાંકિત સભ્યો પણ મતદાન કરી શકે છે. ચૂંટણી મંડળની અસરકારક સંખ્યા ૭૮૧ છે અને બહુમતીનો આંકડો ૩૯૧ છે. શાસક પક્ષ એનડીએએ મહારાષ્ટ્રના રાજ્યપાલ સી પી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે, જેઓ તમિળનાડુના આરએસએસ પૃષ્ઠભૂમિ ધરાવતા ભાજપના અનુભવી નેતા છે. રાધાકૃષ્ણને બુધવારે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. શાસક પક્ષને ઓછામાં ઓછા ૪૨૨ સભ્યોનું સમર્થન છે.

### વિરોધ પક્ષના

મણિપુર ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (સુધારો) ખરડો, નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ અને નેશનલ એન્ટિડોપિંગ બિલ બહાલ કર્યા હતા. તદુપરાંત લોકસભાએ આવકવેરા ખરડો-૨૦૨૫, વેરા કાયદો (સુધારો) ખરડો, ભારતીય બંદર ખરડો-૨૦૨૫. ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) ખરડો-૨૦૨૫, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (સુધારો) ખરડો-૨૦૨૫ અને પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઑફ ઓનલાઈન ગેમિંગ બિલ મંજૂર કર્યાં હતાં.

રાજ્યસભાએ જે ખરડા મજૂર કર્યા હતા અથવા તો લોકસભાને પાછા મોકલાવ્યા હતા એમાં બિલ્સ ઑફ લેડિંગ બિલ,૨૦૨૫, ધ કેરિયેજ ઑફ ગૂડ્સ બાય સી બિલ-૨૦૨૫, કોસ્ટલ શિપિંગ બિલ,૨૦૨૫, મણિપુર ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ બિલ-૨૦૨૫, મણિપુર એપ્રોપ્રિયેશન બિલ( નંબર બે) બિલ-૨૦૨૫, મર્ચન્ટ શિપિંગ બિલ,૨૦૨૫ અને ગોવાના વિધાનસભા મતદારક્ષેત્રમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વમાં પુર્નગઠનનો ખરડાનો સમાવેશ થાય છે.

લોકસભા અને રાજ્યસભાને અનિયમિત કાળ માટે મોકૂફ રાખવામાં આવ્યા છે. છેલ્લા દિવસે ગૃહ સવારે અગિયાર વાગ્યે મોકૂફ રાખવામાં આવ્યું હતું.

ગૃહ બપોરના ૧૨ વાગ્યે મળ્યું ત્યારે બિરલાએ આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું હતું કે આખા સત્રમાં કાર્યવાહીમાં વારંવાર વિક્ષેપ પાડવામાં આવ્યો હતો.આ બધા માટે આત્મનિરીક્ષણનો સમય છે. એક મહિનાના સત્રમાં ઝાઝી ચર્ચા થઈ નહોતી. બિરલાએ એવી નોંધ લીધી હતી કે એજન્ડા ૪૧૯ ખાસ સવાલોને સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ વિક્ષોપોને લીધે ફક્ત પંચાવન સવાલ હાથ ધર્યા હતા. સત્રની શરૂઆતમાં આપણે બધાએ ૧૨૦ કલાક ચર્ચા કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ મડાગાંઠ અને વિક્ષેપને લીધે ફક્ત ૩૭ કલાક કામ થયું હતું. આખો દેશ સંસદમાં સભ્યોની વર્તણૂક અને કામગીરી નિહાળે છે. (એજન્સી)

### રશિયાનો યુક્રેન

જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ અને યુરોપિયન નેતાઓએ વ્હાઈટ હાઉસમાં યુક્રેનના રાષ્ટ્રપતિ સાથે બેઠક કરી હતી. ટ્રમ્પે જ તેમની હાજરીમાં પુતિન અને ઝેલેન્સ્કી વચ્ચે ત્રિપક્ષીય વાતચીતનું સૂચન કર્યું હતું.

સત્તાવાર આંકડાઓ અનુસાર, ડ્રોનથી કરાયેલો આ હુમલો સંખ્યાની દ્રષ્ટિએ રશિયાનો ત્રીજો સૌથી મોટો હવાઈ હુમલો હતો અને મિસાઇલોની દ્રષ્ટિએ આઠમો સૌથી મોટો હતો. મોટાભાગના રશિયન હુમલાઓમાં નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ગયા અઠવાડિયે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે અલાસ્કામાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે યુદ્ધના અંત માટે બેઠક કરી હતી.

વ્હાઇટ હાઉસની વાતચીત પછી રશિયાએ યુક્રેન પર લગભગ ૧,૦૦૦ લાંબા અંતરના ડ્રોન અને મિસાઇલો છોડી હતી. રશિયાનું કહેવું છે કે તેણે લશ્કરી–ઔદ્યોગિક સ્થળોને નિશાન બનાવ્યા છે. યુક્રેન અને યુરોપિયન નેતાઓએ પુતિન પર શાંતિ પ્રયાસોમાં અવરોધ ઊભો કરવાનો આરોપ લગાવ્યો હતો જેમાં યુક્રેનનો યુદ્ધવિરામનો પ્રસ્તાવ અને રશિયન નેતા સાથે બેઠક કરવાની ઝેલેન્સકીની ઓફરનો સમાવેશ થાય છે.

ઝેલેન્સકીએ રશિયાના હુમલાની નિંદા કરતા કહ્યું હતું કે તે ''એવું લાગે છે કે કંઈ બદલાતું નથી''. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ હુમલાઓમાં ''યુક્રેનિયન લશ્કરી–ઔદ્યોગિક સંકુલોને'' નિશાન બનાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે આ હુમલામાં ડ્રોન ફેક્ટરીઓ, સ્ટોરેજ ડેપો અને મિસાઇલ લોન્ચ સાઇટ્સ તેમ જ એ વિસ્તારો પણ હતા જ્યાં યુક્રેનિયન સૈનિકો એકઠા થયા હતા. રશિયાએ વારંવાર યુક્રેનના નાગરિકોને નિશાન બનાવવાનો ઇનકાર કર્યો છે.ઝેલેન્સકીએ કહ્યું હતું કે મોસ્કોએ યુદ્ધનો અંત લાવવા માટે અર્થપૂર્ણ વાટાઘાટો કરવાના કોઈ સંકેતો દર્શાવ્યા નથી. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને મોસ્કો પર વધુ મજબૂત દબાણ સાથે પ્રતિક્રિયા આપવા વિનંતી કરી હતી જેમાં કડક પ્રતિબંધો અને ટૅરિફનો સમાવેશ થાય છે.

રશિયાએ એક અમેરિકન ઇલેક્ટ્રોનિક્સ પ્લાન્ટ પર હુમલો કર્યો હતો. લગભગ બધી મિસાઇલો રશિયાની અંદરથી છોડવામાં આવી હતી. તે હંગેરીની સરહદ નજીક પશ્ચિમ યુક્રેન પહોંચી હતી. યુક્રેનના પશ્ચિમી શહેર લવિવમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ત્રણ ઘાયલ થયા હતા. હુમલામાં ૨૬ રહેણાક ઇમારતો, એક કિન્ડરગાર્ટન અને વહીવટી ઇમારતોને નુકસાન થયું હતું. પ્રાદેશિક કચેરીએ જણાવ્યું હતું કે ક્લસ્ટર દારૂગોળા સાથે ત્રણ રશિયન ક્રૂઝ મિસાઇલો શહેરમાં પડી હતી. યુક્રેનમાં અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ એન્ડી હંડરના જણાવ્યા અનુસાર, હંગેરિયન સરહદ નજીક એક યુએસ ઇલેક્ટ્રોનિક્સ પ્લાન્ટ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. ફ્લેક્સ ફેક્ટરી યુક્રેનમાં સૌથી મોટા અમેરિકન રોકાણોમાંનું એક છે. હુમલા સમયે ૬૦૦ કામદારો પરિસરમાં હતા અને તેમાંથી છ ઘાયલ થયા હતા.

### પ્રધાનોના જૂથે

સિન ગૂડ્સ ( સમાજને માટે હાનિકારક જણસ) પર ૪૦ ટકા વેરો લાદવાની દરખાસ્ત છે. પશ્ચિમ બંગાળનાં નાણાંપ્રધાન ચંદ્રીમા ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે મારા રાજ્યે સિન ગૂડ્સ અને કાર જેવા અલ્ટ્રા લકઝરી ગૂડ્સ પર ૪૦ ટકા જીએસટી પર લેવી નાખવાની ભલામણ કરી છે જેથી તેનો આર્થિક કલ્યાણનો હેતુ જળવાઈ રહે. ભટ્ટાચાર્યે કહ્યું હતું કે સરકારી દરખાસ્તમાં એનો ઉલ્લેખ નથી કે જીએસટીના નવા સ્લેબ લગાડવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારની મહેસૂલી આવકમાં કેટલું નુકસાન થશે.

હાલમાં જીએસટીમાં ચાર દર એટલે કે પાંચ, ૧૨, ૧૮ અને ૨૮ ટકા દરનું માળખું છે. ખાદ્યપદાર્થો પર શૂન્ય કે પાંચ ટકા વેરો તથા સિન અને લકઝરી ગૂડ્સ પર ૨૮ ટકાનો ટેક્સ લાગે છે. ૨૮ ટકાના સ્લેબ ઉપરાંત ડીમેરિટ અને લકઝરી ગૂડ્સ પર ૨૮ ટકા ઉપર વિવિધ દરનો સેસ પણ લાગે છે. (એજન્સી)

### પચાસ ટકા

મંત્રાલયને સુપરત કરવામાં આવ્યું છે. હાલમાં લઘુતમ પેન્શન એક હજાર રૂપિયા છે. પ્રધાને ગૃહમાં માહિતી આપી હતી કે ૩૧ માર્ચ ૨૦૨૫એ દોઢ હજારથી ઓછું પેન્શન મેળવનારા ૪૯,૧૫,૪૧૬ કામદારો હતા. આથી દર બીજા પેન્શનરને દોઢ હજારથી ઓછું પેનશન મળે છે. ચાર હજાર રૂપિયાથી ઓછું પેન્શન મેળવનાર કામદારો ૭૮,૬૯,૫૬૦ છે. મહિને છ હજારથી ઓછું પેન્શન મેળવનારાઓ ૮૦,૯૪,૯૪૯ છે (એજન્સી)

### રાજ્યસભાએ

આવી હતી. શાહે બુધવારે લોકસભામાં ત્રણેય બિલ રજૂ કર્યા હતા. નીચલા ગૃહે બિલોને સંસદની સંયુક્ત સમિતિ સમક્ષ મોકલવાનો ઠરાવ પણ પસાર કર્યો હતો જેમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સભ્યનો સમાવેશ થાય છે. સમિતિને નવેમ્બરના ત્રીજા સપ્તાહમાં બોલાવવામાં આવનારા શિયાળુ સત્રમાં ગૃહમાં પોતાનો અહેવાલ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# ‘એનડીએના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર રાધાકૃષ્ણનને ટેકો આપો’

## ફડણવીસે શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેને ફોન કરી જણાવ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવાર અને શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને ફોન કરી એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણનને ટેકો આપવા જણાવ્યું હતું.

એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) કૉંગ્રેસની સાથે મહારાષ્ટ્રમાં વિપક્ષ મહા વિકાસ અઘાડી (એમવીએ)નો ભાગ છે. ત્રણેય પક્ષ રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી ‘ઈન્ડિયા બ્લોક’ના ઘટક છે.

મહારાષ્ટ્રના રાજ્યપાલ રાધાકૃષ્ણન સત્તારૂઢ એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર છે, જ્યારે વિપક્ષી ગઠબંધન તરફથી સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ બી- સુદર્શન રેડ્ડી મેદાનમાં છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી નવમી સપ્ટેમ્બરે થવાની છે.

સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર પવાર અને ઠાકરે સાથે ટેલિફોનમાં થયેલી વાતચીત દરમિયાન ફડણવીસે રાધાકૃષ્ણન મહારાષ્ટ્રના રજિસ્ટર્ડ મતદાર છે એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો અને આગામી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમની ઉમેદવારી માટે તેમનો ટેકો માગ્યો હતો.

લોકસભામાં શિવસેના (યુબીટી)ના નવ અને એનસીપી (એસપી)ના ૧૦ સંસદ સભ્ય છે, જ્યારે રાજ્યસભામાં બંને પક્ષના બે-બે સભ્ય છે. (પીટીઆઈ)■



**આફતઃ**
મુશળધાર વરસાદને કારણે કરાડના કૃષ્ણા નદીના પાણીના સ્તરમાં વધારો થતા ખોડશી ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

# ૪૭.૩૨ કરોડ રૂપિયાના જીએસટી ક્રેડિટ ફ્રોડમાં વેપારીની ધરપકડ

થાણેઃ થાણેમાં ૪૭.૩૨ કરોડ રૂપિયાના જીએસટી (ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ) ક્રેડિટ ફ્રોડમાં કથિત ભૂમિકા બદલ વેપારીની ધરપકડ કરવામાં આવી હતી.

સેન્ટ્રલ જીએસટીના થાણે કમિશનરેટ દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આંતરિક સ્તરે વિકસિત ઈન્ટેલિજન્સ અને એડ્વાન્સ ડેટા એનાલિસીસ ટૂલ્સનો ઉપયોગ કરીને આ ફ્રોડ શોધી કાઢવામાં આવ્યું હતું. તપાસમાં જણાયું હતું કે વિવેક રાજેશ મૌર્યા દ્વારા ચલાવવામાં આવતી મેસર્સ કેએસએમ એન્ટરપ્રાઈઝીસ મારફત માલ અથવા સેવાઓનો વાસ્તવમાં પુરવઠો કર્યા વિના છેતરપિંડીથી આઈટીસીનો દાવો કરાયો હતો અને લાભ લેવામાં આવ્યો હતો.

અધિકારીના જણાવ્યા પ્રમાણે મૌર્યાના નિવાસસ્થાને ‘સર્ચ’ કરવામાં આવતાં બૅન્ક પાસબુક, ચેકબુક, મોબાઈલ ફોન અને અનેક છેતરામણી કંપનીઓ સાથે સંકળાયેલા દસ્તાવેજો સહિત ‘વાંધાજનક’ પુરાવા હસ્તગત કરાયા હતા.

આ મામલે ૧૯ ઑગસ્ટે મૌર્યાની ધરપકડ કરવામાં આવી હતી. તેને જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. મૅજિસ્ટ્રેટે તેને ૧૪ દિવસની અદાલતી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. આ પ્રકરણે વધુ તપાસ ચાલી રહી હોવાથી વધુ નામ સામે આવવાની શક્યતા અધિકારીએ વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)■

# પંઢરપુરમાં ચંદ્રભાગા નદીએ ભયજનક સપાટી વટાવી, ૩૫૦ પરિવારનું સ્થળાંતર



પંઢરપુરઃ ઉજની અને વીર ડેમમાંથી છોડવામાં આવેલા પાણીને કારણે પંઢરપુરની ચંદ્રભાગા નદીમાં પૂરની સ્થિતી સર્જાઇ છે અને ચંદ્રભાગા નદીએ ભયજનક સપાટી વટાવી છે અને તમામ મંદિરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. પૂરની સ્થિતિ સર્જાવાની કારણે નદી કિનારે આવેલી ઝૂંપડપટ્ટીઓમાં પાણી ઘૂસી જતાં ૩૫૦ પરિવારોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. કેટલાક ભાગોમાં પાણી પહોંચવાની શક્યતા હોવાથી ત્યાંના નાગરિકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી છે, એમ પાલિકાના મુખ્ય અધિકારી મહેશ રોકડેએ જણાવ્યું હતું.

પુણે જિલ્લામાં વરસાદ ઓછો થયો હોવા છતાં, ચંદ્રભાગા નદી પૂર જેવી સ્થિતિમાં છે. બુધવાર રાતથી વીર ડેમમાંથી પાણી છોડવામાં ધીમે ધીમે ઘટાડો કરવામાં આવ્યો છે. સવારે ૭ વાગ્યે નીરા નદીમાં ૧૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. બીજી તરફ ગુરુવારે સવારે ૧૦ વાગ્યે ઉજની ડેમમાંથી ભીમા નદીમાં ૧ લાખ ૪૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું.

મ્યુનિસિપલ વહીવટીતંત્રે બુધવાર રાતથી અહીં નદી કિનારા પર આવેલી ઝૂંપડપટ્ટીના નાગરિકોનું સ્થળાંતર કરવાનું શરૂ કરી દીધું છે. લગભગ ૩૫૦ પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઉજની ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. ■

# ગણેશોત્સવ પછી થાણેમાં ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી

## પહેલાં વીજળી અને પાણીપુરવઠો કાપી નખાશે

થાણે - થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં અત્યાર સુધી કરવામાં આવેલા સર્વેમાં ૯૦૯ ગેરકાયદે બાંધકામો મળી આવ્યા છે અને તેમાંથી ૨૨૭ બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ વિભાગ હાલમાં તહેવારની વ્યવસ્થામાં વ્યસ્ત હોવાથી, ગણેશોત્સવ પછી બાકીના ૬૮૨ ગેરકાયદે બાંધકામોને તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવશે. જોકે આ કાર્યવાહી પહેલાં મ્યુનિસિપલ વહીવટીતંત્રે આ બાંધકામોને વીજળી અને પાણી પુરવઠો કાપી નાખવાની સાથે નોટિસ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા કેટલાક વર્ષોથી થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં જમીન માફિયાઓ દ્વારા ગેરકાયદેસર બાંધકામો બનાવવામાં આવી રહ્યા છે જેમાં શીલ ખાતે ખાન કમ્પાઉન્ડમાં ૨૧ ગેરકાયદેસર ઇમારતોનો સમાવેશ થાય છે.

હાઈ કોર્ટના આદેશ પછી, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને ગેરકાયદેસર બાંધકામોને રોકવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરી છે અને ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવામાં આવી રહ્યા છે. આ ગેરકાયદેસર બાંધકામોની માહિતીનો અહેવાલ તાજેતરમાં હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. આ અહેવાલ મુજબ જાણવા મળ્યું છે કે થાણેમાં ૯૦૯ ગેરકાયદેસર બાંધકામો છે. જેમાંથી સૌથી વધુ ૭૪૦ ગેરકાયદેસર બાંધકામો દિવા, શીલ અને મુંબ્રા વિસ્તારોમાં છે.

આ બાંધકામો સામે કાર્યવાહી ગણેશોત્સવ પછી જ શરૂ થશે, એમ મ્યુનિસિપલ વહીવટીતંત્રે જણાવ્યું હતું, પરંતુ તે પહેલા વીજળી અને પાણી પુરવઠો કાપી નાખવામાં આવશે કારણ કે પોલીસ રક્ષણ વિના કાર્યવાહી કરવી શક્ય નથી, તેથી બાંધકામો સામે કાર્યવાહી ગણેશોત્સવ પછી જ શરૂ થશે. વોર્ડ સમિતિના સહાયક કમિશનરોને પાણી પુરવઠો કાપી નાખવા અને નોટિસ ફટકારવાની પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે, એમ મ્યુનિસિપલ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# દસમા ધોરણના વિદ્યાર્થીએ શેલ્ટર હોમમાં આત્મહત્યા કરી

થાણેઃ થાણેમાં દસમા ધોરણમાં ભણનારા ૧૭ વર્ષના વિદ્યાર્થીએ શેલ્ટર હોમમાં ઝેર ગટગટાવીને જીવનનો અંત આણ્યો હતો. થાણેના વર્તકનગર વિસ્તારમાં આવેલા શેલ્ટર હોમનો તે કેદી હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

વર્તકનગર પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર ૧૮ ઑગસ્ટે સાંજે ચાર વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી.

સગીર શેલ્ટર હોમ બિલ્ડિંગની અગાશી પર ગયો હતો, જ્યાં તેણે ઉંદર મારવાની દવા પીધી હતી. સગીરને સારવાર માટે પાલિકાની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન બુધવારે સવારે તેનું મૃત્યુ થયું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ વર્તકનગર પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. સગીરે કરેલી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# એડવોકેટ સાથે ૭.૫ લાખ રૂપિયાની છેતરપિંડીઃ પાંચ સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં પત્નીને શિક્ષિકાની કાયમી નોકરી અપાવવાને બહાને એડવોકેટ સાથે ૭.૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ પાંચ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. તિલકનગર પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર પાંચેય આરોપી મુંબઈના રહેવાસી છે, જેમાં બે મહિલાનો સમાવેશ છે. પાંચેય વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. મે, ૨૦૨૧થી ઑગસ્ટ, ૨૦૨૫ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી અને આ પ્રકરણે નોધાવાયેલી ફરિયાદને આધારે બુધવારે ગુનો દાખલ કરાયો હતો. કેસની તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. (પીટીઆઇ)■

SOMAIYA VIDYAVIHAR
K J Somaiya Institute of Technology
Somaiya TRUST
K J SOMAIYA INSTITUTE OF TECHNOLOGY
(Formerly known as K J Somaiya Institute of Engineering and Information Technology)
An Autonomous Institute Permanently Affiliated to University of Mumbai.
Accredited by NAAC (A)
Somaiya Ayurvihar Complex, Eastern Express Highway, Sion, Mumbai-400022.
Tel: 022-44444444, 022-44444408
Email: principal.tech@somaiya.edu • Web: https://kjsit.somaiya.edu.in/en
DTE Code: EN3209, Gujarati Linguistic Minority
F. Y. (B. TECH.) & M. TECH. (AI) ADMISSION NOTICE 2025-2026
K J. Somaiya Institute Technology (KJSIT) invites online applications for admissions to First Year (B Tech and M, Tech. (Artificial Intelligence) for Vacancies against CAP & CAP-MI seats, if any, after all CAP rounds. Please visit our Institute website https://kjsit.somaiya.edu.in/en for more details.

| Pre-admission form online submission & payment of Processing Fees of Rs. 1000/- | End Date |
|---|---|
| B. Tech. (First Year Engineering) | 03-09-2025 |
| M. Tech. (Artificial Intelligence) | 31-08-2025 |

Sd/-
Principal

# ગરબા ક્વીન ફાલ્ગુની પાઠક મુંબઈમાં ધૂમ મચાવવા તૈયાર



મુંબઇઃ ગરબા અને દાંડિયાની ધમાલ વગર નવરાત્રી અધૂરી રહે છે અને આ વખતે દાંડિયા ક્વીન ફાલ્ગુની પાઠક અને તેમનું ગ્રૂપ આ વર્ષે નવરાત્રીને યાદગાર બનાવવા માટે સજ્જ છે. આ વખતે નવરાત્રીનું આ ભવ્ય ઉજવણી થશે મુંબઈના જીયો વર્લ્ડ કોન્વેન્શન સેન્ટર ખાતે જ્યાં ભક્તિ, સંસ્કૃતિ અને સંગીતનો મેળાવડો જોવા મળશે.

ફાલ્ગુની પાઠક અને તેમની ટીમે તાજેતરમાં ભૂમિ પૂજનની વિધિ પૂર્ણ કરી હતી અને પરંપરાગત વિધિઓ સાથે ગરબાની ઔપચારિક શરૂઆત પણ કરી હતી, જે આગામી ઉત્સવ માટે શુભ સંકેતરૂપ સાબિત થઈ રહી છે.

ભૂમિ પૂજન સાથે શુભ આરંભ કરવામાં આવ્યો છે, જ્યાં ગરબા પ્રેમીઓ માટે સલામત અને સફળ નવરાત્રી માટે આશીર્વાદ મેળવવામાં આવ્યા. ફાલ્ગુનીબેન પાઠકના ગીતો લાઈવ પરફોર્મન્સ અને ઉજવણી લોકહૃદયમાં એવી છાપ છોડે છે કે તેઓ દર વર્ષે તેમના કાર્યક્રમની લોકો આતુરતાથી રાહ જુએ છે. એ જોઈને કહી શકાય કે નવરાત્રી ૨૦૨૫ ‘‘મહોત્સવ’’ બનશે.

ફાલ્ગુની પાઠકે ‘મુંબઈ સમાચાર’ સાથેની વિશેષ વાતચીતમાં જણાવ્યું કે આ પહેલો અવસર છે જ્યારે તેમનો કાર્યક્રમ ઈન્ડોર વેન્યુમાં યોજાશે, એટલે લોકો વિના અવરોધ રાત્રે પણ આરામથી ગરબે ઘૂમશે. આ વર્ષે કેટલાક નવા ગીતો પણ દર્શકો માટે લાવ્યા છે. લોકોનો પ્રેમ અને માતાજીની કૃપા અમારા માટે ’ગ્લુકોઝ સમાન છે. ■

# ફાર્મા કંપનીમાં નાઇટ્રોજન ગૅસ લિકેજઃ ચાર જણનાં મોત, બે ગંભીર

પાલઘરઃ પાલઘર જિલ્લામાં તારાપુર એમઆઇડીસી સાથે ફાર્માસ્યુટિકલ કંપનીમાં ગેસ લિકેજ થતાં ચાર કામગારનાં મોત થયાં હતાં, જ્યારે બે જણ ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. બોઇસર ઇન્ડસ્ટ્રિયલ એરિયામાં મેડલી ફાર્મામાં ગુરુવારે બપોરે ૨.૩૦થી ૩ વાગ્યા વચ્ચે આ ઘટના બની હતી. પાલઘર ડિઝાસ્ટર મેનેજમેન્ટે જણાવ્યું હતું કે કંપનીના યુનિટમાં બપોરે નાઇટ્રોજન રિએક્શન ટેન્કમાંથી ગેસ લિકેજ થતાં ત્યાં કામ કરી રહેલા છ કામગારને અસર થઇ હતી. તમામને નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં સાંજે ૬.૧૫ વાગ્યે ચાર જણનાં મોત થયાં હતાં. અન્ય બે જણની હાલત ગંભીર છે. મૃતકોની ઓળખ કલ્પેશ રાઉત, બંગાલી ઠાકુર, ધીરજ પ્રજાપતિ અને કમલેશ યાદવ તરીકે થઇ હતી. (પીટીઆઇ)■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨




પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭
માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.



## સંસ્થા સમાચાર

### શબ્દો જ તમને શણગારે, શબ્દો જ તમને સળગાવેઃ નમ્રમુનિ



ગિરનાર ધરા પર રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ભક્તિભાવ સાથે ઉજવાઈ રહેલા પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના દ્વિતીય દિવસે સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, પૂર્વ ભારત, ઉત્તર ભારત, દક્ષિણ ભારત આદિ અનેક ક્ષેત્રોથી પધારેલાં હજારો ભાવિકો ઉપરાંત વિદેશના અમેરિકા, લંડન આદિ ૧૦૦થી વધુ દેશોના હજારો ભાવિકો લાઈવના માધ્યમે જોડાઈને વચન યોગની દુર્લભતા અને એના યોગ્ય ઉપયોગનો કલ્યાણ બોધ પામી ધન્ય બન્યાં હતાં.

આત્માનું પરમ હિત કરાવી દેનારા અને આત્માનું અનર્થ થતાં બચાવી લેનારા અમૃત વચનો ફરમાવતાં પરમ ગુરુદેવે કહ્યું હતું કે, પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ તે માત્ર રાત્રિ પ્રતિક્રમણ કરવાનું કે માત્ર સવંત્સરીના દિવસે આલોચના કરવાનો અવસર નથી પરંતુ જ્યાં જ્યાં જે જે પાપ થઈ ગયાં છે એને યાદ કરીને પલ પલ પ્રતિક્રમણ અને પલ પલની આલોચના કરવાનો અવસર હોય છે.

કોઈની વાણી, કોઈના શબ્દો ફટકડી જેવા હોય જે સામેવાળાના દોષો- પાપોને હરી લેનારા હોય પણ કોઈના શબ્દો ફટાકડા જેવા હોય જે સામેવાળાને સળગાવી દેનારા હોય છે. કેટલાંકના શબ્દો એવા હોય જે બોલે તો પોતાના તો પાપકર્મ બંધાય પણ સામેવાળાના પણ પાપકર્મ બંધાવે અને કેટલાંકના શબ્દો પોતાના પણ પુણ્ય બંધ કરાવે અને સામેવાળાના પણ પુણ્ય બંધ કરાવે.

# જીએસબી ગણેશ મંડળે કઢાવ્યો ₹ ૪૭૪ કરોડનો વીમો

મુંબઈ : મુંબઈના પ્રખ્યાત અને સૌથી શ્રીમંત ગણેશ મંડળ જીએસબી સેવા મંડળે આ વર્ષે ગણેશોત્સવ માટે રેકોર્ડ બ્રેક ૪૭૪.૪૬ કરોડ રૂપિયાનો વીમો કરાવ્યો છે. આ રકમ ગયા વર્ષના ૪૦૦ કરોડના વીમા કરતા નોંધપાત્ર વધારે છે. સોના-ચાંદીની વસ્તુઓના વધેલા મૂલ્યાંકન અને વધુ સ્વયંસેવકો તેમજ પૂજારીઓની ભરતીને કારણે આ વધારો કરવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર જીએસબી સેવા મંડળે આ વર્ષે ૪૭૪.૪૬ કરોડ રૂપિયાની 'ઓલ રિસ્ક' વીમા પોલિસી લીધી છે, જેમાં સોના, ચાંદી અને રત્નોનો સમાવેશ થાય છે. આ વીમો ન્યૂ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ દ્વારા કરવામાં આવ્યો છે, જેમાં વ્યક્તિગત અકસ્માત, આગ, ભૂકંપ અને જાહેર જવાબદારી જેવા જોખમોનો સમાવેશ થાય છે. મંડળે નોન-ડિસ્કલોઝર એગ્રીમેન્ટનું કારણ આપીને પ્રીમિયમની રકમ જાહેર નથી કરી.

આ વીમામાં સૌથી મોટો હિસ્સો ૩૭૫ કરોડ રૂપિયાનો વ્યક્તિગત અકસ્માત વીમો છે, જે સ્વયંસેવકો, પૂજારીઓ, રસોઈયા, સેવકો અને સુરક્ષા ગાર્ડ્સને આવરે છે. સોના, ચાંદી અને રત્નોનો વીમો ૬૭ કરોડ રૂપિયાનો છે, ઉલ્લેખનીય છે કે, ૨૦૨૪માં ૪૩ કરોડ અને ૨૦૨૩માં ૩૮ કરોડ હતો. નોંધનીય છે કે આગ અને ભૂકંપ સહિતનો કુદરતી આફતના જોખમ વીમો બે કરોડ રૂપિયાનો છે, જે ગયા વર્ષો જેવો જ છે. આ ઉપરાંત, પંડાલો, સ્ટેડિયમ અને શ્રદ્ધાળુઓ માટે ૩૦ કરોડનો જાહેર જવાબદારી વીમો અને ૪૩ લાખ રૂપિયાનો આયોજન સ્થળનો વીમો બનાવવામાં આવ્યો છે.

# દાદરમાં ૨૭ લાખ રૂપિયાના સોનાની લૂંટના કેસમાં મુખ્ય આરોપી પકડાયો

થાણેઃ દાદરમાં ટૅક્સીને આંતરીને મારપીટ અને ધમકીને જોરે ૨૭ લાખ રૂપિયાના સોનાની લૂંટ ચલાવવાના કેસમાં પોલીસે દોઢ વર્ષે મુખ્ય આરોપીને પકડી પાડ્યો હતો.

માટુંગા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ નીલેશ અખિલેશ શ્રીવાસ્તવ (૩૨) તરીકે થઈ હતી. થાણે જિલ્લાના ટિટવાલા ખાતે રહેતો શ્રીવાસ્તવ દોઢ વર્ષથી ફરાર હતો અને પોલીસ તેની શોધ ચલાવી રહી હતી.

પોલીસના જણાવ્યા મુજબ લૂંટની ઘટના ૧૭ ડિસેમ્બર, ૨૦૨૩ની રાતે ૧૨.૧૫ વાગ્યે બની હતી. ફરિયાદી બલરામ કુમાર સિંહ સહકર્મચારીઓ સાથે ટૅક્સીમાં દાદર સ્ટેશન નજીકથી લોઅર પરેલ જઈ રહ્યો હતો. માર્ગમાં રામી હોટેલ સામે રસ્તામાં આરોપીઓએ ફરિયાદીની ટૅક્સીને રોકી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીઓએ મારપીટ કરી અને ધમકી આપીને ફરિયાદી પાસેની બૅગ ઝૂંટવી લીધી હતી. લૂંટ બાદ આરોપી ફરાર થઈ ગયા હતા. બૅગમાં અંદાજે ૨૭ લાખ રૂપિયાનું સોનું હતું.આ પ્રકરણે માટુંગા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળથી આરોપી જે માર્ગે ફરાર થયા હતા ત્યાંના ૨૦૦થી વધુ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી પોલીસે આરોપીઓની ઓળખ મેળવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી ઘટનાના ત્રણ દિવસમાં જ પોલીસે સાત આરોપીની ધરપકડ કરી હતી. તેમની પાસેથી બે લાખની રોકડ, સોનાની લગડી, છ કિલો કાસ્ટિંગ ગૉલ્ડ અને ફાયલિંગ ડસ્ટ જપ્ત કરવામાં આવી હતી.

જોકે મુખ્ય આરોપી શ્રીવાસ્તવ ફરાર થઈ ગયો હતો.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ખાખરના વનીતા મુલચંદ ગંગર (ઉં.વ. ૭૨) તા. ૧૯-૮-૨૫ના અવસાન પામેલ છે. વેજબાઈ નરશીના પુત્રવધૂ. સ્વ. મુલચંદના ધર્મપત્ની. મનીષ, મયુર, બીજલના માતુશ્રી. સાડાઉના જખીબેન રતનશી દેઢિઆના પુત્રી. કેશવજી, દેવશી, રવિલાલના, પત્રીના સાકર ગાંગજી, દેશલપુર (કંઠી)ના મંજુલા (મઠા) ચુનીલાલ, લુણીના સ્વ. મંજુલા (મણી) ખીમજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : છાયા ગંગર, ૧ ગેલેક્ષી, સેક્ટર-૨, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૩.

રામાણીયાના ચુનીલાલ સાવલા (ઉં.વ. ૮૧) તા. ૨૦-૮-૨૫ના અરિહંતશરણને પામેલ છે. તે લક્ષ્મીબેન શામજી ખેતશી સાવલાના પુત્ર. તારામતીના પતિ. નિલેશ, હિતેશ, રિનાના પિતા. કાંડાગરા પ્રભાબેન શાંતિલાલ રામજી, સંસાર પક્ષે દરિયાપુરી સંપ્રદાયના પ. પૂ. પ્રવિણાબાઈ મહાસતી, શાંતિલાલ, મનુના ભાઈ. ભીંસરાના જેઠીબાઈ લાલજી ગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હિતેશ સાવલા, ૧૦૪/એ, પર્ણ કુટિર, રામ મંદિરની સામે, એમ.બી. એસ્ટેટ, વિરાર (વે).

મોટી ઉનડોઠના રતનબેન નાનજી લખમશી નાગડા (ઉં.વ.૮૭) તા. ૨૦-૮-૨૫ના અવસાન પામેલ છે. નાનજીના પત્ની. રાણબાઈ લખમશીના પુત્રવધૂ. લહેરચંદ, જીતેશ, ગુણવંતી, રેખાના માતુશ્રી. ભોજાયના વેજબાઈ ખેરાજ મણશી ગાલાની પુત્રી. નાગજી, હાંસબાઈ, હીરબાઈ, પુષ્પા, જયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. ઠે. લહેરચંદ નાનજી, ૧૦૧, યશ પ્લાઝા, દીનદયાલ ક્રોસ રોડ, ડોંબિવલી (વેસ્ટ).

કાંડાગરાના દિનેશ કલ્યાણજી છેડા (ઉં.વ. ૬૩) તા. ૨૦-૮ના અવસાન પામેલ છે. માતુશ્રી નાનબાઇ કલ્યાણજી કોરશીના પુત્ર. મધુના પતિ. અશ્વીની અને જીનલના પિતા. દીલીપ, ભરત, ધીરજ, કસ્તુરના ભાઇ. દેશલપર માતુશ્રી કસ્તુરબાઇ કેશવજી ખીમજી ગાલાના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. એ. દિનેશ કલ્યાણજી છેડા, ડી-૧૧૧, અંબાજી ભુવન, આ.સી.માર્ગ, ચેમ્બુર, મું. ૭૧.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભરૂડિયાના પુનશી માડણ નારણ ફરીયા (ઉં.વ. ૫૭) બુધવાર, તા. ૨૦-૮-૨૫ના રોજ અવસાન પામેલ છે. ગં.સ્વ. કરમાબેન માડણના સુપુત્ર. પ્રિતીબેનના પતિ. સ્વ. મોનીકા, મેહુલ, ખુશીના પિતા. હેમરાજ, પ્રેમજી, અમરશી, મણી, નવીન, સ્વ. પ્રભા, સુરેશ, ઉગમશી, ધરમશી મધુના ભાઈ. ગં.સ્વ. મણીબેન આશદીરના જમાઈ. પ્રાર્થના તા. ૨૨-૮-૨૫ શુક્રવાર સમય સવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. શ્રી થાણા વર્ધમાન સ્થા.જૈન શ્રાવક સંઘ, નોકાવિહારની સામે, થાણા-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના ચુનીલાલ ગોપાલ ગાલા (ઉં.વ. ૬૮) સોમવાર, તા. ૧૮-૮-૨૫ના રોજ અવસાન પામેલ છે. સ્વ. શાંતીબેન ગોપાલના સુપુત્ર. પ્રેમિલાબેનના પતિ. કિંજલ, રિંકલ, મયંકના પિતાશ્રી. દિપેશ, રાહુલના સસરા. દર્શ, ધિયાંશીના નાના. સ્વ. મોંઘીબેન કરશન નિસરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ૧૯૫/એ, રૂમ નં.૧૩, અગ્રવાલ બિલ્ડીંગ, કાલીના.

## પારસી મરણ

શેરનાઝ શાપુર ઇરાની તે મરહુમ શાપુર અસ્પનદીયાર ઇરાનીના વિધવા. તે મરહુમો પોરીન તથા ખુશરૂ બમન ઇરાનીના દીકરી. તે તેમીના, કુરૂશ ને મેહરઝાદના મમ્મી. તે અરીશ ને પીનાઝના સાસુજી. તે રસ્તો, દીનાઝ ને મરહુમ બોમીના બહેન. (ઉં. વ. ૭૩) રે. ઠે. સ્ટેશન ટેરેસ, ભોંયતળિયે, સ્લેટર રોડ, રૂમ.નં. ૧૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૮-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે ગ્રાન્ટ રોડ મધે મીઠાઇવાલા અગિયારીમાં.

મેહેલ્લી કાવસજી એન્જિનિયર તે આરમીન મેહેલ્લી એન્જિનિયરના ધણી. તે મરહુમો નાજામાય તથા કાવસજી એન્જિનિયરના દીકરા. તે ફરહાન ને રયોમંદ એન્જિનિયરના પપ્પા. તે મીનું, જાંગુ તથા મરહુમો રૂમી, દારા, બેપ્સી, નોશીર, દીનાના ભાઇ. તે નરીમાન ઇરાનીના બનેવી. તે મરહુમો હોમાય તથા બહાદુરજી કૈખશરૂ પટેલના જમાઇ. (ઉં. વ. ૭૦) રે. ઠે. ૮૭૬, ફ્લેટ નં-૭, ૨જે માળે, ખરેઘાટ રોડ, દાદર (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૮-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે દાદર મધ્યે નારીયલવાલા અગિયારીમાં.

## હિન્દુ મરણ

**હિન્દુ**

સ્વ. મોહનભાઇ ધીરુભાઇ બાબર ગુરૂવાર તા. ૨૧-૮-૨૫ના રામશરણ પામેલ છે. તે ગં. સ્વ. સવિતાબેન મોહનભાઇ બાબરના પતિ. તેમ જ મનોજ, જીતુ, મનિષાના પિતાશ્રી. તે દેવજીભાઇ, ધીરુભાઇ બાબર અને સ્વ. કાનજીભાઇ ધીરુભાઇના મોટાભાઇ. ગામ જીરાગઢ હાલ ઘાટકોપર (મુંબઇ) તેમનું બેસણુ તા. ૨૩-૮-૨૫ શનિવારે વિરેશ્વર મહાદેવ મંદિર, પ્લોટ નં. ૨૨, એમ. જી. રોડ, સીંધુવાડીની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૪.૩૦થી ૬.૩૦.

રાજકોટ નિવાસી ગં. સ્વ. રમાબેન દયાળજીભાઇ ભાડેશિયા (ઉં. વ. ૭૮) તે દિપકભાઇ દયાળજીભાઇ ભાડેશિયા તથા રશ્મિબેન દિલીપભાઇ વિરમગામા તથા કુસુમબહેન હિતેશકુમાર કરગથરાના માતુશ્રી. તે મનીષાબેન દિપકભાઇ ભાડેશિયાના સાસુ તા. ૨૦-૮-૨૫ બુધવારના રામચરણ પામેલ છે. બેસણું તા. ૨૨-૮-૨૫ શુક્રવારે સાંજે ૪થી ૫.૩૦. ઠે. સોમનાથ મંદિર, રણુજા મંદિરની પાછળ, કોઠારીયા મેઇન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**નવગામ ભાટીયા**

ટંકારા નિવાસી હાલ મુંબઇ (સાયન) સ્વ. પ્રકાશ વેદ (ઉં. વ. ૭૨) તે સ્વ. નલીનીબેન બાબુભાઇ વેદના દિકરા તથા સ્વ. કિરણભાઇ અને સ્વ. ઇલાબેનના ભાઇ. સ્વ. પ્રીતીબેન વેદના પતિ. તથા પ્રિયંકા દેવાંગ આશર અને પાયલ અંક્તિ શાહના પપ્પા. રિયાન અને ધ્યેયના નાના. સ્વ. પ્રવીણચંદ્ર સરૈયાના જમાઇ તા. ૧૯-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**અનાવિલ**

ગામ વલવાડા હાલ પૂના નિવાસી સ્વ. અ. સૌ. પલ્લવીબેન (ઉં. વ. ૬૯) તે દિનેશભાઇના પત્ની. સ્વ. વજયાબેન તથા સ્વ. ગોવિંદજી ભુલાભાઇના પુત્રવધૂ. યેશાના માતા. સાહિલકુમારના સાસુજી. શ્રેયાંસના નાની. દોલતભાઇના વહુ. ગીતાબેનના દેરાણી. ચંદનબેન ગુણવંતરાય, નયનાબેન ઉદયકુમાર, ભારતીબેન કિર્તીકુમારના ભાભી. ગામ પલસાણાના સ્વ. ઇન્દુબેન તથા સ્વ. ભીમભાઇ લલ્લુભાઇ જોષીના પુત્રી. સ્વ. પ્રદીપભાઇ, કૌશિકાબેનના બેનનું તા. ૨૧-૮-૨૫ના અવસાન થયેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૪-૮-૨૫ બપોરે ૩થી ૫. ઠે. કોરા કેન્દ્ર હોલ, શિંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ), ખાતે રાખેલ છે, લૌકિક રિવાજ બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગામ ધ્રાંગધ્રા હાલ મુલુંડ નરેન્દ્રભાઇ શિવલાલ ત્રિકમાણી (ઉં.વ. ૭૯) તા. ૨૦-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શિવલાલ તુલસીદાસ ત્રિકમાણી તથા સ્વ. ગૌરીબેન શિવલાલ ત્રિકમાણીના પુત્ર તથા ઉષાબેનના પતિ. બારીનના પિતા. વીણાના સસરા. તે સ્વ. અનસુયાબેન રમણીકલાલ રાવલના જમાઇ. તે સ્વ. જયોતિન્દ્રભાઇ, સ્વ. અરુણભાઇ, સ્વ. સંધ્યાબેન દિલીપ ભટ્ટ અને પ્રકાશ રાવલના બનેવી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

હાલ કાંદિવલી નિવાસી નલિની પણીયા (ઉં.વ. ૯૧), તે સ્વ. મણીબેન (પોનાબાઇ) દામોદર પણીયાના પુત્રી. ઘનશ્યામભાઈ (કાકુજા) તેમજ લક્ષ્મી અશોક ભાટિયાના મોટાબેન. ચંદ્રિકા ઘનશ્યામભાઈ પણીયાના નણંદ. પુનિતના ફઈ. વિશાલ તેમજ જ્યોતિકાના માસી, તા. ૧૬-૮-૨૫ શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

અમરેલી નિવાસી હાલ મલાડ કુ. ઝરણાબેન (ઉં.વ. ૭૨), તે સ્વ. શારદાબેન તથા હરિલાલ ભગવાનજી પરીખના સુપુત્રી. તે શ્રીલેખા ગાંધી, રેખા ભણસાલી, અસ્મિતા, ભરત અને સ્વ. શૈલેષના બહેન તથા ભારતી ભરત પરીખના નણંદ તથા સ્વ. મનોરંજન ગાંધી અને વિરેન્દ્ર ભણસાલીના સાળી તથા સૌરભ, રૂપાલના ફૈબા તથા મનશ્રી, મિલોની, ચિંતન અને કુલીનના માસી તા. ૨૦/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મુંબઈ નિવાસી મધુભાઇ (મહેશભાઈ) અમૃતલાલ ભીન્ડે (ઉં.વ. ૭૫), તે સ્વ. મહાલક્ષ્મીબેન અમૃતલાલ માવજીભાઇ ભીન્ડેના સુપુત્ર. તે સ્વ. હર્ષદભાઇ તથા ગં.સ્વ. જાનકીબેન (દક્ષાબેન), વિક્રમભાઇ સુચક અને મનોજભાઈના ભાઈ. તે સ્વ. ઉર્વશીબેન તથા નયનાબેનના જેઠ. તે હિરેન -પ્રિયા તથા બિજલ -નિમિષના કાકા, મંગળવાર, તા. ૧૯-૮-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ નથી.

**દશા સોરઠીયા વણીક**

સરધાર નિવાસી હાલ વિલે પારલે, કિશોરભાઈ પારેખ (ઉં.વ. ૮૪) તા. ૨૦/૮/૨૫ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મોહનલાલ ગુલાબચંદ પારેખના પુત્ર. હસુમતીબેનના પતિ. કીર્તિદા નરેન્દ્રકુમાર શાહ, રાજીવ તથા બ્રિજેશના પિતા. નીતા તથા સ્વ. અલકાના સસરા. સ્વ. ઇન્દિરાબેન રણછોડદાસ શાહ, સ્વ. ભૂપતરાય તથા સ્વ. લીલીબેન છોટાલાલ ધ્રુવના ભાઈ. સ્વ. નાથાલાલ પુરુષોત્તમદાસ કાચલીયાના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

છેલ્લા પાનાનું ચાલુ

### સાડા-ત્રણ મહિનામાં

રાજકીય અર્થ કાઢવો નહીં.

બારમી જૂનના રોજ રાજ ઠાકરે અને ફડણવીસની મુલાકાત બાંદ્રા બેન્ડ સ્ટેન્ડ પર આવેલી તાજ લેન્ડસ એન્ડ હોટેલમાં થઈ હતી. આ ફાઈવ સ્ટાર હોટલમાં બંને વચ્ચે શું ચર્ચા થઈ હતી તે હજી સુધી કોઈએ જાહેર કર્યું નથી. આ મુલાકાત પછી રાજ્યમાં હિન્દીમાં શિક્ષણનો વિરોધ ચાલુ થયો હતો અને પાંચમી જુલાઈના રોજ બંને ઠાકરે બંધુઓ એક મંચ પર જોવા મળ્યા હતા.

ગુરુવારે એકવીસમી જુલાઈના રોજ રાજ ઠાકરે મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસ સ્થાન વર્ષા બંગલો પર સવારે મળવા પહોંચી ગયા હતા અને આ મુલાકાત ટ્રાફિકના મુદ્દે હતી એવો ખુલાસો કર્યો હતો. આ મુલાકાત લગભગ દોઢ કલાક ચાલી હતી.

વાસ્તવમાં એવું માનવામાં આવી રહ્યું છે કે ઠાકરે બ્રાન્ડનો પ્રયોગ બેસ્ટની ક્રેડિટ સોસાયટીમાં નિષ્ફળ ગયા બાદ રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે રાજ ઠાકરે કદાચ ભાજપની સાથે આવવાનો વિચાર કરી શકે છે.

### વરસાદી વિઘ્નિના

પરના ફ્લાયઓવર, રોડ અને અન્ય ચાલી રહેલા કામોને કારણે બધે કાદવ-કીચડ સર્જાયો છે.

આ સમસ્યાઓના કારણે વાહન માલિકો માટે રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બની રહ્યું છે અને ટ્રાફિક ધીમો પડ્યો છે.

મુખ્યત્વે આ માર્ગ પરથી મોટી સંખ્યામાં વાહનો દોડતા હોવાથી સવારના ધસારાના સમયે ટ્રાફિક જામ વધુ હોય છે. ખાસ કરીને ઘોડબંદરના સગનાઈ નાકા (છત્રપતિ શિવાજી મહારાજના નવા સ્ટેચ્યુ વિસ્તાર) પાસે વાહનોની લાંબી કતારો જોવા મળે છે. પરિણામે મીરા-ભાયંદર શહેરના અંદરના વિસ્તારોમાં જતા માર્ગો પર પણ ટ્રાફિક જેમ થવાની ફરિયાદ નાગરિકોએ કરી છે.

મીરા ભાયંદર-વસઈ વિરાર પોલીસ કમિશનરેટમાં મુંબઈ-અમદાવાદ હાઇવેની જવાબદારી સ્થાનિક પોલીસ વહીવટીતંત્રને સોંપવામાં આવી છે. તેમ છતાં મુસાફરોએ ફરિયાદ કરી છે કે હાઇવે પર એક પણ ટ્રાફિક અધિકારી દેખાતો નથી. બીજી તરફ પોલીસ વહીવટીતંત્રે દાવો કર્યો છે કે હાઇવે અને ઘોડબંદર રોડ પર ઘણા પોલીસ અધિકારીઓ તહેનાત કરીને ટ્રાફિકને સુગમ બનાવવા માટે કામ ચાલી રહ્યું છે.

### મુંબઈમાં થયેલી

માગણી કરી છે.

થાણેમાં સાર્વજનિક ગણેશોત્સવ અને નવરાત્રોત્સવ મંડળો તરફથી પાલિકા અને પોલીસ દ્વારા મંડપ બાંધવા માટે વસૂલ કરવામાં આવતી ફીને રદ કરવાની માગણી કરવામાં આવી હતી. સ્થાનિક સાંસદે પણ થાણે, ઉલ્હાસનગર, કલ્યાણ-ડોંબિવલી મહાપાલિકા અને અંબરનાથ પાલિકાને ફી રદ કરવાની માગણી કરતો પત્ર લખ્યો હતો.

મંડળોની માગણીને ધ્યાનમાં રાખીને સ્થાનિક પ્રશાસને આગામી ગણેશોત્સવ અને નવરાત્રી મંડળો પાસેથી વસૂલ કરવામાં આવતી મંડપ ફીને માફ કરવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયથી અંબરનાથ, ઉલ્હાસનગર, વિઠ્ઠલવાડી, કલ્યાણ-ડોંબિવલી, ઠાકુર્લ,ી કોપર, દિવા, કલવા, મુંબ્રા તેમ જ થાણેના મંડળોને રાહત મળશે.

### ગણપતિબાપ્પા માટે ઘરબેઠા મોદક મળશે

સાર્વજનિક શ્રીગણેશોત્સવ માટે મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત મહિલા બચત ગટ તરફથી 'મોદક મહોત્સવ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મુંબઈગરાને તેમના લાડકા ગણપતિબાપ્પા માટે ઘરબેઠા મોદકની ડિલીવરી મળશે. પાલિકાના આ મોદક મહોત્સવ અંતર્ગત https://shgeshop.com વેબસાઈટ પર ૨૧ ઑગસ્ટ ૨૦૨૫થી ૨૫ ઑગસ્ટ, ૨૦૨૫ દરમ્યાન મુંબઈગરા મોદક માટે રજિસ્ટ્રેશન કરી શકશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન કર્યા બાદ ગણેશોત્સવના પહેલા જ દિવસે એટલે કે ૨૭ ઑગસ્ટના મોદક ઘરે પહોંચાડવામાં આવશે

### કોંકણ જતા ભાવિકોને ટોલ માફી

ગણેશોત્સવ દરમિયાન કોંકણ જતા ગણેશ ભક્તો માટે નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ મોટી રાહત આપતો નિર્ણય લીધો છે. ૨૩ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર સુધી, ગણેશોત્સવ માટે કોંકણ જતા વાહનો અને એસટી બસોને મુંબઈ-બેંગલુરુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ, મુંબઈ-ગોવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ તેમજ જાહેર બાંધકામ વિભાગ અને મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી)ના અધિકારક્ષેત્ર હેઠળના રસ્તાઓ પર ટોલ માફી મળશે.

આ માટે 'ગણેશોત્સવ ૨૦૨૫ - કોંકણ દર્શન' નામનો એક ખાસ ટોલ માફી પાસ જારી કરવામાં આવશે અને તેના પર વાહન નંબર અને વાહન માલિકની માહિતી નોંધવામાં આવશે. આ પાસ સંબંધિત પ્રાદેશિક પરિવહન અધિકારી, પોલીસ અને પરિવહન વિભાગ પાસે ઉપલબ્ધ રહેશે. પરતની યાત્રા માટે પણ આ જ પાસ સ્વીકારવામાં આવશે.

આ નિર્ણયથી કોંકણ જતા લાખો શ્રદ્ધાળુઓને મોટી રાહત મળશે.

### શિંદે-સેના થાણેમાં

કમિશનર આ પ્રોજેક્ટ માટે ઉતાવળ કરવા માગતા ન હોવાનું જાણવા મળ્યું હતું. થાણે શહેરમાં દિવસેને દિવસે વધી રહેલી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે થોડા સમય પહેલા ઘોડબંદર રોડના ભાયંદરપાડાથી વિહંગ હિલ્સ ચોક સુધીના રોડ પર પ્રાયોગિક ધોરણે પૉડ ટૅક્સી પ્રોજેક્ટ ઊભો કરવાની જાહેરાત પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે કરી હતી. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે આ પ્રોજેક્ટ ઊભો કરવામાં આવશે એ પાલિકા અથવા રાજ્ય સરકાર એક પણ પૈસો ખર્ચ કરશે નહીં એવી સ્પષ્ટતા પણ આ સમયે તેમણે કરી હતી. આ પ્રોજેક્ટનું પ્રેઝેન્ટેશન ગુરવારે થાણે પાલિક મુખ્યાલયમાં સંબંધિત કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં પ્રતાપ સરનાઈક સહિત થાણે પાલિકા, એમએમઆરડીએના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં પૉડ ટૅક્સી કંપનીના પ્રતિનિધિએ પ્રોજેક્ટનું પ્રઝેટેશન આપ્યું હતું, લગભગ બાવન કિલોમીટર લંબાઈના માર્ગ પર રહેલા પૉડ ટૅક્સી પ્રોજેક્ટમાં લગભગ ૬૩ સ્ટેશન હશે. તેમ જ તેના દર પણ પરવડે એવા પ્રતિ માણસે ૩૦ રૂપિયા હશે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ઊભા કરવામાં આવનારા આ પ્રોજેક્ટમાં એક હજાર કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત હોઈ પહેલા તબક્કામાં ભાયંદર પાડાથી કાપૂરબાવડી સુધી સેવા ચાલુ કરવાનો વિચાર છે.

પૉડ ટૅકસી પ્રોજેક્ટના પ્રેઝેન્ટેશન બાબતે પાલિકા કમિશનર સૌરભ રાવે કહ્યું હતું કે પાલિકા આ પ્રોજેક્ટના વિરોધમાં નથી પણ કેન્દ્ર અને રાજ્ય સરકારની માન્યતા સિવાય આટલો મોટો પ્રોજેક્ટનો ખર્ચ પાલિકા માટે શક્ય નથી. કેન્દ્ર સરકારની માન્યતા બાદ જ આ પ્રોજેક્ટ અમલમાં લાવી શકાશે. પીઓપી ધોરણ પર રહેલા આ પ્રોજેક્ટના હાલ મોનોરેલ જેવા થાય નહીં અને કરોડો રૂપિયાનો ખર્ચ વેડફાઈ નહીં તેના ચિંતા થાણે પાલિકા કમિશનરને સતાવી રહી છે પણ શિંદે સરકારના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક પૉડ ટૅકસી પ્રોજેક્ટ શરૂ કરવા ઉતાવળિયા થયા છે. તેઓ ફટાફટ ઉદ્‌ઘાટન કરીને પ્રોજેક્નું કામ ચાલુ કરવા માગે છે પણ આવશ્યક મંજૂરી વગર પાલિકા કમિશનર આગળ વધવાના મુડમાં નથી.

### નકલી એમઓયુ

હતું. શેરસિંહ રાઠોડની કથિત ગેરરીતિઓમાં ભૂમિકા સામે આવ્યા બાદ આર્થિક ગુના શાખાએ બોરીવલી ખાતેથી તેને ઝડપી પાડ્યો હતો. શેરસિંહ રાઠોડની ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા આરોપીની સંખ્યા હવે ત્રણ થઇ છે. આ કેસમાં અગાઉ બે વચેટિયા કેતન કદમ અરુણ કદમ અને જય અશોક જોશીની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ રાઠોડે મીઠી નદીમાંથી ગાળ કાઢવા માટે ૨૦૨૧-૨૨માં પાલિકા પાસેથી કોન્ટ્રેક્ટ મેળવ્યો હતો. બાદમાં ગાળનો નિકાલ કરવા માટે તેણે જમીનમાલિકો સાથે સમજૂતી કરાર કર્યા હતા. જોકે એ દસ્તાવેજો બોગસ હોવાનું તપાસમાં જણાયું હતું. આટલું ઓછું હોય તેમ રાઠોડે મૃત વ્યક્તિને જમીનમાલિક દર્શાવવા બોગસ હસ્તાક્ષર પણ કર્યા હતા. ઉપરાંત રાઠોડે મેટપ્રોપ કંપનીનાં સ્લિટ પુશર મશીન અને મલ્ટિપર્પઝ એમ્ફિબિયસ પોન્ટૂન મશીન લીઝ પર લેવા માટે વચેટિયા કેતન કદમ સાથે પણ સમજૂતી કરાર કર્યા હતા અને કોન્ટ્રેક્ટ મેળવવા માટે પાલિકાને એ દસ્તાવેજો સુપરત કર્યા હતા.

રાઠોડે મીઠી નદીમાંથી ગાળ કાઢીને તેનું વહન કરવા માટે વાહનોનો ઉપયોગ કરાયો એવું ખોટી રીતે દર્શાવવા માટે ડમ્પરોની યાદી પાલિકાને સુપરત કરી હતી. જોકે વાસ્તવમાં રાઠોડે વિવિધ સ્થળેથી કાટમાળ ભેગો કર્યો હતો અને તેનું પરિવહન કર્યું હતું. જેને બાદમાં મીઠી નદીમાંથી કાઢેલા ગાળ તરીકે બતાવવામાં આવ્યું હતું.

આમ રાઠોડે ગાળ તો કાઢ્યો નહોતો, તેમ છતાં બોગસ બિલ રજૂ કર્યા હતા અને પાલિકા પાસેથી છેતરપિંડીથી ૨૯.૬૨ કરોડ રૂપિયા મેળવ્યા હતા.

નોંધનીય છે કે આર્થિક ગુના શાખાએ આ કૌભાંડ સંદર્ભે ફિલ્મ અભિનેતા ડિનો મોરિયા અને તેના ભાઇની અગાઉ પૂછપરછ કરી હતી.

મીઠી નદીમાંથી ગાળ કાઢવા માટે ૨૦૧૭-૨૦૨૩ સુધી જારી ટેન્ડરોમાં ૬૫.૫૪ કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવા પ્રકરણે મુંબઈ પોલીસે મે મહિનામાં પાલિકાના અધિકારીઓ, કોન્ટ્રેક્ટરો સહિત ૧૩ જણ સામે ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

### વરસાદનો લાભ

આધારિત ટેક્સી બુક કરી ઘરે જલદી પહોંચવાના પ્રયાસ કર્યા હતા, ત્યારે ટ્રેન બંધ હોવાનો ગેરફાયદો ઉઠાવીને ઍપ આધારિત ટૅક્સી કંપનીઓ પ્રવાસીઓ પાસેથી મોટાભાડા વસૂલ કરીને રીતસરની લૂંટ મચાવી હતી. મુંબઈગરાની ફરિયાદ બાદ પરિવહન વિભાગે આકરા પગલા લેવાનો નિર્દેશ આપ્યો હતો. રિજનલ ટ્રાફિક ઓફિસ દ્વારા છેલ્લા બે દિવસમાં આવી સંસ્થાઓ સામે આકરી કાર્યવાહી કરી હતી, જેમાં ૧૪૭ ઍપ આધઆરિત ટેક્સી સામે કાર્યવાહી કરી હતી, તેમાંથી ૩૬ ટેક્સીવાળાએ પ્રવાસી પાસેથી મોટાભાડા વસૂલ કર્યા હતા. જયાં ૨૦૦ રૂપિયાનુંભાડું થતું હતું તેની સામે ૬૦૦થી ૮૦૦ રૂપિયાનું ભાડું વસૂલ કરવામાં આવ્યું હતું. તેથી રાજ્યના પરિવહન પ્રધાન પ્રતિકૂળ પરિસ્થિતિમાં પ્રવાસીઓને લૂંટનારી ઍપ આધારિત ટેક્સી કંપનીઓના આવશ્યક જણાય તો લાઈસન્સ રદ કરવાનો નિર્દેશ પણ ટ્રાન્સપોર્ટ કમિશનરને આપ્યો હતો.

ટ્રાન્સપોર્ટ કમિશનરની સાથે જ મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતી સાથે ચર્ચા કરીને પોલીસના સાયબર સેલ તરફથી ગેરકાયદે ભાડા વસૂલ કરનારી ઍપ આધાતિર ટૅક્સી સર્વિસ આપનારી કંપની સામે પગલા લેવાની સૂચના પણ આપી હતી.

### શિવસેના (યુબીટી)

ઠાકરેની મહાયુતિના નેતા સાથેની મુલાકાતથી શિવસેના (યુબીટી)-મનસે ગઠબંધનની સંભાવનાઓ અંગે શંકા ઉપસ્થિત થઈ રહી છે અને એવી અફવાઓ પણ જોર પકડી રહી છે કે ટૂંકા ગાળાના સમાધાનનો હવે અંત આવી શકે છે.

જોકે તેમની વચ્ચે બંધબારણે યોજાયેલી બેઠકમાં શું વાતો થઈ તે સ્પષ્ટ નથી, પરંતુ ફડણવીસ સાથે રાજ ઠાકરેની મુલાકાત દોઢ કલાકથી વધુ ચાલી હતી. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, મનસે નેતા બાળા નંદગાંવકર પણ રાજ ઠાકરે સાથે હતા.

બેસ્ટની ક્રેડિટ સોસાયટીની ચૂંટણીમાં બંને ઠાકરે બંધુઓ દ્વારા સંયુક્ત રીતે ઉભી કરેલી પેનલ એક પણ બેઠક જીતી શકી નહોતી. ઉદ્ધવ ઠાકરેની ઉત્કર્ષ પેનલ અને રાજ ઠાકરેના ગઠબંધનને ચૂંટણીમાં ભાજપની પેનલના હાથે ખરાબ હારનો સામનો કરવો પડ્યો હતો, જેને મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા 'ઠાકરે બ્રાન્ડ' માટે એક અગ્નિપરીક્ષા માનવામાં આવતી હતી. રાજે બાદમાં આ મુલાકાત અંગે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તેઓ મુંબઈની ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે મુખ્ય પ્રધાનને મળ્યા હતા. તેમણે ફડણવીસને કટોકટીનો ઉકેલ લાવવા માટે એક યોજના આપી હોવાનું જણાવતા કહ્યું હતું કે, રાજ ઠાકરેએ કહ્યું કે આ બેઠક રાજકીય નહોતી પરંતુ નગર આયોજન અને ટ્રાફિક સમસ્યાઓને ઉકેલવા માટે હતી, ખાસ કરીને ગ્રેટર મુંબઈમાં ૪૦૦ મીમી વરસાદ બાદ. 'મેં અને મારા સાથીઓએ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરી હતી. વિષય મુંબઈ સહિત રાજ્યના તમામ શહેરોમાં ઉભી થયેલી ટ્રાફિક સમસ્યા અને અમે સૂચવેલા કેટલાક ઉકેલોનો હતો. શહેરો વિસ્તરી રહ્યા છે, નવા પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે, અને શહેરોમાં લોકોનો ધસારો અટકતો નથી. તે ઉપરાંત, વાહનોની સંખ્યા વધી રહી છે, પરંતુ આપણી પાસે પૂરતા રસ્તા કે પાર્કિંગની જગ્યાઓ નથી, એમ રાજ ઠાકરેએ કહ્યું હતું.

### ભારે વાહનોને

પાણીને કારણે રસ્તાની હાલત હજી ખરાબ થઈ છે. તેથી ગુરુવારે થાણે પાલિકાના મુખ્યલાયમાં પ્રતાપ સરનાઈકે એક બેઠક કરી હતી, જેમાં થાણેના વિસ્તારના જુદા જુદા વિકાસ કામો સહિત ઘોડબંદર રોડની ટ્રાફિકની સમસ્યા પર લાંબી ચર્ચા કરવામાં આવી હતી. ઘોડબંદર રોડ એ ટ્રાફિક માટે મહત્ત્વનો માનવામાં આવે છે. આ રોડ પર ફાઉન્ટન હોટલથી ગાયમુખ ઘાટ સુધીના રોડને તાજેતરમાં સાર્વજનિક બાંધકામ વિભાગ પાસેથી લઈને મીરા-ભાયંદર મહાપાલિકાને હસ્તાંતર કરવામાં આવ્યો છે. આ રસ્તા પર દર વર્ષે ચોમાસામાં મોટા ખાડા પડે છે. ઘાટ પરિસરમાં ચઢાણ પર જ ખાડા પડતા હોવાથી વાહનોની સ્પીડ ઘટી જતી હોય છે. તેથી આ વર્ષે સાર્વજનિક બાંધકામ વિભાગે થાણેથી ઘોડબંદર રોડ તરફ જતા માર્કેટનું સમારકામ કર્યું હતું પણ ત્યારબાદ શરૂ થયેલા વરસાદને કારણે ઘોડબંદર રોડ પરથી થાણે તરફ આવતા રોડનું કામ કરી શકાયું નહોતું. તેથી રસ્તાની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. પીક અવર્સમાં ટ્રાફિકની અસર છેક મુંબઈ-અમદાવાદ રોડ પર ચિંચોટી સુધી વર્તાય છે. તેમ જ મીરા રોડ જતા વાહનોને પણ ફટકો પડે છે. ઘોડબંદર રોડનો ગાયમુખ ઘાટ પરિસરનો રસ્તો મીરા-ભાયંદર પાલિકાના અખત્યાર હેઠળ આવે છે. રસ્તાનું સમારકામ પણ સતત કરવામાં આવતું હોય છે પણ વરસાદને કારણે રસ્તાની હાલત ખરાબ થઈ ગઈ છે. કાપૂરબાવડીથી ગાયમુખ વાહનો સ્પીડે આવે છે પણ ગાયમુખમાં ટર્ન આવે છે ત્યાં રસ્તો સાંકડો થવાથી ટ્રાફિક થાય છે અને વાહનોની લાઈન લાગી જતી હોય છે, તેમાં ભારે વાહનોને કારણે પરિસ્થિતિ હજી ગંભીર બની જતી હોવાનું પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું.

ગુરુવારે થાણે પાલિકા મુખ્યાલયમાં બેઠક બાદ પરિવહન પ્રધાને જણાવ્યું હતું કે ઘોડબંદર રોડને મેઈન રોડ સાથે જોડવાનું કામ ડિસેમ્બર ૨૦૨૫ સુધી પૂરું થવાનું છે, ત્યાં સુધી ભારે વાહનોને કારણે થતા ટ્રાફિકને રોકવા પર ભાર આપવામાં આવવાનો છે. તે માટે થાણે ટ્રાફિક પોલીસે મીરા-ભાયંદર અને પાલઘર ટ્રાફિક પોલીસ સાથે સમન્વયવ સાધીને ઘોડબંદર રોડ પર ભારે વાહનોને ફક્ત રાત ૧૨ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી જ પ્રવેશ આપવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

**કવર સ્ટોરી**

હેમા શાસ્ત્રી

## લાઈનબંધ લવ સ્ટોરીની કહાણી...

### ‘સૈયારા’ને મળેલી ધૂંઆધાર સફળતા પછી પ્રેમકથા ધરાવતા ચિત્રપટ માટે ઉત્કંઠા વધી હોય એ સ્વાભાવિક છે...










‘દિલ ધડકને દો’ ફિલ્મમાં ક્રૂઝ પર આયોજિત એક પાર્ટીમાં સુપરહિટ સોન્ગ ‘મૈં ડાલું તાલ પે ભંગડા’ શરૂ થવા પૂર્વે ઓસ્ટ્રેલિયન પોપ સિંગર જ્હોન પોલ યંગનું વિશ્વવિખ્યાત સોન્ગ ‘લવ ઈઝ ઈન ધ એર’ની કેટલીક પંક્તિ રજૂ કરવામાં આવી હોય છે. ચારેકોર પ્રેમનો માહોલ છે એવો એનો ભાવાર્થ છે. ‘સૈયારા’ને મળેલો અણધાર્યો પણ અનોખો આવકાર જોયા પછી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે પણ ‘લવ ઈઝ ઈન ધ એર’ જેવું વાતાવરણ બંધાઈ રહ્યું હોવાનું કહેવાય છે.

આ વર્ષના પ્રથમ સાત મહિના દરમિયાન રિ-રિલીઝ કરવામાં આવેલી ફિલ્મોનું સરવૈયું જોતા સૌથી સારી કમાણી કરનારી પ્રથમ પાંચ ફિલ્મમાં ત્રણ હિન્દી છે અને એમાંથી બે લવ સ્ટોરી - રોમેન્ટિક ફિલ્મ છે. બાકીની બેમાંથી એક હોલિવૂડ ફિલ્મ ‘ટાઈટેનિક’ ટેકનિકલી રોમેન્ટિક ડિઝાસ્ટર ફિલ્મ છે, પણ એની પ્રેમકથા દર્શકોમાં મજબૂત પ્રભાવ પાડવામાં સફળ રહી છે, ગઈકાલે અને આજે સુધ્ધાં. આમ ટોપ ફાઈવમાં ત્રણ પ્રેમકથા છે.

બે હિન્દી ફિલ્મોમાંથી ‘સનમ તેરી કસમ’ ૨૦૧૬માં પ્રથમ વાર રિલીઝ થઈ ત્યારે માંડ ૧૫ કરોડનો વકરો કરી શકી હતી, જ્યારે આ વર્ષે ફેબ્રુઆરીમાં રિ - રિલીઝ વખતે ૫૦ કરોડથી વધુ કલેક્શન કરવામાં સફળ રહી હતી. રણબીર કપૂર - દીપિકા પાદુકોણની ‘યે જવાની હૈ દીવાની’ જાન્યુઆરીના પ્રથમ હપ્તામાં રિ-રિલીઝ કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ હતી કે ૧૨ વર્ષ પહેલાની રણબીરનું ચિત્રપટ આ વર્ષે રિલીઝ થયેલી ત્રણ નવી ફિલ્મ ‘ઈમરજન્સી’ (કંગના રનૌટ), ‘આઝાદ’ (અજય દેવગન) અને ‘ફતેહ’ (સોનુ સૂદ) કરતાં બહેતર દેખાવ કરવામાં સફળ રહી હતી. માત્ર ૧૭ દિવસમાં અયાન મુખરજી દિગ્દર્શિત ફિલ્મ ૨૨.૦૪ કરોડનો વકરો કરવામાં સફળ રહી હતી. એકંદરે દર્શકોમાં લવ સ્ટોરી જોવાની તીવ્રતા ફરી વધી રહી હોવાનો આ ચોખ્ખો અણસાર છે.

બીજી તરફ, જુલાઈના ત્રીજા અઠવાડિયામાં રિલીઝ થઈ ‘સૈયારા’. સાવ નવાનક્કોર હીરો - હીરોઈન સાથેની મોહિત સૂરી દિગ્દર્શિત આ ફિલ્મે યુવા વર્ગને થિયેટર તરફ દોડતા કર્યા. આ લખાય છે ત્યાં સુધીમાં ફિલ્મ વિશ્વભરમાં ૫૫૫ કરોડનો ધૂમ વકરો કરવામાં સફળ રહી છે. આ ફિલ્મની સફળતાએ રોમેન્ટિક ફિલ્મોનો દોર શરૂ થવાની સંભાવનાને ખાતર - પાણી નાખ્યા છે. આ વર્ષના બાકીના ચાર મહિના અને ૨૦૨૬માં રજૂ થનારી કતારબંધ લવ સ્ટોરી ધરાવતી ફિલ્મો પર એક નજર નાખીએ,જેમકે...

**લવ એન્ડ વોરઃ** આ ફિલ્મ વિશે સૌથી વધુ ઉત્સુકતા હોય એ સ્વાભાવિક છે. એનું એક કારણ દિગ્દર્શક સંજય લીલા ભણસાલી છે, જે પ્રેમકથા અલગ અંદાજમાં પેશ કરવા માટે પ્રખ્યાત છે. એમની ફિલ્મોનાં દ્રશ્યો આંખોમાં અને એની કથા, ગીત - સંગીત હૃદયમાં કાયમી વસવાટ કરી જાય છે. બીજું કારણ છે એના ત્રણ મુખ્ય કલાકાર (રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ) કુશળ એક્ટર તરીકે નામના ધરાવે છે. ફિલ્મનું ટાઇટલ ‘લવ એન્ડ વોર’ પણ આકર્ષક છે.

**આશિકી ૩ઃ** આ ફિલ્મ ‘આશિકી’ ફ્રેન્ચાઈઝીનો જ હિસ્સો છે કે કેમ એના વિશે ફોડ નથી પાડવામાં આવ્યો. જોકે, દિગ્દર્શક અનુરાગ બાસુ અને હીરો કાર્તિક આર્યનની હાજરી દર્શકોમાં ઉત્કંઠા વધારનારી ચોક્કસ છે. પ્રેમ, વિરહ અને બિનશરતી સમર્પણ રસાયણો અનુરાગ બાસુની પણ લાક્ષણિકતા રહી હોવાથી ‘સૈયારા’ની ધૂંઆધાર સફળતા પછી ‘આશિકી ૩’ના કેટલાક દ્રશ્ય નવેસરથી લખવામાં આવ્યા છે, જેનું ફરી શૂટિંગ કરવામાં આવશે. ‘સૈયારા’ સાથે સરખામણી ટાળવા આ ઉદ્યમ થઈ રહ્યો હોય એવું લાગે છે.

**તેરે ઈશ્ક મેંઃ** ‘તનુ વેડ્સ મનુ’ અને ‘રાંઝણા’ જેવી રોમેન્ટિક ફિલ્મો આપનારા ફિલ્મમેકર આનંદ એલ. રાય ‘તેરે ઈશ્ક મેં’ ફિલ્મ સાથે આવી રહ્યા છે. ધનુષ (‘રાંઝણા’નો હીરો) અને ક્રિતિ સેનનના લીડરોલવાળી આ ફિલ્મ ‘રાંઝણા’ની સ્પિરિચ્યુઅલ સિક્વલ (અગાઉની ફિલ્મ જેવી જ થીમ અને કથામાં એવાં જ તત્ત્વો, પણ એ ફિલ્મની કથા આગળ વધારવામાં ન આવી હોય) હોવાનો દાવો કરવામાં આવ્યો છે. લાગણીઓથી છલોછલ આ ફિલ્મના સંગીત પર પણ ખાસ્સું જોર આપવામાં આવી રહ્યું છે. ‘સૈયારા’ની સફળતામાં સંગીતનો ફાળો જાણીતો છે.

**કોકટેઇલ ૨ઃ** સૈફ અલી ખાન અને દીપિકા પાદુકોણની ૨૦૧૨માં આવેલી મોડર્ન લવ ટ્રાયએન્ગલ ફિલ્મ ‘કોકટેલ’ની આ સિક્વલ છે. ફ્રેન્ડશીપ અને રોમેન્સને અલાયદા દ્રષ્ટિકોણથી પેશ કરવા માટે ફિલ્મની પ્રશંસા કરવામાં આવી હતી. સિક્વલમાં શાહિદ કપૂર, ક્રિતી સેનન અને રશ્મિકા મંદાના છે. પહેલી ફિલ્મના દિગ્દર્શક હોમી અડજાણિયા જ સિક્વલના પણ ડિરેક્ટર છે. રોમેન્ટિક કોમેડીના પ્લોટ અંગે ગુપ્તતા રાખવામાં આવી છે, પણ પ્રેમ ત્રિકોણની અપેક્ષા જરૂર રાખી શકાય.

**પરમ સુંદરીઃ** સિદ્ધાર્થ મલ્હોત્રા - જહાન્વી કપૂરની આ ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં છે. ‘સૈયારા’ને હૈયા સરસી ચાંપનારા દર્શકો આ ફિલ્મના હીરો ‘પરમ’ને અને હીરોઈન ‘સુંદરી’ને કેટલા પ્રેમથી વધાવે છે કે કેમ એ જોવું રહ્યું. ફિલ્મમાં મેલોડ્રામાને કોઈ સ્થાન નથી એવો દાવો કરવામાં આવ્યો છે. બે જુવાન હૈયાનો પ્રેમ, પ્રેમની ઉત્કટતા અને બીજા છેડે સામાજિક પરંપરા એ બે વચ્ચે સંઘર્ષ ફિલ્મનો તંતુ છે. સાંસ્કૃતિક સ્વરૂપે વિભિન્નતા ધરાવતા યુવક - યુવતી વચ્ચેના લાગણીના સંબંધો પર દર્શકો ઓળઘોળ થશે એવી અપેક્ષા રાખવામાં આવી છે.

**ચાંદ મેરા દિલઃ** ‘પ્યાર મેં થોડા પાગલ હોના પડતા હૈ’ જેવી ટેગલાઈન ધરાવતી આ ફિલ્મની સ્ટોરીમાં ઉત્કટતા ભારોભાર હશે એટલું તો નક્કી. આમ પણ આજની જનરેશનને હાઈ વોલ્ટેજ લવ સ્ટોરી જ અપીલ કરે છે. કરણ જોહર નિર્મિત આ ફિલ્મનો હીરો છે લક્ષ્ય લાલવાણી. ધર્મા પ્રોડક્શનની ‘કિલ’ (૨૦૨૩) ફિલ્મથી ડેબ્યુ કરનાર લક્ષ્યની હીરોઈન છે અનન્યા પાંડે. મ્યુઝિકને ‘આલ્બમ ઓફ ૨૦૨૫’ તરીકે પ્રોજેક્ટ કરી ફિલ્મના વાજાં વગાડવામાં શ્રેષ્ઠ કોશિશ કરવામાં આવી છે.

આ બધા ઉપરાંત બીજી કેટલીકનું આયોજન પણ થઈ રહ્યું હશે એ નક્કી. વહેતી ગંગામાં...■

---

**સ્ટાર-યાર-કલાકાર**

સંજય છેલ

## ભીમ વર્સિસ છોટા ભીમઃ મસાલા ડ્રામાની ધમાલ...




હમણાં જેનો બર્થડે ગયો એ લેખક-નિર્દેશક ગુલઝાર અને આનંદ, ગુડ્ડી, ગોલમાલ જેવી ફિલ્મના વિખ્યાત નિર્દેશક ઋષિકેશ મુખર્જી, બાસુ ચેટર્જી જેવા ફિલ્મમેકરોને ‘મિડલ ઓફ ધ રોડ સિનેમા’ બનાવનારા મેકરો એટલે કે ‘મધ્યમ-માર્ગ’વાળાં પિકચરો બનાવનારા તરીકે ઓળખાતા, જે મનમોહન દેસાઇ કે ડેવિડ ધવન જેવા કોમર્શિયલ નહીં કે મૃણાલ સેન કે શ્યામ બેનેગલ જેવા સિરિયસ ફિલ્મકાર પણ નહીં. જેમની ફિલ્મોમાં ‘મધ્યમવર્ગ’ના માણસોની વાર્તા હોય.

આમાં ‘મધ્યમ વર્ગ’ ને ‘મધ્યમ-માર્ગ’વાળી વાતમાં ‘મધ્યમ’ શબ્દ પર મારું ધ્યાન ગયું, કારણકે ‘મધ્યમ’ શબ્દમાં જીવનનું બેલેન્સ છે. વળી હમણાં ‘મધ્યમ’ નામનું ફિલ્મી લાગતું મારપીટ ને મેલોડ્રામાવાળા સંસ્કૃત-નાટક ‘મધ્યમ’ વિશે જાણ્યું, જેનો માત્ર એક ડાયલોગ જ તમને ચોંકાવી મૂકશેઃ

‘મારી માએ મને આજ્ઞા કરી છે કે આખું વન શોધી વળ અને એકાદ મનુષ્ય લઇ આવ. મારે એને ખાઇને ઉપવાસનાં પારણાં કરવાં છે...!’ એક બાળકિશોર બોલ્યો.

આ સાંભળીને બ્રાહ્મણ કુટુંબ ચોંકી ગયું કે કોઇ માનવભક્ષીના હાથમાં સપડાઇ ગયા કે શું? આ કથા છે, મહાભારતની, પણ સંસ્કૃત કવિ ભાસે મહાભારતની એક ઘટનાને ફેન્ટસીનો રંગ આપીને ‘મધ્યમ’ નામનું મજેદાર નાટક લખેલું.

**નાટકનું લોકેશનઃ જંગલ**

જુગારમાં રાજપાટ હારીને રખડતા પાંડવો જે વનમાં રહેતા ત્યાં રાક્ષસી હિડિંબાનો આશ્રમ પણ હતો. હિડિંબા ભીમની જૂની ગર્લફ્રેંડ કે વાઇફ હતી ને ભીમથી છોટાભીમ ઉર્ફ વીર ઘટોત્કચ પુત્ર જન્મેલો.

હિડિંબાને જ્યારે જાણ થઇ કે વનમાં ભીમ આવ્યો છે ત્યારે એણે બાળકિશોર એવા પુત્ર ઘટોત્કચને કહ્યું કે એણે એવું વ્રત કર્યું છે જેના પારણાં કરવા માટે મનુષ્ય જોઇએ છે! હિડિંબાને ખબર હતી કે વનમાં ભીમ સિવાય કોઇ મનુષ્ય છે જ નહીં અને ભીમ પુત્રને ઓળખ્યા વિના રહેશે નહીં.

આમ હિડિંબા ભીમ અને ઘટોત્કચને સરપ્રાઇઝ આપવા ગઇ ને નાટકમાં ટી.વી. સિરિયલની જેમ એક પછી એક ઘટનાચક્ર ઘૂમવા માંડ્યા. જોકે ઘટોત્કચને પહેલાં તો માતા હિડિંબાની ‘માણસ ખાવાની માગણી’ પર ઘૃણા થઇ, છતાંય માતાની આજ્ઞા માનીને માણસ શોધવા નીકળ્યો.

**સરપ્રાઇઝ ફેમિલી ડ્રામા**

રસ્તામાં કમનસીબે ઘટોત્કચને કુરુજાંગલ પ્રદેશમાં બ્રાહ્મણ કેશવદાસનું કુટુંબ મળ્યું. ઘટોત્કચે રોકીને કહ્યું કે તમારામાંથી કોઇ એકનું શરીર આપો, મારી માનાં ઉપવાસ ઉતારવા.

હવે એ કુટુંબની દરેક વ્યક્તિ સમર્પણ આપવા તૈયાર થાય છે ત્યારે ઘટોત્કચ કહે છે, તમારા ૩ પુત્રમાંથી કોઇ એક ચાલશે. ત્રણ પુત્રનાં નામ છેઃ જયેષ્ઠ- મધ્યમ અને કનિષ્ક. મોટો પુત્ર ‘જયેષ્ઠ‘ પિતાને પ્રિય છે. નાનો પુત્ર ‘કનિષ્ક’ માતાને એટલે ‘મધ્યમ’ નામનો વચલો પુત્ર ઘટોત્કચ સાથે જવા માટે તૈયાર થયો.

અહીં કવિ ભાસ કૌટુંબિક સંબંધોની ઊંડી વાત કહી દે છે. ‘મધ્યમ’ એટલે કે વચલો, જે કોઇનો પ્રિય નથી...જાણે આજનો મધ્યમવર્ગ!

**ત્યાગનો ડ્રામા**

પેલો મધ્યમ ઘટોત્કચને કહે છેઃ હું તૈયાર છું. આમેય મારા મા-બાપને હું ઓછો ગમું છુંને?’ આ સંભળીને મા-બાપ ચૂપ!

શું મેલોડ્રામા છેને? ‘મધ્યમ’ જતી વખતે મા-બાપને પગે પડે છે...

હવે ટ્રેજેડી જુઓ- આશીર્વાદમાં માનાં મોંમાથી શબ્દો સરી પડે છેઃ ‘બેટા, ૧૦૦ વરસનો થજે!’ મરવા જઇ રહેલા સંતાનને આવા આશીર્વાદ? છેને સોલિડ સંવાદ?

**અને ડ્રામામાં નવો ટ્વિસ્ટ...**

ઘટોત્કચની સાથે મરવા માટે નીકળલો ‘મધ્યમ’ પોતાની અંતિમ-ઇચ્છા કહે છે કે મર્યા પછી પરલોકમાં તરસ ના લાગે એ માટે ખુદને જ ‘જલની અંજલિ’ આપવા માગે છે. આર્ય-સંસ્કારથી ઊછરેલો ઘટોત્કચ જલાંજલિ આપવા પરવાનગી આપે છે. મધ્યમ સરોવર તરફ જાય છે પણ એને પાછાં આવતાં બહુ વાર લાગે છે એટલે ઘટોત્કચ ‘મધ્યમ’,...‘મધ્યમ’ નામની ચારેબાજુ બૂમો પાડે છે.

**ઔર એક ઔર સરપ્રાઇઝ**

ત્યારે જ જંગલમાં વ્યાયામ કરવા નીકળેલા ભીમને આ બૂમો સંભળાય છે ને પાછો જુઓ હિંદી ફિલ્મોનો મેલોડ્રામા.... ઘટોત્કચનો અવાજ સાંભળીને ભીમને પેલાનો અવાજ પોતાના નાના ભાઇ જેવો લાગે છે!

પિતા - પુત્રની વચ્ચે પહેલો સંબંધ, અવાજથી નિર્માણ કરીને નાટક આગળ વધે છે. ભીમ પોતાના પુત્ર ઘટોત્કચને જોઇને પ્રભાવિત થાય છે. ભીમ કહે છેઃ

‘મને શું કામ બોલાવ્યો? હું જ તો મધ્યમ છું.’

તમે અહીં સિચ્યુએશન જુઓ કે અજ્ઞાતવાસમાં નીકળેલા પાંડવોએ, જે ખૂફિયા નામ ધારણ કરેલાં એમાં ભીમનું નામ પણ ‘મધ્યમ’ હતું! દીન કે ગરીબનું રક્ષણ કરવામાં દુષ્ટને દંડ આપવામાં ‘મધ્યમ’ એટલે કે વચ્ચે પડનારો અને યુદ્ધમાં ‘મધ્યમ’ એટલે વચ્ચે ઝંપલાવનારો એટલે ‘મધ્યમ’ એવો શૂરવીર ભીમસેન.

લેખક ‘મધ્યમ’ શબ્દને ખૂબ રમાડે છે. પંચમહાભૂતમાં અંતર્ગત વાયુ એટલે કે વાયુપુત્ર ભીમ, પાંચ પાંડવોમાં મધ્યમ એટલે કે વચ્ચેનો છે. ત્રણે લોકમાં મધ્યમાં પૃથ્વી છે ને પૃથ્વીલોકનો રહેવાસી એટલે ‘મધ્યમ’. આમ અનેક રીતે ‘મધ્યમ’ એવો ભીમ પેલા ઘટોત્કચને સમજાવે છે. હવે ત્યારે જ પેલો કેશવદાસનો વચલો છોકરો ‘મધ્યમ’ ફરી એન્ટ્રી મારે છે ને મજા જુઓ કે એ પોતાનો જાન બચાવવા વીર ભીમસેનની જ મદદ માગે છે!

ભીમ એને છોડાવવાનું વચન આપે છે ને ઘટોત્કચને કહે છે કે આને છોડી દે, એનાં કરતાં મારું શરીર મારીને ખાવા માટે વધુ યોગ્ય છે. ઘટોત્કચ માની જાય છે.

**એક્શનભર્યો ક્લાઇમેક્સ**

...પણ ભીમ એક શરત મૂકે છે કે હું સાવ આમ જ નહીં આવું...તારામાં જો બળ હોય તો મને ઉપાડીને લઇ જા. આમ અહીં બાપ- બેટાની શક્તિની કસોટી! પછી ઘટોત્કચને જ્યારે એની માતાનું નામ ભીમ પૂછે છે ત્યારે એને સમજાઇ જાય છે કે આ તો પોતાનો જ પુત્ર છે.

**ફાઇનલ મારામારીની ધમાલ...**

પિતા-પુત્રની જબરદસ્ત લડાઇ થાય છે. લડાઇમાં ઘટોત્કચ બોલી પડે છે : ‘હું છું ભીમસેનનો પુત્ર, મારો જોટો નથી મલ્લવિદ્યામાં... આવી જા.’ કુસ્તી અને ગદાયુદ્ધમાં હારેલો ઘટોત્કચ પર્વતને આહ્વાન આપીને પાણી મંગાવે છે ને કોઇ સ્પેશિયલ ટ્રિકથી ભીમનો જ પુત્ર એના શૂરવીર બાપને માયાવી શક્તિથી ‘માયાપાશ’ કે જાળમાં જકડી લે છે!

એ પછી ભીમ ભગવાન શંકરની આરાધના કરીને ‘માયાપાશ’માંથી મુક્ત થાય છે. છેવટે હિડિંબા પોતાના પતિ ભીમને જુવે છે ત્યારે કહે છેઃ ‘આ તો દેવ છે.’ ઘટોત્કચને કંઇ સમજાતું નથી ત્યારે હિડિંબા શરમાઇને કહે છે : ‘આ તો મારા ને તારા દેવ....’

આમ ભીમ-હિડિંબા વચ્ચે ‘લોસ્ટ એન્ડ ફાઉન્ડ’વાળો યાનેં મિલના-બિછડના ટાઇપ મનમોહન દેસાઇની ફિલ્મો જેવો સીન ભજવાય છે. ભીમને પગે પડી મર્યાદા તોડવા માટે ‘સોરી ડેડી’ કહે છે ત્યારે ભીમ કહે છે : ‘તારી અ-મર્યાદા મને ગમી, આપણા વંશને આવો દાવાનળ જેવો શૂરવીર પુત્ર જ જોઇએ!’

અને આમ આવે છે ‘મધ્યમ’ નાટકનો ‘હેપ્પી-એન્ડ’

કાશ, અમીરી-ગરીબી વચ્ચે ‘મધ્ય’માં લટકતા ‘મધ્યમવર્ગ’નાં નસીબમાંયે આવો ‘હેપ્પી-એન્ડ’ કદીક તો આવે?! ■

---

રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનીની વ્યાખ્યાનમાળા



તૃતિય દિવસ **નમ્રવાણી**

## तू है तो... साधना जीवंत हैं

‘‘પરમ ગુરુદેવ’’

### ‘નાના-નાના નિયમની નિત્ય પાલના, સાધનાને જીવંત રાખે છે.’

**પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ** નિયમરૂપ સાધના દ્વારા best futureનું planning કરવાનો પાવન અવસર!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે ઠાણં સંપાવિઉ કામાણં, અર્થાત્ મોક્ષ પ્રાપ્તિનો આંતિરક ઉલ્લાસભાવ સાથેનો પુરુષાર્થ કરવાનું પર્વ!

જેને મોક્ષના સ્વપ્ન આવે, મોક્ષની ઝંખના જાગે, તે મુમુક્ષુ કહેવાય.

મોક્ષની પ્રાપ્તિ કાંઈ એક દિવસમાં ન થાય. ભગવાન મહાવીરની મોક્ષની નિયતિ ૨૭ ભવ પહેલાં નક્કી થઈ હતી. એ નિયતિની પાછળ કોઈ ઉત્કૃષ્ટ સાધના, કોઈ મોટો નિયમ, ત્યાગ, સાધના હતી કે એક નાનકડો નિયમ હતો?

અનંતકાળના પરિભ્રમણનું જે નિયંત્રણ કરી શકે, તેને નિયમ કહેવાય.

જે નિયમ ગ્રહણ કરે છે, તેની નિયતિ મોક્ષની હોય છે.

નયસાર નામના સુથારે જમાડ્યા વગર જમીશ નહીં, આવા એક નિયમનું નિષ્ઠાપૂર્વક પાલન કર્યું ને ૨૭મા ભવે ભગવાન મહાવીરનો મોક્ષ થઈ ગયો.

જો તમે પણ નિયમ લેશો, તો તમારી નિયતિ બદલાઈ જશે. એક નિયમથી તમારું આત્મનિયંત્રણ થઈ જશે, તમારી આત્મનિધિ ખીલી ઊઠશે.

નિયમ જ્યારે પ્રતિજ્ઞાબદ્ધ બને, ત્યારે તે સાધના કહેવાય.

પ્રતિજ્ઞાનું પાલન કરીએ તો પરમાત્મા બનાય.

આ પર્યુષણમાં તમને નાના-નાના નિયમો આપું છું, જે પાળતી વખતે દરરોજ પર્યુષણ તો યાદ આવશે પણ તમારો આત્મા સંસ્કારિત અને શુદ્ધ થતો જશે.

જે નિયમિત નિયમોની પાલના કરે છે, તે સમ્યક દર્શનના અધિકારી બને છે, તેના નરકના અને તિર્યંચના દ્વાર બંધ થઈ જાય છે.

**प्रभु तू है तो.... नियमरुप साधना है,**

**गुरु, तू है तो... Best future के लिए साधना जीवंत है!**

કેટલાંક નાના નિયમો, જે તમને મોટા ભગવાન બનાવી શકે છે.

૧. કોઈને જમાડ્યાં વિના જમવું નહીં.

જે અન્યને શાતા પમાડે છે, તેના સંકટો દૂર થઈ જાય છે.

૨. મુઠ્ઠી પચ્ચકખાણ... મુઠ્ઠી બંધ એટલે ચૌવિહાર શરૂ અને મુઠ્ઠી ખોલો એટલે ચૌવિહાર પૂરો!

ચૌવિહારપૂર્વક જેની વિદાય થાય, તેની વિદાય સંથારાપૂર્વકની વિદાય કહેવાય.

૩. Servant, Cook કે શાકવાળા જેટલી ઈયળો બચાવે, એમને એટલાં રૂપિયા આપવા, જેથી તેઓ વધારે ઈયળો બચાવવાનો પ્રયત્ન કરે અને જતનપૂર્વક શાક સુધારે. એ જીવોને સુરક્ષિત સ્થાને મૂકી, એમના યોગ્ય આહાર-પાણી આપવા.

તમારા અનુકંપાના સંસ્કાર દૃઢ થશે.

જેની અંદરમાં આજે અનુકંપા જાગે, તે કાલે અરિહંત બને!

૪. ઘરની બહાર નીકળતી વખતે હંમેશાં પહેલાં right પગ બહાર મૂકવો.

જે First leg right મૂકે એની સાથે બધું right અને right થાય. એના બધાં કાર્ય નિર્વિઘ્ન, success થાય. First Step positive તો All Step positive

૫. કોઈ પણ વસ્તુ એક હાથે નહીં, બે હાથે જ અર્પણ કરવી અને બે હાથે જ ગ્રહણ કરવી.

એક હાથેથી કરવાથી ક્યારેક અભાવની feelings આવે પણ બે હાથેથી કરવાથી વિનમ્રતાની Feelings આવે, हत्थ संजए- જે હાથનો સંયમ પાળે છે, એ ક્યારેય હાથ ગુમાવતા નથી.

૬. જમતી વખતે, પહેલા બે ઈંચ થાળી ઊંચી કરી, ગુરુ કે સંત-સંતીજીઓને વ્હોરાવવાની ભાવના ભાવવી, પછી એ ભોજન તરફ દૃષ્ટિ કરવી, ગુરુ અને સંતોને યાદ કરવાથી વિનયભાવ પ્રગટ થાય છે.

એ વિનયથી જ્યારે ભોજન તરફ દૃષ્ટિ કરો છો, ત્યારે તે ભોજન અમૃત બની જાય છે, પ્રસાદ બની જાય છે.

૭. દરરોજ ઓછામાં ઓછી 9 minutes જપ સાધના કરવી. જપ સાધના મનને વિશુદ્ધ કરે છે, આત્મઊર્જા પ્રગટ કરે છે.

૮. જ્યારે-જ્યારે free time મળે, તમારા ઈષ્ટ મંત્રનું સ્મરણ કરવું.

જે મંત્ર તમારો ઈષ્ટ હોય, તે મંત્ર તમારો મિત્ર હોય. મંત્ર નામનો મિત્ર anytime તમારી મિત્રતાની care કરવા માટે હાજર હોય, મૃત્ય સમયે પણ સ્મૃતિમાં આવી જાય અને પ્રભુ સાથે ઐક્યતા કરાવી દે.

હું મારો free time waste નહીં કરું, પણ પ્રભુ! તારા મંત્ર સ્મરણથી એને best બનાવીશ.

૯. સહાય પચ્ચકખાણ- બની શકે ત્યાં સુધી કોઈની સહાય ન લેવી, પોતાનું કાર્ય પોતે જાતે જ કરી લેવું, ભલે ગમે એટલા servants આદિની અનુકૂળતા હોય!

જેને કોઈની helpની જરૂર ન પડે, એની lifeમાં Problems ઓછા હોય.

સહાય પચ્ચકખાણ લેવાવાળા આત્માઓ ત્વરિત મોક્ષગામી હોય.

૧૦. જ્યારે પણ ઘરની બહાર નીકળો, ત્રણ વંદના કરીને બહાર નીકળવું.

વંદના કરવાથી ઉચ્ચ ગોત્ર પુણ્યકર્મનો બંધ થાય છે, નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે.

સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે, અણધાર્યા કાર્ય સફળ થઈ જાય છે અને તમને કોઈ હરાવી શકતું નથી.

૧૧. ઘરની બહાર નીકળો ત્યારે ઘરના વડીલોને પગે લાગી, એમના મુખેથી માંગલિકનું શ્રવણ કરીને નીકળવું. ઘરમાં વડીલ ન હોય તો જે નાના હોય એમના મુખેથી માંગલિક શ્રવણ કરવું.

માંગલિકના શ્રવણથી કાર્ય મંગલ થઈ જાય છે અને ભાવોમાં માંગલ્યતા આવે છે.

માંગલિકનું શ્રવણ કરનાર અને કરાવનાર બંનેના મમ્ અર્થાત્ અહમ્ ઓગળી જાય છે.

૧૨. ઓછામાં ઓછું weekમાં એક વાર - ગુરુવારે white dress પહેરવો જોઈએ.

આજે ગુરુ સાથે વસ્ત્રો સરખા થશે તો કાલે વિચાર સરખા થશે અને ક્યારેક આચાર સરખા થશે.

ગુરુ સાથે સહકર્મિતા કરવાનો પુરુષાર્થ થશે.

૧૩. હું મહિનામાં ઓછામાં ઓછી એક વ્યક્તિને પ્રભુના ધર્મની પ્રભાવના કરીશ, પ્રેરણા આપીશ.

ધર્મ કરવાથી ધર્મ ન મળે, ધર્મ પમાડવાથી ભવિષ્યમાં ધર્મ મળે છે.

આવા નિયમો લાગે છે નાના-નાના પણ એ નિયમો જ મોટી નિયતિ સર્જી શકે છે.

Lifeનો એક નિયમ તમારું જીવન તો સુધારી શકે છે પણ તમારા અંત અને અંત પછીના અનંતને પણ સુધારી શકે છે.

નયસાર સુથારના આત્માએ એક નિયમ લીધો કે, જમાડ્યાં વિના જમીશ નહીં, એનું નિષ્ઠાપૂર્વક પાલન કર્યું અને એ આત્મા ગણતરીના ૨૭મા ભવે પરમાત્મા બની ગયો!

વર્તમાનકાળમાં પરમાત્મા પ્રત્યક્ષ નથી, પરંતુ પરમાત્માની નિયમોરૂપી સાધના છે, પ્રભુના એ અનેક નિયમોનો ભાવાર્થ અને ગૂઢાર્થને, તેના logic અને Secretsને સમજાવનાર ગુરુ lifeમાં છે એટલે આપણી નિયમરૂપ સાધના જીવંત છે અને એ સાધાનાની જીવંતતાથી આપણે આપણા futureનું planning પણ કરી શકીએ છીએ અને futureને best પણ બનાવી શકીએ છીએ.

**સંકલ્પઃ**

જમવું જરૂરી છે પણ જીવતાને જમવું જરૂરી નથી. માટે હું સલાડ અને સચેત આહારના પદાર્થો નહીં વાપરું.

**POINTERS**

* અનંતકાળના પરિભ્રમણ જે નિયંત્રણ કરી શકે, તેને નિયમ કહેવાય.
* જે નિયમ ગ્રહણ કરે છે, તેની નિયતિ મોક્ષની હોય છે.
* નિયમ જ્યારે પ્રતિજ્ઞાબદ્ધ બને, ત્યારે તે સાધના કહેવાય. પ્રતિજ્ઞાનું પાલન કરીએ તો પરમાત્મા બનાય.
* જેની અંદરમાં આજ અનુકંપા જાગે છે, તે કાલે અરિહંત બને છે.
* જે ઘરની બહાર નીકળતા first leg right મૂકે એની સાથે બધું right અને right થાય. એના બધાં કાર્ય નિર્વિઘ્ન અને success થાય.
* જેને કોઈની helpની જરૂર ન પડે, એની lifeમાં problems ઓછા હોય.■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# લાફો પડ્યો, પણ રાજ કપૂર હીરો બન્યા ખરા!

### કેટલાક નામી કલાકારોની કારકિર્દીમાં પહેલું પગથિયું મૂકનારા કેદાર શર્મા કામની ચોકસાઈના કડક આગ્રહી હતા

‘ડોક્ટર ડેન્ગને આજે પહેલી વાર કોઈએ થપ્પડ મારી છે.... ફર્સ્ટ ટાઈમ. આ થપ્પડના પડઘા તમે સાંભળ્યા? એના પડઘાના પડઘા તમને સંભળાશે. આજીવન સંભળાતા રહેશે.’

સુભાષ ઘઈની ફિલ્મ ‘કર્મા’નો આ ડાયલોગ આજે પણ સિને રસિકો નહીં ભૂલ્યા હોય. થપ્પડ, લાફો, તમાચો હિન્દી ફિલ્મમાં વિવિધ સ્વરૂપે નજરે પડ્યો છે. તમાચા પરથી તો એક આખી ફિલ્મ ‘થપ્પડ’ પણ બની છે. એક થપ્પડ રીલ લાઈફમાં - રૂપેરી પડદા પરનાં પાત્રોના જીવનમાં બદલાવ લાવે છે.

જોકે બીજી તરફ, રાજ કપૂર માટે રિયલ લાઈફમાં તમાચો ખાધા પછી બીજા દિવસે ફિલ્મના હીરો બનવાની સુવર્ણ સંધિ સામે ચાલી આવી હોવાની ઘટનાં પણ બની હતી.

વાત છે કેદાર શર્માની. કુંદનલાલ સાયગલ, પૃથ્વીરાજ કપૂર અને દુર્ગા ખોટે જેવા મિત્રો ધરાવતા અને પેઈન્ટર તરીકે શરૂઆત કર્યા પછી ફિલ્મમેકર બનેલા કેદાર શર્મા તો આગળ જતા રાજ કપૂર, મધુબાલા, ગીતાબાલી, રાજેન્દ્રકુમાર, માલા સિન્હા, તનુજા જેવા કલાકારોની કારકિર્દીના પહેલા પગથિયા માટે નિમિત્ત બન્યા હતા. રાજ કપૂરના થપ્પડ માર પ્રસંગ વિશે ખુદ શર્મા સાહેબે વર્ણન કર્યું છે જે ‘મુંબઈ સમાચાર’ના વાચકો માટે પેશ છે.

‘હું ૧૯૪૧માં મુંબઈ આવ્યો હતો. મારી પહેલા મુંબઈ પહોંચી ગયેલા પૃથ્વીરાજ કપૂરે રણજીત મુવીટોનમાં મને કામ અપાવ્યું અને સાથે સાથે મોટા દીકરા રાજ કપૂરને મને સોંપ્યો અને કહ્યું કે ‘એનું ઘડતર કરવાની જવાબદારી તને સોંપું છું.’ એટલે મેં રાજને મારા સહાયક તરીકે રાખી લીધો. રાજ કામમાં નિયમિત અને ચોક્કસ હતો, પણ મેં એક વાત ખાસ નોંધી કે શોટ પૂર્વે ક્લેપ આપતા પહેલાં રાજ અરીસાની સામે ઊભો રહી થોડો મેકઅપ લગાડતો અને હેર સ્ટાઈલ સંવાર્યા કરતો. એના આવા નખરા મને પસંદ નહોતા. જોકે, મને ખ્યાલ આવી ગયો કે એની અંદર ધરબાયેલો કલાકાર જીવ કેમેરા સામે આવવા થનગની રહ્યો હતો.

‘એક દિવસ હું એક નકલી દાઢી પહેરેલા એક જુનિયર આર્ટિસ્ટ સાથે શોટ લઈ રહ્યો હતો. ક્લેપ આપતી વખતે પોતાનો ચહેરો અનેક લોકોને ધ્યાનમાં આવે એવું કરવામાં પેલા જુનિયર કલાકારની દાઢી ક્લેપ બોર્ડમાં ફસાઈ ગઈ છે એનો રાજને ખ્યાલ ન રહ્યો. પરિણામે શોટ લેતા પહેલા જ આર્ટિસ્ટની દાઢી ખેંચાઈ ગઈ. મેં તરત રાજને બોલાવ્યો અને કસીને એક જોરદાર તમાચો માર્યો. શરમજનક સ્થિતિમાં મુકાયેલા રાજે ભૂલ બદલ માફી માંગી. એ સમયે એના ચહેરા પર લાચારી અને પસ્તાવાના ભાવ જોઈ મને તમાચો મારવા બદલ પસ્તાવો થયો. એ શોટ મેં ફરી લઈ લીધો અને ભારે હૈયે ઘરે ગયો. કામની ચોકસાઈના આગ્રહમાં મારે આવું નહોતું કરવું જોઈતું એ વિચાર મને વારંવાર આવવા લાગ્યો.



‘નીલકમલ’માં રાજ કપૂર – મધુબાલા



ડિરેક્ટર કેદાર શર્મા

‘બીજે દિવસે મેં રાજને મારી ઓફિસે બોલાવ્યો અને એની સામે એક કોન્ટ્રેક્ટ મૂક્યો. એ ચોંકી ગયો અને ‘એમાં શું લખ્યું છે?’ એવો સવાલ કર્યો. મેં એને એટલું જ કહ્યું કે ‘સાઈન કર. તું મારી નવી ફિલ્મનો હીરો છે!’

૨૪ કલાક પહેલાં પાતાળનો અનુભવ કરી રહેલા રાજ કપૂરે સપનામાં નહીં વિચાર્યું હોય કે બીજા દિવસે એના પગ જમીનથી અધ્ધર ચાલવા લાગશે. લાફો ખાઈ બીજા દિવસે હીરો બની ગયા રાજ કપૂર.

ફિલ્મ દુનિયામાં કેટલીક બાબત એવી બનતી હોય છે જે કોઈના મોઢે સાંભળ્યા પછી વિશ્વાસ બેસતા વાર લાગે. અલબત્ત, જેની સાથે બનાવ બન્યો હોય એ જ વ્યક્તિ જ્યારે એનું બયાન કરે ત્યારે હેરત પામી વાત માનવી પડે.

પરિવારનો રોષ વહોરી, મિલકતમાંથી રાતી પાઈ નહીં મળે એવું પિતાશ્રીએ રોકડું પરખાવી દીધા પછી ૧૯૩૨માં કેદાર શર્મા કલકત્તા પહોંચ્યા હતા. એ સમયે ફિલ્મ નિર્માણમાં ‘ન્યુ થિયેટર્સ કંપની’નો દબદબો હતો. પરિચય તો કોઈનો નહોતો પણ પૂછતાં પૂછતાં શર્માજીને ‘મદન થિયેટર્સ’ના દિનશા ઈરાનીને મળવાનો મોકો મળ્યો.

કંપનીને પેઈન્ટરની આવશ્યકતા હતી અને કેદાર શર્મા ચિત્રકામમાં પારંગત હતા. એ સમયે અસ્લમ નામનો બીજો એક યુવાન પણ આ જ નોકરી મેળવવા ત્યાં પહોંચ્યો હતો. દિનશાજીએ બંનેને કેટલાક સ્કેચ બનાવવા કહ્યું અને પછી એમને ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા.

દિનશા ઈરાનીએ કહ્યું, ‘હું તમને ત્રણ સવાલ પૂછીશ,જેના તમારે પ્રમાણિકપણે જવાબ આપવાના. પહેલો સવાલ હતો : ‘શર્માજી, તમે માંસ ખાવ છો?’ શર્માજીએ જવાબ આપ્યો કે ‘હું બ્રાહ્મણ છું અને કાંદા પણ નથી ખાતો.’ બીજો સવાલ હતો ‘દારૂ પીવાની ટેવ છે?’ શર્માએ ના પાડી કહ્યું કે પોતે સિગારેટ પણ નથી પીતા. ત્રીજો સવાલ હતો ‘સ્ત્રી સાથે અનૈતિક સંબંધનો શોખ ખરો?’ આનો જવાબ પણ નકારમાં આપી કેદાર શર્માએ કહ્યું કે ‘હું એને પાપ ગણું છું.’ બીજા ઉમેદવારને પણ આ ત્રણ સવાલ પૂછવામાં આવ્યા હતા અને પેલાએ ત્રણેય જવાબમાં હા પાડી હતી.

અન્ય ઉમેદવારનો આવો ‘હકાર’વાળો જવાબ સાંભળી કેદાર શર્માને ખાતરી થઈ ગઈ કે નોકરી તો પોતાને જ મળશે, પણ જ્યારે દિનશા ઈરાનીએ કહ્યું કે તમને બંનેને નોકરીએ રાખવામાં આવે છે ત્યારે શર્માજીને આંચકો લાગ્યો. અલબત્ત, એનાથી મોટો આંચકો પછી મળ્યો. દિનશાજીએ કહ્યું કે ‘નોકરી માટે બંનેને પસંદ કરવામાં આવ્યા છે, પણ શર્માજીને દર મહિને ૧૦૦ રૂપિયાનો પગાર મળશે જ્યારે બીજા ઉમેદવાર અસ્લમને મહિને ૨૫૦ રૂપિયા આપવામાં આવશે.’ પગારના તફાવતનું કારણ આપતા ઈરાનીએ કહ્યું કે ‘અસ્લમના ખર્ચા (દારૂ પીવો, માંસ ખાવું વગેરે) વધારે છે અને ૧૦૦ રૂપિયામાં એને પૂરતા નહીં પડે.’


આ સાંભળીને એ સમયે કેદાર શર્માનું મોઢું કેવું પડી થયું હશે એની કલ્પના કરો. કેદાર શર્માએ વધુ એક ચોંકાવનારી વાત પર પ્રકાશ પાડતા લખ્યુંછે કે ‘અમે બંને દિનશાની ઓફિસમાંથી બહાર નીકળ્યા ત્યારે અસ્લમે મને કહ્યું કે ‘શર્માજી, ચિંતા કરવાની જરૂર નથી. મહિનાના અંતે આપણે પગાર સરખા ભાગે વહેંચી લઈશું.’ અસ્લમની ઉદારતા મને સ્પર્શી ગઈ, પણ એની વાત મેં સ્વીકારી નહીં.’

આમ ફિલ્મ દુનિયામાં પડદા પર જ નહીં, પડદા બહાર પણ ગજબનાક ઘટનાઓ બનતી હોય છે.■

---




મહેશ નાણાવટી




# રવીન્દ્રનાથ ટાગોરઃ એક સુપરહિટ ફિલ્મ-લેખક...હેં?!


જરા વિચારીને જવાબ આપજો... થોડા સમય પહેલાં છેક ઓસ્કાર એવોર્ડ્ઝ માટે આંટો મારી આવેલી ‘લાપતા લેડિઝ’ અને છેક ૧૯૮૩માં આવેલી ગુજરાતી ફિલ્મ ‘મહિયરની ચૂંદડી’ અને ૨૦૧૧માં બનેલી રિતુપર્ણ ઘોષ નામના આર્ટ - ફિલ્મ ડિરેક્ટરની ‘નૌકા ડૂબી’ નામની ફિલ્મ આ ત્રણેય વચ્ચે કોમન કડી શું છે?


એ છે ભારતના નોબેલ વિજેતા મહાન લેખક રવીન્દ્રનાથ ટાગોર! જીહા, ‘લાપતા લેડિઝ’માં માત્ર ઘુમટાને કારણે બે નવવધૂની અદલાબદલી થઈ જાય છે, પરંતુ રવીન્દ્રનાથ ટાગોરની બંગાળી વાર્તા ‘નૌકા ડૂબી’માં એક નાવડીને અકસ્માત થતાં બે ઘુમટાવાળી નવવધૂઓની અદલાબદલી થઈ જાય છે!

એ જ પ્લોટ ઉપરથી આપણા ગુજરાતી લેખક કેશવ રાઠોડે જે પટકથા લખી, જેમાં હોડીને બદલે ટ્રેન અકસ્માત થયો!

જોવા જેવી વાત એ છે કે આ ગુજરાતી ફિલ્મ ‘મહિયરની ચૂંદડી’ ઉપરથી એક મરાઠી ફિલ્મ બની ‘માહેરચી સાડી’... એ તો સુપરહિટ નીકળી! એની ઉપરથી એક બંગાળી ફિલ્મ પણ બની ગઈ! તેણે બંગાળમાં જ ધૂમ મચાવી! અને પછી એ જ સ્ટોરી ઉપરથી તામિલ અને તેલુગુમાં પણ ફિલ્મો બની અને ખૂબ ચાલી!







આમાં મૂળ ‘કથાબીજ’ કોનું?

અલબત્ત, કવિ રવી ઠાકુર એટલે કે રવીન્દ્રનાથ ટાગોરનું જ ને?!

જ્યારે સાહિત્યકૃતિ ઉપરથી ફિલ્મ બનવાની વાત નીકળી છે ત્યારે બંગાળના જાણીતા લેખક શરદબાબુ યાને કે શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનું નામ સૌથી ‘ટોપ’માં ગણાય છે, કેમકે એમની વાર્તાઓ અને નવલકથાઓ ઉપરથી જે જે ફિલ્મો બની છે તે લગભગ તમામ ફિલ્મો હિટ રહી છે. એમાંય ‘દેવદાસ’ તો છ વાર બની! (હિન્દીમાં જ ત્રણ વાર ! )

આ બધા વચ્ચે કોઈ કારણસર રવીન્દ્રનાથ ટાગોરનું નામ આ ‘હિટ-લિસ્ટ’માંથી બહાર રહી જાય છે. જુઓને, જે ‘નૌકા ડૂબી’ની શરૂઆતમાં વાત કરી એ જ વાર્તા ઉપરથી ૧૯૬૦માં હિન્દી ફિલ્મ બની હતી. ‘ઘુંઘટ’ (જોયું? મામલો ઘુમટાનો જ નીકળ્યો ને?) એ ફિલ્મમાં ભારત ભૂષણ, પ્રદીપ કુમાર, બીના રાય અને આશા પારેખ જેવા એ જમાનાના મોટા સ્ટાર હતા. ગાયનો પણ યાગદાર હતાં... ‘લાગે ના મોરા જીયા’ ‘મોરી છમ છમ બાજે પાયલિયા...’ (સંગીતકારઃ રવિ)

હવે રવીન્દ્રનાથ ટાગોરની બીજી એક હિટ સ્ટોરીની વાત કરીએ તો એ છે ‘કાબુલીવાલા’. ૧૯૬૨માં આ ફિલ્મ આવી હતી, જેમાં બલરાજ સહાનીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. મૂળ તો કાબૂલના દેશ અફઘાનિસ્તાન માટે લખાયું હતું, પણ આજે આપણે એને ભારત માટેની સમજીને છાતી ફૂલાવીએ છીએ!

ખેર, આ ‘કાબુલીવાલા’ પણ વારંવાર બની છે... ૧૯૫૭માં એ બંગાળીમાં બની ચૂકી હતી. એ પછી એક ૨૦૧૯માં ડેની ડેન્ઝોગ્પાને મુખ્ય ભૂમિકામાં લઈને ‘બાયોસ્કોપવાલા’ બની. હજી બાકી રહી ગયું હોય તેમ ૨૦૨૩માં મિથુન ચક્રવર્તી પણ ‘કાબુલીવાલા’ બનીને આવી ગયા! જોકે બલરાજ સહાનીવાળી સફળતા આ બંનેને મળી નહીં. (પણ એમાં રવીન્દ્રનાથનો શું વાંક?)

ટાગોર સાહેબની વધુ એક હિટ વાર્તા એટલે ‘અતિથિ’. બંગાળીમાં તપન સિંહાએ એ જ નામે જે ફિલ્મ બનાવી તેને નેશનલ એવોર્ડ મળ્યો હતો, જેમાં ભરપૂર પ્રમાણમાં ‘ગાયનો’ યાને કે ગીત પણ હતા. જોવાની વાત એ છે કે ૧૯૬૫માં આવી ગયેલી આ ફિલ્મ ઉપર તારાચંદ બડજાત્યાની નજર પડી અને તેનો હિન્દી અવતાર બની ‘ગીત ગાતા ચલ’ (જેની વાત આપણે અગાઉ આ કોલમમાં કરી ગયા.)

એ જ રીતે બે ભાષામાં બનેલી વધુ એક વાર્તાનું નામ છે ‘સમાપ્તિ’. આ વાર્તા સત્યજીત રેની ફિલ્મ ‘તીન કન્યા’માં હતી, જેમાં ટાગોર સાહેબની ત્રણ વાર્તા હતી. એક ‘પોસ્ટમાસ્ટર’ બીજી ‘સમાપ્તિ’ અને ત્રીજી એક હોરર સ્ટોરી હતી ‘મોનિહારા’! એમાંથી આ ‘સમાપ્તિ’ ઉપરથી હિન્દીમાં ૧૯૭૧માં બની ‘ઉપહાર’! યાદ આવી, જયા ભાદુરીની એ ફિલ્મ? અહીં પણ પ્રોડક્શન કંપની હતી બડજાત્યા સાહેબની ‘રાજશ્રી ફિલ્મ્સ’.

આમ તો ભારતનું નામ ઈન્ટરનેશનલ લેવલે મૂકી આપનાર દિગ્દર્શક સત્યજીત રે પણ રવીન્દ્રનાથ ટાગોરની વાર્તાઓ ઉપર ઓળઘોળ હતા. એમણે ૧૯૬૪માં બનાવી ‘ચારુલતા’, ૧૯૮૪માં બનાવી ‘ઘરે બાહિરે’ અને પેલી ‘તીન કન્યા’ની ત્રણ વાર્તા તો ખરી જ. આ ‘ઘરે બાહિરે’ પણ બીજી વખતે બંગાળીમાં જ બની. આના દિગ્દર્શક હતા રિતુપર્ણ ઘોષ અને ફિલ્મનું નામ હતું ‘ચોખેર બાલી’. જોકે રિતુપર્ણ ઘોષે વાર્તાનું ઈન્ટરપ્રિટેશન જરા અલગ રીતે કર્યું હતું.

અચ્છા, આ રિતુપર્ણ ઘોષે ‘નૌકા ડૂબી’ તો બનાવી જ હતી, એ ઉપરાંત ‘ચિત્રાંગદા’ નામની ફિલ્મ એ જ નામની વાર્તા ઉપરથી બનાવી, જેમાં ટાગોર સાહેબ જાણે આજના મલ્ટિપ્લેક્સના ‘આધુનિક’ ઓડિયન્સ માટે લખી હોય એવી ‘મોડર્ન’ વાર્તા હતી કે એક રાજ્યની ચિત્રાંગદા નામની રાજકુમારીને બાળપણથી જ ‘રાજકુમાર’ તરીકે ઉછેરવામાં આવી છે, પરંતુ હવે જ્યારે તે ‘અર્જુન’ને મળે છે ત્યારે એને ‘સ્ત્રી’ બનવાનું મન થાય છે!

આ ઉપરાંત દિગ્દર્શક કુમાર સહાની, જે હંમેશાં ‘અઘરી આર્ટ ફિલ્મો’ બનાવવા માટે વિખ્યાત (કે કુખ્યાત) હતા, એમણે રવી બાબુની એક કહાણી ‘ચાર અધ્યાય’ ઉપરથી એ જ નામે હિન્દી ફિલ્મ બનાવી હતી.

-એક મિનિટ વાત હજી થોડી બાકી છે... ‘તાશેર દેશ’ એટલે કે પત્તાંનો દેશ નામની કલ્પના કથા કૌશિક મુખર્જીએ ૨૦૧૨માં બનાવી, ‘ચતુરંગા’ (૨૦૦૮) સુમન મુખર્જીએ બનાવી, ‘દરબાન’ (૨૦૨૦) અને ‘ડાક ઘર’ (૧૯૬૫) આ બે શોર્ટ ફિલ્મો પણ રવિન્દ્રનાથ ટાગોરની એક વાર્તા અને એક નાટક ઉપરથી બની છે.!

આમ જોવા જાવ તો કુલ સત્તર ફિલ્મો થઈ! બોલો, આ કંઈ નાનો સૂનો આંકડો છે? ખાસ કરીને જ્યારે રવીન્દ્રનાથ ટાગોરને આપણે બહુ અઘરા અને ‘ઊંચા માંહ્યલા સાહિત્યકાર’ માનતા હોઈએ ત્યારે !

અરે, હા... હજી એક પ્રેતકથા તો રહી જ ગઈ! તમને થશે કે રવીન્દ્રનાથ ટાગોર અને ભૂતકથા? તો સાહેબો, ‘તીન કન્યા’માં ‘મોનિહારા’ એક ભૂતકથા જ હતી!

એ સિવાય, હિન્દીમાં આપણા ગુલઝાર સાહેબે એક ફિલ્મ બનાવી હતી, જેનું નામ હતું ‘લેકિન’... જેમાં ડિમ્પલ કાપડિયા, વિનોદ ખન્ના અને અમજદ ખાન હતા. જેનું પેલું ગાયન... ‘યારાં સિલી સિલી રાત કા ચલના...’ આજે પણ યાદ છે ને? બસ, તો? સાથે સાથે રવીબાબુ યાને કે રવીન્દ્રનાથ ટાગોરને પણ યાદ કરવાનું રાખો.... ■

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### ‘પરમ અપમાનનો’ મલયાલી વિરોધ...




થોડા દિવસ અગાઉ દિનેશ વિજનની ‘મેડોક ફિલ્મ્સ’ પ્રોડક્શન હાઉસની ‘પરમ સુંદરી’ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું. ટ્રેલર જોતાં જ અમુકને આ શાહરુખ - દીપિકાની ‘ચેન્નાઈ એક્સપ્રેસની’ નબળી કોપી લાગી. અમુકને તો જે લાગ્યું હોય તે, પણ કેરળના લોકો તો અત્યારે ‘પરમ ગુસ્સામાં’ છે. પ્રખ્યાત મલયાલમ આરજે પવિત્રા મેનને તો ‘મેડોક’ની ધૂળ કાઢી નાખી છે. પવિત્રાએ પોતાની ‘ઇન્સ્ટા’ પોસ્ટમાં સ્પષ્ટ કહ્યું છે તેમ કેરળની છોકરીઓ કાયમ જસ્મીનનું ફૂલ લગાવતી નથી કે આખો દિવસ મોહિનીઅટ્ટમ નથી કરતી. પવિત્રાને આવું એટલા માટે કહેવું પડ્યું છે કારણકે ટ્રેલરમાં ‘પરમ સુંદરી’ની હીરોઈન જહાનવી કપૂર આ બધું કરતી દેખાડવામાં આવી છે. આ ઉપરાંત જહાનવી ટિપિકલ ‘સાઉથ ઇન્ડિયન ઉચ્ચાર’ કરતી પણ જોવા મળે છે. આ બધાને લઈને પવિત્રા જેવા કેરળના અસંખ્ય ‘સોશ્યલ મીડિયા ઇન્ફલુએન્સર્સ’ મેદાનમાં આવી ગયાં છે.

પરંતુ સામે તો : ‘મેડોક’ એ શું કર્યું કે એણે પવિત્રા જેવા ઇન્ફલુએન્સર્સની આવી વીડિયો પોસ્ટને કોપીરાઇટનો ભંગ ગણાવીને ફ્લેગ કરી દીધી. અને યે તો કુછ ભી નહીં હૈ... કેરળની ખ્રિસ્તી કમ્યુનિટીની લાગણી પણ ઘવાઈ છે. ટ્રેલરના એક દ્રશ્યમાં સિદ્ધાર્થ અને જહાનવીના ચર્ચમાં રોમાન્સ દર્શાવ્યાં છે. આનો પણ વિરોધ હવે શરૂ થઇ ગયો છે.

જોકે ‘મેડોક’વાળાનું આ વર્તન નવાઈ પમાડે તેવું નથી. અગાઉ એક અત્યંત જાણીતાં ટ્રેડ એનાલિસ્ટે ‘મેડોક’ની એક ફિલ્મમાં કરવામાં આવેલા બ્લોક બુકિંગની પોલ ખોલી હતી. એ પછી ‘મેડોકે’ એની બીજી ફિલ્મના પ્રીમિયરમાં પેલા એનાલિસ્ટને બોલાવ્યા જ નહીં.

### ‘ધ વિવાદિત ફાઈલ્સ’



વિવેક અગ્નિહોત્રી

વિવેક અગ્નિહોત્રીની ફિલ્મ ‘ધ બેંગોલ ફાઈલ્સ’નું હજી ટ્રેલર આવે આવે ત્યાં તો એના વિવાદો શરૂ થઇ ગયાં છે. બંગાળના સ્વતંત્રતા સેનાની ગોપાલ મુખર્જીના પૌત્ર શાંતનુ મુખર્જીએ અગ્નિહોત્રી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી દીધી છે. ટ્રેલરમાં ગોપાલ મુખર્જીને બે અલગ અલગ ઉપનામે ઉદ્દેશવામાં આવ્યા છે. શાંતનુ મુખર્જીનું કહેવું છે કે આ બંને ઉપનામો એમના દાદા માટે અપમાનજનક છે.

આ ફિલ્મનાં બે કલાકાર નામે શાશ્વતા ચેટરજી અને સૌરવ દાસે પોતાની જાતને આ ફિલ્મથી અળગી કરી દીધી છે. કેમ? તો આ બંનેનો આરોપ એવો છે કે વિવેકભાઈએ સ્ક્રિપ્ટમાં એમની જે ભૂમિકા કહી હતી તેનાથી તે ટ્રેલરમાં સાવ વિરુદ્ધ દેખાઈ રહી છે. અહીં પ્રશ્ન એ પણ છે કે આ ફિલ્મ લગભગ દોઢ વર્ષથી બની રહી છે. વિવેક અગ્નિહોત્રી તેની કથા બે વર્ષથી સોશ્યલ મીડિયામાં કહી રહ્યા છે તો ચેટરજી દાદા અને દાસ મોશાઈ આમ અંધારામાં કેમના રહી ગયાં હશે?

-ઔર અભી તો રુકો! વિવેક અગ્નિહોત્રી પણ ક્યાંય ગાંજ્યા જાય એવા નથી. એમણે પણ સામે કેસ ફટકારવાની ધમકી આપી છે.

અગ્નિહોત્રીને ભય છે કે એમણે કરેલી વાર્તા એટલી તો વિવાદિત છે કે કદાચ પશ્ચિમ બંગાળમાં તેની રિલીઝ પર પ્રતિબંધ ન લાગી જાય. આથી સંભવિત પ્રતિબંધને લઈને એ કોર્ટનાં દ્વાર ખખડાવશે... ખરેખર આ ‘ધ બેંગોલ ફાઈલ્સ’ નહીં, પરંતુ અત્યારે તો એ વિવાદિત ફાઈલ્સ જરૂર લાગે છે!

### ફિલ્મ કરતાં પોપકોર્નનો વટ વધારે...



છેલ્લાં અમુક વર્ષોથી ફિલ્મ મેકર્સમાં એક ગણગણાટ શરૂ થયો છે. વાત એમ છે કે મલ્ટિપ્લેક્સમાં લોકોને મોંઘી ટિકિટ સાથે મોંઘું ફૂડ પણ પીરસવામાં આવે છે. કોઈને પણ ત્યાંનું ફૂડ ખાવા પર કોઈ દબાણ નથી તેમ છતાં એક શંકા તમામને હતી કે આટઆટલી ફિલ્મો ફ્લોપ જતી હોવા છતાં આ મલ્ટિપ્લેક્સ કેવી રીતે ટકી રહ્યાં છે? તમાચો મારીને ગાલ લાલ રાખી શકાય એટલી સંખ્યામાં પણ ફિલ્મો ચાલતી નથી તો પછી કુછ તો ગડબડ હૈ, દયા!

-તો હવે આ ‘ગડબડ’ સામે આવી ગઈ છે. હાલમાં એક આંકડો સામે આવ્યો છે જે ખરેખર આશ્ચર્ય પમાડે તેવો છે પણ ખરો છે અને નથી પણ. પીવીઆર જે દેશની સહુથી મોટી મલ્ટિપ્લેક્સ ચેઈન છે, તેની ટિકિટની કમાણીમાં રૂપિયા ૩૧૬ કરોડની ઘટ નોંધાઈ છે. ગત નાણાકીય વર્ષ કરતાં આ નાણાકીય વર્ષમાં દર્શકોની સંખ્યા લગભગ ૧૦% ઘટી છે, પરંતુ પીવીઆરમાં વેચાતાં ફૂડ એન્ડ પીણાંની કમાણી વધી છે.

એટલે કે લોકોની પીવીઆરમાં જવાની સંખ્યા તો ઘટી છે, પરંતુ જેટલાં પણ લોકો અહીં જાય છે એમાંથી મોટાભાગના પોપકોર્ન અને કોલા જરૂર લે છે. જોકે ફૂડ એન્ડ બેવરેજીઝનું વેચાણ ફક્ત દોઢ ટકા જ વધ્યું છે, પરંતુ ટિકિટ અને ફૂટફોલ્સની જે ટકાવારી ઘટી છે એની અવગણના થઇ શકે તેમ નથી...! ■

### કટ એન્ડ ઓકે...

*‘રજની સર પ્રત્યે આદર અને પ્રેમ જ એટલાં છે કે હું મારી ફી માગી પણ કેમ શકું?’*

*‘કુલી’માં વિનામૂલ્યે કામ કરવાના પ્રશ્ન પર આમિર ખાનનો જવાબ*

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા


# મૈં સમય હૂં...મૈં સિનેમા હૂં!

## સમયના આધારે પ્રયોગાત્મક બનેલી ફિલ્મ્સના આ રસપ્રદ કિસ્સા જાણવા જેવા છે.

સિનેમા વિશે વાત કરીએ ત્યારે આપણે હંમેશાં સ્ક્રીન પર શું દેખાય છે તેની જ ચર્ચા કરીએ છીએ, પરંતુ કેટલીક ફિલ્મ્સ એવી બની છે કે તેમની કહાની માત્ર સ્ક્રીન સુધી મર્યાદિત નથી રહેતી, તેમની મેકિંગની પ્રક્રિયા, સમય, પરિસ્થિતિ અને ધીરજ જ તેમની ઓળખ બની જાય છે.

આવો, આવી અમુક હોલિવૂડ ફિલ્મ્સનાં ઉદાહરણ પર ચર્ચા કરીએ.

સૌથી પહેલાં વાત કરીએ તાજેતરમાં ચર્ચામાં આવેલી જહોન મેલ્કોવિચ અને રોબર્ટ રોડ્રિગ્ઝની ફિલ્મ ‘૧૦૦ યર્સ’ વિશે.








આ ફિલ્મ બની છે તો છેક ૨૦૧૫માં, પણ આને The Movie You Will Never See તરીકે જાહેર કરવામાં આવી છે. હા, ખરેખર આ ફિલ્મ આપણે ક્યારેય જોઈ શકીશું નહીં, કારણ કે તેને એક હાઈ-ટેક સેફમાં બંધ કરી દેવામાં આવી છે અને તે માત્ર વર્ષ ૨૧૧૫માં જ ખૂલશે. આ વિચિત્ર પ્રોજેક્ટ ફ્રાન્સની રોમી માર્ટીન નામની શરાબની બ્રાન્ડ પ્રોડક્ટ લૂઈ XIII (જે ખુદ પણ સો વર્ષ પછી તૈયાર થાય છે)ના માનમાં તૈયાર કરવામાં આવ્યો છે. આ ફિલ્મને બનાવવાનો હેતુ પણ એવો જ હતો કે જો દારૂ માટે ૧૦૦ વર્ષ રાહ જોવી પડે તો આર્ટ માટે પણ એટલી જ ધીરજ રાખવી જોઈએ...! આ જાણીને જ આશ્ચર્ય થાય છે કે આજે આપણે જે વિશે વાત કરી રહ્યા છીએ તે ફિલ્મ આપણા જીવનકાળમાં કોઈ જોઈ પણ નહીં શકે. બીજું આવું જ ઉદાહરણ છે રિચાર્ડ લિંકલેટરની ‘બોયહૂડ’. આ ફિલ્મ સિનેમા ઇતિહાસમાં સૌથી અનોખા પ્રયોગોમાંની એક છે. વર્ષ ૨૦૦૨થી શરૂ કરીને ૨૦૧૩ સુધી સતત ૧૨ વર્ષ સુધી આ ફિલ્મનો દર વર્ષે થોડો થોડો ભાગ શૂટ કરવામાં આવ્યો હતો. મુખ્ય પાત્ર એલર કોલટ્રેન એ જ છોકરો છે જે છ વર્ષની ઉંમરે ફિલ્મની શરૂઆતમાં દેખાય છે અને અઢાર વર્ષની ઉંમરે કોલેજ સુધી પહોંચે છે. તેની સાથે પેટ્રિશિયા આર્ક્વેટ, ઇથન હોક અને લિંકલેટરની દીકરી લોરેલી લિંકલેટર પણ દર વર્ષે કેમેરા સામે આવ્યા (‘બોયહૂડ’નું મેકિંગ તો અલાયદા લેખનો વિષય છે). પરિણામે એક એવી ફિલ્મ મળી જે માત્ર કહાની નહોતી, પણ સાચા અર્થમાં સમયનો અરીસો બની ગઈ. દર્શકોએ પાત્રોને મોટાં થતાં પોતાની આંખો સામે જોયાં. ‘બોયહૂડ’ને વિવેચકોએ વખાણી અને તેને છ ઑસ્કર નોમિનેશન્સ પણ મળ્યાં.

હવે વાત કરીએ ‘પર્સપેક્ટિવ’ નામની કેનેડિયન ફિલ્મ સિરીઝની. બી.પી. પેક્વેટ દ્વારા ૨૦૧૨થી ૨૦૨૦ વચ્ચે




બનેલી આ સિરીઝમાં પ્રેમ-ત્રિકોણની કહાનીને અલગ અલગ પ્રકરણમાં બતાવવામાં આવી હતી. હકીકતે આ એક ફિલ્મ હતી, જેને પ્રકરણમાં વહેંચીને દર વર્ષે ‘સિનેફેસ્ટ સડબરી ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ’માં રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત ‘પર્સપેક્ટિવ’માં એક રસપ્રદ વાત દિગ્દર્શકે એ રાખી કે મુખ્ય ત્રણ પાત્ર ભજવતા એક્ટર્સ વારાફરતી આ ત્રણેય પાત્ર ભજવે છે. મતલબ એક એક્ટર-એક પાત્ર એમ નહીં, પણ ચાલુ દ્રશ્યે કે અમુક વખતે એક સંવાદમાં પણ એ પાત્રો માટે એક્ટર્સ બદલાઈ જાય છે. છે ને ગજબનો વિચિત્ર કન્સેપ્ટ!

અત્યંત ચર્ચાસ્પદ ઉદાહરણ છે ઓરસન વેલ્સની ‘ધ અધર સાઇડ ઑફ ધ વિન્ડ’. આ ફિલ્મનું શૂટિંગ ૧૯૭૦માં શરૂ થયું અને ૧૯૭૬ સુધી ચાલ્યું, પરંતુ અનેક કાનૂની અને આર્થિક સમસ્યાઓને કારણે ફિલ્મ અધૂરી રહી ગઈ. વેલ્સના અવસાન (૧૯૮૫) પછી લાગ્યું કે હવે આ ફિલ્મ ક્યારેય પૂરી નહીં થાય, પરંતુ દાયકા પછી ‘નેટફ્લિક્સ’ અને ફિલ્મમેકર્સની એક ટીમે મળીને તેને પૂર્ણ કરી. આખરે ૨૦૧૮માં ‘ન્યૂ યોર્ક ફિલ્મ ફેસ્ટિવલ’માં તેનું પ્રીમિયર યોજાયું અને પછી ‘નેટફ્લિક્સ’ પર વિશ્વભરમાં રિલીઝ થઈ.

એક વધુ મજેદાર ઉદાહરણ છે ‘ધ થીફ એન્ડ ધ કોબ્લર’. આ એનિમેટેડ ફિલ્મ રિચાર્ડ વિલિયમ્સે ૧૯૬૦ના દાયકામાં શરૂ કરી હતી. એમણે લગભગ ૩૦ વર્ષ સુધી સતત આ ફિલ્મ પર કામ કર્યું, પણ પરફેક્શન માટેનો એમનો આગ્રહ અને ફાઇનાન્સિંગની મુશ્કેલીઓએ પ્રોજેક્ટને ક્યારેય પૂરો થવા દીધો નહીં. અંતે :વૉર્નર બ્રધર્સે’ ફિલ્મમાંથી હાથ ખેંચી લીધો. એ પછી ‘કમ્પ્લિશન બોન્ડ’ નામની કંપનીએ તેને અલગ રીતે કાપકૂપ કરીને ગીતો, વોઇસ-ઓવર વગેરે ઉમેરીને ‘ધ પ્રિન્સેસ એન્ડ ધ કોબ્લર’ (૧૯૯૩) અને ‘અરેબિયન નાઇટ’ (૧૯૯૫) તરીકે રિલીઝ કરી , પરંતુ એ વર્ઝન વિલિયમ્સની કલ્પના સાથે મેળ ખાતું નહોતું. બાદમાં ૨૦૦૬માં ગેરેટ ગિલક્રિસ્ટ નામના આર્ટિસ્ટે વિલિયમ્સના ઓરિજિનલ વિચારને બચાવવાના પ્રયાસમાં Recobbled Cut રિલીઝ કર્યો. અને આ ફિલ્મ આજે એક કલ્ટ ક્લાસિક ગણાય છે.

ભારતીય સિનેમામાં પણ સમય, પરિસ્થિતિ અને પ્રયોગના આધારે આવી રસપ્રદ ફિલ્મ્સનાં ઉદાહરણો છે (પણ તેની વાત ફરી ક્યારેક). ટૂંકમાં સિનેમામાં મર્યાદા પણ પોતે જ એક માધ્યમ બની શકે છે. ‘૧૦૦ યર્સ’માં સમય એ એટલું મોટું તત્ત્વ છે કે તે ફિલ્મને રહસ્યમય બનાવી દે છે. ‘બોયહૂડ’માં સમય જ કહાની વહેતી રાખે છે. ‘ધ અધર સાઇડ ઑફ ધ વિન્ડ’ શીખવે છે કે સર્જન ક્યારેક સર્જકથી પણ લાંબું જીવી શકે છે. કલાકારની લાગણી અને મહેનત કદાચ અધૂરી રહે, પરંતુ તે લોકોમાં પ્રેરણા જગાવી શકે છે! ■

**લાસ્ટ શોટ**

*વેલ્સના ૭૦ના દાયકાના ફૂટેજને ૨૧મી સદીની ટેક્નોલોજી સાથે જોડીને ફિલ્મ ‘ધ અધર સાઇડ ઑફ ધ વિન્ડ’ પૂરી કરવામાં આવી હતી.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)


આ ગીતો કઈ ફિલ્મોનાં છે એ જાણો છો?

૧)બચપન કે દિન ભૂલા ના દેના આજ હસે કલ રુલાના...
૨)બચપન કી મહોબ્બત કો દિલ સે ના ભૂલા દેના...
૩)બચપન કે દિન ભી ક્યાં દિન થે ઉડતે ફિરતે તિતલી...
૪)સપનો કા વો આંગન કહા દર્પણ બતા બચપન...
૫)બચપન મેં લિખી કહાની મેરી કૈસે બદલ દી જવાની...
૬)બચપન હર ગમ સે બેગાના હોતા હૈ જનમ કા...
૭)જા જા જા મેરે બચપન કહી જા કે છુપ નાદાન...

## ક્વિઝ (બ)

આ ફિલ્મમાં કયા હીરોભાઈઓ બચપનમાં છૂટ્ટા પડી જાય છે?

૧)અમર અકબર એન્થોની
૨)હાથ કી સફાઇ
૩)ધરમ વીર
૪)યાદો કી બારાત
૫) વક્ત
૬)જોની મેરા નામ
૭) ગિરફ્તાર




**જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’**




અરવિંદ વેકરિયા

# જ્યાં સ્નેહ છે ત્યાં સંકડાશ નથી ને સ્વાર્થ છે ત્યાં મોકળાશ નથી...

થોડાં શિલિંગ ખિસ્સામાં આવતાં ત્રણેયને થોડી રાહત મળી જ ગઈ. ખાસ તો એસ.ટી.ડી.ની ચુકવણી સહેલાઈથી કરી શકતાં. વિચાર્યું કે ખિસ્સું ખાલી થશે ત્યારે ‘એડવાન્સ’ની ટહેલ નાખીશું.

પહેલો શો ‘થિયેટર ઓફ કેનિયા’માં હતો જેમાં પહેલું નાટક હતું અને એમાં હું હતો એટલે સ્વાભાવિક રોમાંચ અને ઉત્સાહ રહેવાનો જ.

વિદેશી તખ્તે અમારી ત્રિપુટી પહેલીવાર મંચન કરવાની હતી. નાટકની તૈયારી સરસ જ હતી. અમારી ક્ષમતા તો હતી, પણ સિદ્ધાર્થની કામ કઢાવવાની લઢણ પણ સારી હતી. એ કાબેલિયતે આજે એને સફળ પુરવાર કરી દીધો છે. આત્મવિશ્વાસ- સંઘર્ષ અને દ્રઢતા, આ ત્રણે સાથે હોય તો એ જીવનની દરેક હરીફાઈ જીતવાનું સૂત્ર બની રહે છે.

થિયેટર પહોંચ્યાં. આજુબાજુનું વાતાવરણ, આવેલી ઓફિસો અને હોટલ્સ વગેરે બહુ સુંદર હતું. મુંબઈ કરતાં બધું નવું-નવું લાગતું હતું. ચોખ્ખાઈ પણ અદ્‌ભુત હતી. હું માવો ખાવાવાળો. થૂંકવાનું મન ન થાય એવાં અરીસા જેવાં રસ્તાઓ હતાં. હા, ‘ગાર્બેજ’ (કચરા પેટી) ત્યાં થોડાં થોડાં અંતરે હતી એટલે મોઢામાં ભરાઈ આવતો માવાનો ડૂચો આવતાં હું ગાર્બેજમાં ‘સ્વાહા’ કરી શકતો. મુંબઈમાં આવી કચરા પેટી હોય છે, પણ ક્યાં અને ક્યારે દેખાશે એ નક્કી નથી હોતું એટલે જ તંબાકુ ખાનારાં મોઢામાં વધારે વખત રાખી ન શકતાં રસ્તાને ગંદો કરે છે.

થિયેટરમાં સેટ કલાકારોએ ‘તૈયાર’ કરવાનો હોય એટલે કે લગાડવાનો હોય છે. અમારી પહેલી ટુર હતી એટલે પૂરા ઉત્સાહથી અમે ત્રણેય મંડી પડતાં. કદાચ બધાં કરતાં વધુ ઉત્સાહ દેખાડતાં. એ ઉત્સાહ થાક લાગવા નહોતો દેતો. ત્યાં મેક-અપ પણ જાતે કરવો પડતો. સ્પોન્સરને મોટો કાફલો પોસાતો નથી હોતો એટલે આવી વ્યવસ્થા અત્યારે પણ દરેક વિદેશ સફર કરનારાં નાટ્ય-ગ્રુપો કરતાં હોય છે.

સેટ લગાડી અમે તૈયાર થઈ ગયાં. ‘કર્ટન’ આપી, પ્રથમ ઘંટડી વાગી ગઈ. ‘નાટક કેવું જશે?’ એ વિચાર સાથે હૃદયના ધબકારા વધતાં જતાં હતાં. ત્રણેય જીગરજાન દોસ્તોએ વિદેશમાં સાથે નાટક ભજવવાનું સપનું આજે સાકાર થવાનું હતું. ખરેખર! તમારી પાસે એવું સપનું હોવું જોઈએ જેની કિંમત તમારી નીંદર કરતાં વધુ હોય.

નાટકની ત્રીજી બેલ વાગી. હું ‘ઓન-સ્ટેજ’ જ હતો. કર્ટન ખુલે અને નાટક શરૂ થાય એ પહેલાં મ્યુઝિક શરૂ થયું. પ્રેક્ષકોનો ગણગણાટ ધીમો પડતો જતો હતો. ત્યાં બેકસ્ટેજમાંથી ‘ચપટી’ વાગવાની શરૂઆત થઇ, જે સિદ્ધાર્થ વગાડતો હતો :


‘દાદુ, પેસ પકડ.’ હું નવાઈ પામ્યો. મેં કહ્યું:

‘સિદ્ધાર્થ, હજી કર્ટન પણ ખુલ્યો નથી’.

દિગ્દર્શક તરીકેની અપ્રતિમ સફળતા આવાં કારણોથી મળે છે. નાની નાની વાતમાં પૂરતું ધ્યાન. પહેલો શો હતો એટલે બેકસ્ટેજમાંથી ખ્યાલ નહીં આવ્યો હોય, પણ નાટક માટેનું ડેડીકેશન તમને દેખાઈ આવે.

પછી તો નાટક પુરજોશમાં ચાલ્યું. ઈન્ટરવલમાં રાજાણી અને એમનાં કાર્યકર્તા આવ્યા. બધાને અભિનંદન આપ્યા. ખાસ તો સિદ્ધાર્થને વધાવ્યો. બધાં ખુશ. શો પૂરો થયો. બીજા દિવસનાં નાટકમાં હું નહોતો. મારે મદદ કરવા તો આવવાનું જ હતું. આમ પણ હું એકલો ‘અજી-હાઉસ’માં શું કરવાનો હતો. કંટાળ્યા સિવાય.

જતિન કાણકિયા હંમેશા વ્યવસ્થિત ડ્રેસ પહેરતો. પહેલો શો પૂરો થતાં થોડું કામ કરી ‘ટાઈ’ શર્ટ ઉપર ચઢાવી હાથમાં ત્યાંનો ખાસ ‘ટસ્કર’ બિયરનું



રસિક દવે, અરવિંદ વેકરીયા અને પ્રતાપ સચદેવ

કેન લઈ વેનમાં બેસી ગયો. સિદ્ધાર્થની દેખરેખ હેઠળ અમે બાકીનાં કલાકારો કામ કરતાં રહ્યાં. સેટ વ્યવસ્થિત પેક કરી દેવાનો હતો. બીજા દિવસે બીજું નાટક હતું. બે સેટમાં બધું ‘એડજસ્ટમેન્ટ’ કરેલું. સેટ પેક કર્યા પછી થોડો થાક ફીલ થયો. જતીન બિયર લઈ વેનમાં બેસી જતો. છેલ્લે રાજુ સાવલા અને અમારી ત્રિપુટી વેનમાં બેસતી. નીકળતી વખતે અમારે રાજાણીની કારને ‘ફોલો’ કરવાની.

મુંબઈની ડયુટી ફ્રી શોપમાંથી નવા નિશાળીયાઓએ લીધેલ ‘ટીચર્સ’ વ્હીસ્કી તો ‘અજી- હાઉસ’માં હતી નહીં તો કદાચ પહેલા શોની ઉજવણી...! માત્ર યાદ કરી નશો કરી લીધો.

ડિનર પતાવી અમે બધાં ‘અજી-હાઉસ’ આવી જતાં. થોડી ગપસપ કરી સૌ પોતપોતાની રૂમમાં. અમે બે જણની રૂમમાં ત્રણ રહ્યા હતા. એ ખુશી કમાલની હતી. કહે છે કે જ્યાં સ્નેહ હોય ત્યાં સંકડાશ નથી હોતી અને જ્યાં સ્વાર્થ હોય ત્યાં મોકળાશ નથી હોતી. અમારો સ્નેહ તો પારિવારિક હતો અને સ્વાર્થ તો કોઈ હતો જ નહી.!

સવારે મારે વહેલા નાહી-ધોઈ સેવા કરવાનો ક્રમ રહેતો. ત્યાં કપડાં જાતે જ ધોવાના રહેતા. ત્યાં જે બાથરૂમ હતો એની પોણી દીવાલ હતી. સનત-સચ્ચું બૂમો ઓછી પાડતા પણ ત્યાંથી પોતાનાં કપડા ફેંકતા. જી, હું મારાં કપડાં હાથથી છબછબાવતો હોઉં ત્યાં દીવાલ ઉપરની જગ્યામાંથી બે-ચાર કપડા ફેંકાતા. આ ધોઈ નાખજે દાદુ. અને મીઠા ગુસ્સા સાથે હું ધોઈ પણ નાખતો.

આ ‘ધોવાનો’ આનંદ પણ ગજબનો હતો. હું કપડાં ધોઈ નાખતો એનો એ બન્ને આભાર માની પૂછી લેતાં ‘ખોટું નથી લાગ્યું ને’? હું ક્યારેક લાગે તો પણ હસી લેતો. અમારાં સુખ-દુ:ખમાં અમારાં બધાની ‘કુંડળી’ કરતા અમારી ‘મંડળી’ વધુ ભાગ ભજવતી.

બીજે દિવસે, નાટકમાં હું નહોતો પણ મદદરૂપ થવાં થિયેટર પર જવાનું તો હતું...! ■

**ડબલ રિચાર્જ**

ભક્તઃ બાબા, હું ભણેલો ગણેલો છું, પણ ક્યાંય નોકરી નથી મળતી...

બાબાઃ ક્યાં સુધી ભણ્યો છે?

ભક્તઃ : બાબા, મેં BA કર્યું છે.

બાબાઃ એકવાર ફરી BA કરી લે. બે વાર કરવાથી તું BA BA (બાબા) બની જઈશ પછી નોકરીની જરૂર નહીં પડે.

ફિલ્મનામા
નરેશ શાહ

# મિયાં-બીવી ઔર મર્ડર... ભેદભરમના ભોપાળાં

આપણે ભલે માણસોને બ્લેક ઈન વ્હાઈટના ખાનામાં મૂકતાં રહીએ પણ ખરેખર તો માણસ માત્ર ગ્રેડ શેડ ધરાવતું પ્રાણી છે. મતલબ કે દરેકમાં પ્લસ-માઈનસના પાનાં સરખી રીતે જ ચિતરાયેલાં હોય છે, પછી એ ભાગીદારો હોય કે સગા ભાઈઓ કે પતિ-પત્ની.

MX Player પર સ્ટ્રીમ થયેલી ‘મિયાં- બીવી ઔર મર્ડર’ વેબ સિરીઝ આવી જ નબળાઈ ધરાવતાં પતિ-પત્નીની વાત કરે છે, પણ, એ રોહિત શેટ્ટીની ભેજાગેપ કોમડી ફિલ્મના અંદાઝમાં. જી, તમને ભેજાગેપ છતાં મજેદાર કોમેડીનો તડકો મારેલી મર્ડર-મિસ્ટરી જોવામાં રસ હોય તો બચ્ચાંઓ સૂઈ જાય પછી (કારણ કે તેમાં છૂટથી ગાળો બોલવામાં આવે છે અને સેક્સુયલ જેસ્ચર-જાતીય ઈશારા પણ છે!) ‘મિયાં બીવી...’ જોવા જેવી ખરી...

પોતાના પોલીસકામમાં જ વ્યસ્ત રહેતાં ડીસીપી જયેશ રોય (રાજીવ ખંડેલવાલ)ની પત્ની પ્રિયા (મંજરી ફડણવીસ) પતિથી સંતુષ્ઠ નથી એટલે મિશન માટે રાતભર કામે જતાં પતિની ગેરહાજરીમાં પ્રિયા નવા-નવા ફ્રેન્ડ બનેલાં વરુણને પોતાના ઘરે બોલાવે છે. રંગરેલિયા મનાવવા વાસ્તે, પણ...

પ્રિયા અને વરુણ રંગરેલિયા મનાવતાં હોય છે એ દરમિયાન ડ્રગ્ઝની આડઅસર રૂપે વરુણનું કાર્ડિયાક એરેસ્ટથી મૃત્યુ થઈ જાય છે. એ જ સમયે પતિ ડીસીપી જયેશ રોય ફલેટની ડોર બેલ મારે છે એટલે ‘લાશ અને લફરૂ’ છુપાવવા માટે પ્રિયા બિઝી થઈ જાય છે. બધું થાળે પાડી પ્રિયા ફલેટનો દરવાજો ખોલે છે તો નજર સામેનું દૃશ્ય જોઈને તે હેબતાઈ જાય છે... પતિ જયેશ દાદરા પરથી પડીને મૃત્યુ પામેલી ઘર નોકરાણી માલતી પાસે બેઠો છે!

બે.. બે મર્ડર...એક લાશ પત્નીનાં કારણે ઘરમાં પડી છે તો બીજી લાશ પતિના કારણે સીડી પર છે! નોકરાણી માલતી સાથે પતિ જયેશ રોયને અફેર હતું અને એ પ્રેગનન્ટ બનીને જયેશને બ્લેક મેઈલ કરવા ફલેટ સુધી આવી ગઈ હતી. તેને દૂર હડસેલવા જતાં માલતી ગબડીને મૃત્યુ પામી હતી.

હવે આ બન્ને લાશને ઠેકાણે પાડવાની મથામણમાં પતિ-પત્ની ધંધે લાગે છે પણ એ દરમિયાન એટલું બધું બને છે કે તમે સ્તબ્ધ થઈને આ ભોપાળું જોતાં રહો છો. ઘરમાં બેડરૂમમાં બે લાશ પડી છે અને પ્રિયા-જયેશના ફલેટમાં સુરક્ષા માટે બે પોલીસ અધિકારી આવી પહોંચે છે. મરનાર વરુણનો ગે-બોયફ્રેન્ડ પણ ઘરમાં ઘૂસે છે. ડીસીપી જયેશ રોયે એ રાતે જ નોકરીમાંથી કાઢી મૂકેલો અચ્છેલાલ પણ ખરે ટાંકણે ડોર બેલ વગાડે છે. મુંબઈનો ડોન




અબ્બાસ મીઠા પણ પોતાના સાગરીતો સાથે ત્યાં પધારે છે તો એક પિત્ઝા બોય ડિલિવરી કરવા આવી પહોંચે છે...

ભેદભરમને છુપાવવા માટે રચાતાં આ ભોપાળાં એટલાં તો ઈન્ટરેસ્ટિંગ છે કે મર્ડર મિસ્ટરી હોવા છતાં તમે મરકતાં રહો છો. ‘ફિલ્મનામા’ કોલમમાં અનેક થ્રિલર વેબ સિરીઝ વિશે લખાયું છે, પરંતુ સુનીલ માનચંદાએ ડિરેક્ટ કરેલી ‘મિયાં- બીવી ઔર મર્ડર’ જેવી હલ્કીફુલકી થ્રિલર વિષે પ્રથમવાર લખાઈ રહ્યું છે.

આ વેબ સિરીઝનું નિર્માણ પણ સુનીલ માનચંદા અને સંબિત મિશ્રાએ કર્યું છે અને સ્ક્રીન પ્લે તેમજ ડાયલોગ પણ એમના જ છે. એકાદ બે નમૂનાઃ

યે તીસરા કૌન યહાં આ કે મર ગયા... સર, ઈસકે પાસ પિસ્તોલ તો હૈ પર ગોલી નહીં હૈ... યે દોસ્ત હૈ તો ફીર (ઈસ) લાશ કી ઝીપ (પેન્ટની ચેઈન) ક્યોં ખૂલી હૈ?

રાજીવ ખંડેલવાલ, મંજરી ફડણવીસ, અસ્મિતા કૌર બક્ષીસ (માલતી), આશુતોષ પાંડે (અચ્છેલાલ), પ્રસાદ ખાંડેકર (ઈન્સ્પેક્ટર સાંવત,) રૂસદ રાણા (અબ્બાસ મીઠા) જેવા કિરદાર અને અભિનેતા ‘મિયાં...’ના પ્લસ પોઈન્ટ છે.

વેબ સિરીઝનો આ વિચાર જ નવતર છેઃ પોલીસ ઓફિસર અને તેની પત્ની, બન્ને એક-એક મર્ડરમાં નિમિત્ત બને. બન્નેની લાશ ઘરમાં જ રાખવી પડે અને પોલીસ હોવા છતાં એની પોલીસ કમ્પલેઈન ન થઈ શકે એવી સિચ્યુએશન જ લાફટર માટે પૂરતી છે... ■

# સાવધાન! મુંબઈનું પાણી દૂષિત છે

## બાંદ્રા પૂર્વ, ભીંડી બજાર, મસ્જિદ બંદરમાં સૌથી વધુ દૂષિત પાણી

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના વાર્ષિક પર્યાવરણ અહેવાલમાં ખુલાસો થયો છે કે મુંબઈના બી વોર્ડ વિસ્તારમાં ભીંડી બજાર, મસ્જિદ બંદર, એચ પૂર્વમાં બાંદ્રા, સાંતાક્રુઝ અને કોલાબા, એ વોર્ડમાં કફ પરેડમાં સૌથી વધુ દૂષિત પાણી પુરવઠો થઈ રહ્યો છે. જ્યારે મરીન ડ્રાઇવ, સી વોર્ડમાં કાલબાદેવી, એન વોર્ડમાં વિદ્યાવિહાર, પી નોર્થ ઝોનમાં વિક્રોલી પાર્ક સાઇટ, માલવણી, મઢ મલાડ વિસ્તારોમાં શૂન્ય ટકા દૂષિત પાણી છે.

મુંબઈને દરરોજ ૩,૯૫૦ મિલિયન લિટર પાણી પૂરું પાડવામાં આવે છે અને તે પાણીની ચેનલોના મોટા નેટવર્ક દ્વારા પૂરું પાડવામાં આવે છે. તે સમયે શહેરમાં વિવિધ સ્થળોએ પાણી પુરવઠામાં દૂષિત થવાની સંભાવના છે અને ચોમાસા દરમિયાન પૂરના પાણી જમા થવાને કારણે, ઝૂંપડપટ્ટીઓમાં ગેરકાયદેસર પાઇપ કનેક્શન, પાઇપ લીકેજ, નબળી પાઇપ અને અયોગ્ય જાળવણીને કારણે પાણી દૂષિત થઈ શકે છે. દરમિયાન ભાંડુપમાં પપમિંગ સ્ટેશન મા પાણીને શુદ્ધ કરવામાં આવે છે જેથી મુંબઈવાસીઓ માટે સ્વચ્છ અને શુદ્ધ પાણી મળી રહે.

વિતરણ કરાયેલા પાણીની ગુણવત્તા પણ તપાસવામાં આવે છે. આનાથી અધિકારીઓ પાણીની ગુણવત્તા અને તેના સંભવિત જોખમો વિશે માહિતી મેળવી શકાય અને યોગ્ય પગલાં લઈ શકે છે

મુંબઈમાં દૂષિત પાણીની ટકાવારી ૦.૪૬ છે.

પાલિકા દરરોજ લગભગ ૧૫૦-૧૮૦ નમૂનાઓ અને ચોમાસા અથવા કટોકટી દરમિયાન જળાશયો અને પાણી વિતરણ પ્રણાલીઓમાંથી લગભગ ૨૦૦-૨૫૦ પાણીના નમૂનાઓ એકત્રિત કરે છે અને તેનું પરીક્ષણ કરે છે. ધોરણો અનુસાર, પીવાના પાણીના આ નમૂનાઓ કોલિફોર્મ અને ઇ-કોલી બેક્ટેરિયાથી મુક્ત હોવા જોઈએ. ૨૦૨૪-૨૫ના અહેવાલ મુજબ મુંબઈમાં દૂષિત પાણીની ટકાવારી ૦.૪૬ છે. ■

# વરલીની પંચતારક હૉટેલને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈ: વરલી વિસ્તારમાંની પંચતારક હૉટેલમાં બૉમ્બબ્લાસ્ટની ધમકી આપતો ઇ-મેઇલ મોકલવામાં આવ્યો હતો. ફોર સિઝન્સ હૉટેલને બુધવારે રાતે ધમકીભર્યો ઇમેઇલ પ્રાપ્ત થયા બાદ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ઇમેઇલ મોકલવા આઉટલૂક ઇમેઇલ આઇડીનો ઉપયોગ કરાયો હોઇ તેમાં તમિળનાડુ પોલીસનો ઉલ્લેખ કરીને તેમને યુનિયન સ્થાપવા દેવાની પરવાનગી આપવામાં આવે, એવી માગણી કરાઇ હતી. ઇમેઇલમાં ત્રણ વીઆઇપી રૂમને નિશાન બનાવીને આરડીએક્સ તથા આઇઇડી દ્વારા બૉમ્બબ્લાસ્ટ કરવાની ચેતવણી અપાઇ હતી અને હૉટેલમાં રોકાયેલા લોકોને બહાર કાઢવાનું પણ કહેવામાં આવ્યું હતું. ઇમેઇલ પ્રાપ્ત થયા બાદ તેની જાણ પોલીસને કરાઇ હતી. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોઇ ઇમેઇલ મોકલનારની શોધ ચલાવાઇ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૪ ઑગસ્ટે મુંબઈ પોલીસના કન્ટ્રોલ રૂમને કૉલ આવ્યો હતો, જેમાં ટ્રેનમાં બ્લાસ્ટની ધમકી આપવામાં આવી હતી. પોલીસે આ અંગે રેલવે પોલીસને જાણ કરી હતી. બાદમાં તપાસ હાથ ધરાઇ હતી, પણ કશું વાંધાજનક મળી આવ્યું નહોતું.■

# આરએસએસના કાર્યક્રમમાં સુનેત્રા પવાર, અજિત પવારે કહ્યું મને ખબર નથી

મુંબઈ: એનસીપીના રાજ્યસભાના સાંસદ સુનેત્રા પવાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના એક કાર્યક્રમમાં હાજરી આપી હોવાનું પ્રકાશમાં આવ્યા બાદ નવા સવાલો ઉપસ્થિત થઈ રહ્યા છે. તેમણે ભાજપના સાંસદ કંગના રનૌતના ઘરે આયોજિત ‘રાષ્ટ્ર સેવિકા સમિતિ’ની મહિલા પાંખના કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમનો ફોટો સામે આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં તેની ખાસ્સી ચર્ચા થઈ રહી છે. એનસીપી (એસપી)ના નેતા અને વિધાનસભ્ય રોહિત પવારે આને બેવડી વર્તણૂક ગણાવીને ટીકા કરી છે. જ્યારે રાજ્યના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે પણ આ અંગે જવાબ આપ્યો છે.

ભાજપના સાંસદ કંગના રનૌતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરી છે. આમાં, તેમણે કેટલાક ફોટા પોસ્ટ કર્યા હતા. એક ફોટામાં એનસીપીના રાજ્યસભાના સાંસદ સુનેત્રા પવાર પણ જોવા મળી રહ્યા છે.

‘આજે મારા ઘરે રાષ્ટ્ર સેવિકા સમિતિ મહિલા શાખાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાલો આપણે બધા ભેગા થઈને સનાતન મૂલ્યો, હિન્દુ સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતનાને વધુ મજબૂત બનાવીએ. આપણે બધાએ માનવ સેવા અને રાષ્ટ્ર નિર્માણ અને સનાતન સંસ્કૃતિના રક્ષણ માટે કામ કરતા રહેવાનો સંકલ્પ કર્યો છે. મહિલાઓની જાગૃતિ અને ભાગીદારી દેશને મજબૂત બનાવે છે,’ એમ કંગના રનૌતે પોતાની પોસ્ટમાં લખ્યું હતું. આ દરમિયાન વર્ધામાં એક પત્રકાર પરિષદમાં અજિત પવારને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે અજિત પવારે એવો જવાબ આપ્યો હતો કે તેમને આની જાણ નહોતી. અજિત પવારે કહ્યું હતું કે, હું પૂછી જોઈશ. મને ખબર નથી. મને ખબર નથી કે મારી પત્ની સવારથી સાંજ સુધી, મિનિટે-મિનિટે ક્યાં જાય છે. હું હવે પૂછી લઈશ, તે ક્યાં ગઈ હતી? એવા શબ્દોમાં અજિત પવારે સવાલ પુછનારાને ઝાટકી નાખ્યો હતો. ■

# પ્રોજેક્ટ સમયસર પૂર્ણ નહીં થાય તો સંબંધિતો સામે કાર્યવાહી કરવામાં આવશે: એકનાથ શિંદે

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ, નગર વિકાસ વિભાગે કેન્દ્ર સરકારની અમૃત ઝુંબેશ તેમજ નગરોત્થાન મહા અભિયાનના માળખાકીય પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થાય અને નાગરિકોને સુવિધાઓનો લાભ ઝડપથી મળે તે માટે કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરી છે. આ અંગેનો સરકારી આદેશ પણ ગુરુવારે પ્રકાશિત થયો હતો. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો પ્રોજેક્ટ સમયસર પૂર્ણ નહીં થાય તો જવાબદારી નક્કી કરીને સંબંધિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. આનાથી અમૃત યોજનાના બીજા તબક્કા અને નગરોત્થાન પ્રોજેક્ટ્સની ગતિ વધશે, વધુ પારદર્શિતા આવશે અને સૌથી અગત્યનું, જવાબદારી નક્કી થઈ શકશે.

નવી જોગવાઈ અનુસાર, પ્રોજેક્ટ પૂર્ણ કરવાની સમયમર્યાદા લંબાવતી વખતે કોન્ટ્રાક્ટર માટે વાસ્તવિક આયોજન કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઉપરાંત, જો નેશનલ હાઈવે ઓથોરિટી, જાહેર બાંધકામ વિભાગ, વન વિભાગ વગેરે પાસેથી સમયસર જરૂરી પરવાનગીઓ નહીં મળે, તો પ્રધાન સ્તરે સીધું ફોલો-અપ કરવામાં આવશે.

જો પ્રોજેક્ટ સમયસર પૂર્ણ નહીં થાય, તો સંબંધિત કોન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અથવા અમલ માટે જવાબદાર અધિકારી સામે નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવા માટે તમામ સંસ્થાઓ માટે સરકારને માસિક અહેવાલો સબમિટ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ માટે એક અલગ ટેમ્પલેટ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ■

# મીરા-ભાયંદર પાલિકાની બસનું શેડ્યુલ ખોરવાયું

## રેલવે સ્ટેશનો બહાર પ્રવાસીઓની લાંબી કતાર

ભાયંદર: મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનનું બસ શેડ્યૂલ ખોરવાઈ ગયું હોવાથી મુસાફરોને ભારે અસુવિધા થઈ રહી હોવાનું સામે આવ્યું છે. બસ સ્ટોપ પર મુસાફરોની લાંબી કતારો જોવા મળી રહી છે.

પાલિકાના કાફલામાં હાલમાં ૧૨૮ બસો છે, જે મુંબઈ, થાણે અને આંતરિક રૂટ પર ચાલે છે. આ બસોમાં દરરોજ એક લાખથી વધુ મુસાફરો મુસાફરી કરે છે. તેથી વહીવટીતંત્રે વિવિધ રૂટ પર જરૂરિયાત મુજબ બસોનું શેડ્યૂલ ગોઠવ્યું છે. દરમિયાન ગુરુવારે આ બસના સમયપત્રકમાં મોટી ગરબડ હોવાનું બહાર આવ્યું હતું.

બસ નિર્ધારિત સમય કરતાં અડધો કલાક મોડી દોડી રહી હતી, જ્યારે કેટલીક જગ્યાએ બસ રદ કરવામાં આવી હતી. પરિણામે મુસાફરો બસ સ્ટોપ પર બસની રાહ જોવી પડી હતી. મીરા રોડ રેલવે સ્ટેશનની બહાર કોઈ બસ ન હોવાથી, મુસાફરોની લાંબી કતારો લાગી હતી. દરમિયાન ડેપોમાંથી જ ઓછી બસ છોડવામાં આવી રહી હોવાની માહિતી કેટલાક બસ ડ્રાઇવરો અને માલિકોએ મુસાફરોને આપી હતી.



છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદને કારણે થાણે રૂટ પર દોડતી કેટલીક બસની સંખ્યા ઓછી હતી. ઉપરાંત કેટલીક બસને નુકસાન થયું હતું અને સમારકામ માટે ગેરેજમાં મોકલી દેવામાં આવી હતી. આ કારણે સવારે બસની અછતની સમસ્યા સર્જાઈ હતી, એમ પરિવહન વિભાગના સૂત્રોએ માહિતી આપી હતી. ■

# ડિજિટલ અરેસ્ટની ધાકે વૃદ્ધા પાસેથી ૭.૮ કરોડ રૂપિયા પડાવવાના કેસમાં યુવકની ધરપકડ

મુંબઈ: ‘ડિજિટલ અરેસ્ટ’ની ધાકે દક્ષિણ મુંબઈમાં રહેતી ૮૧ વર્ષની વૃદ્ધા પાસેથી ૭.૮ કરોડ રૂપિયા પડાવવાના ફ્રોડમાં કથિત રીતે સંડોવાયેલા મલાડના યુવકની સાયબર પોલીસે ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ કાર્તિક ચૌધરી (૨૧) તરીકે થઈ હતી. મલાડના માલવણી વિસ્તારમાં રહેતા ચૌધરીએ આ ફ્રોડમાં સંડોવાયેલા તેના સાથીને પોતાના બૅન્ક ખાતાનો ઉપયોગ કરવા દીધો હતો. વૃદ્ધાને છેતરીને પડાવવામાં આવેલી રકમમાંથી ૧.૯૮ લાખ રૂપિયા ચૌધરીના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર થઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ પોતાના બૅન્ક ખાતામાં જમા થયેલા રૂપિયા કઢાવીને ચૌધરી તેના સાથીને આપતો હતો. આ સાથી ટેલિગ્રામ ઍપના માધ્યમથી ચૌધરીના સંપર્કમાં આવ્યો હતો. બૅન્ક ખાતાના ઉપયોગની સામે ચૌધરીને કમિશન આપવામાં આવતું હતું.

ઉલ્લેખનીય છે કે આટલી મોટી રકમ ગુમાવ્યા છતાં વૃદ્ધાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી. જોકે વૃદ્ધાના ખાતામાંથી મોટી રકમ ટ્રાન્સફર થઈ હોવાની માહિતી મળતાં પોલીસે તપાસ કરી હતી. પ્રાથમિક તપાસ બાદ પોલીસની ટીમ વૃદ્ધાના ઘરે પહોંચી હતી અને અજાણ્યા શખસો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# માતાના નામે બોગસ સ્નેપચૅટ એકાઉન્ટ ખોલી દીકરીને ધમકાવનારા વિરુદ્ધ ગુનો

મુંબઈ: ઑસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતી યુવતી પર નજર રાખવા યુવાને યુવતીની જ માતાને નામે બોગસ સ્નેપચૅટ એકાઉન્ટ ખોલ્યું હતું. પછી યુવતીને અશ્લીલ તસવીરો વાયરલ કરવાની ધમકી આપનારા યુવાન વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

પવઈમાં રહેતી અને હાલમાં ઑસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતી ૨૩ વર્ષની યુવતીની માતાની ફરિયાદને આધારે પવઈ પોલીસે બુધવારની રાતે ઈન્ફર્મેશન ઍક્ટની કલમ ૬૬(સી) અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧(૨) હેઠળ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ બોગસ સ્નેપચૅટ આઈડીની મદદથી ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી રહી છે. આરોપી યુવતીનો પરિચયનો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર યુવતીનાં માતા-પિતા પવઈની પૉશ સોસાયટીમાં રહે છે. યુવતી લગભગ પાંચેક વર્ષથી સ્નેપચૅટનો ઉપયોગ કરે છે. ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં યુવતીને તેની માતાના નામના એકાઉન્ટ પરથી ફૉલો રિક્વેસ્ટ આવી હતી. માતાની રિક્વેસ્ટ હોવાનું માની યુવતીએ તેને એક્સેપ્ટ કરી હતી. બાદમાં ચૅટિંગના માધ્યમથી યુવાન યુવતીની હિલચાલ પર નજર રાખતો હતો.

થોડા દિવસ પછી યુવાને તેને ધમકાવવાની શરૂઆત કરી હતી. તારી અશ્લીલ તસવીરો મારી પાસે હોવાથી તે વાયરલ કરવાની ધમકી યુવતીને આપવામાં આવી હતી. ધમકીને પગલે યુવતીને આંચકો લાગ્યો હતો. ■

# ફન-વ-ડે

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

‘શોલે’ની જોડી જમાવો

| A | B |
|---|---|
| आफताब | ભરતી |
| मेहताब | સૂર્ય |
| रोशनी | વમળ |
| ज्वार | પ્રકાશ |
| भंवर | ચંદ્ર |

## ઓળખાણ પડી?

સાઈકલ ચેમ્પિયનમાંથી ફિલ્મોમાં પ્રવેશી મેહમૂદ સાથે જોડી જમાવી અનેક ફિલ્મોમાં હિરોઈનની ફ્રેન્ડનો રોલ કરનારી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) કુમકુમ
બ) શશીકલા
ક) શુભા ખોટે
ડ) બેલા બોઝ



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ટા | ૨ પા | ટા | | ૩ લો | ૪ ક | ૫ પ્રિ | ય | ૬ તા |
| ક | | પ | | ૭ અ | | ૮ ક્ષ | ય | | જ |
| ૯ લ | ૧૦ બા | ડ | | ૧૧ વિ | ૧૨ ખ | | ૧૩ ત | ૧૪ સ | |
| ૧૫ ન | ર | | ૧૬ અ | સ્મ | ત | | ૧૭ મા | ર | ણ |
| | ૧૮ સ | ૧૯ રો | વ | ર | | ૨૦ અ | | સા | |
| ૨૧ દ | | જે | | ણી | | ૨૨ ર | ૨૨અ જ | મા | ત્ર |
| ષ્ટિ | | ૨૩ રો | કા | ય | | ૨૩અ સ | મા | ન | |
| ૨૪ ગો | ૨૫ ર | જ | | | ૨૬ આ | પ | ત | | ૨૭ મ |
| ૨૮ ચ | ક | | ૨૯ રા | ૩૦ ત | ભ | ર | | ૩૧ દા | મ |
| ૩૨ ર | મ | ત | વી | ર | | ૩૩ સ | મા | ન | તા |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | | ૪ | |
| | | | | ૫ | | | | | |
| | | ૬ | | | | ૭ | | | ૮ |
| ૯ | ૧૦ | | | ૧૧ | ૧૨ | | | ૧૩ | |
| | | | ૧૪ | | | | ૧૫ | | |
| ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | | |
| | | ૧૯ | | | | | | | |
| ૨૦ | ૨૧ | | | | ૨૨ | | | ૨૩ | |
| ૨૪ | | | ૨૫ | ૨૬ | | | | ૨૭ | ૨૮ |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

### આડી ચાવી

૧. નખશિખ ભીંજાયેલું (૪)
૩. વ્યાખ્યાનોની શ્રેણી (૫)
૫. ન્યાયાધીશ (૨)
૬. કાંટાળો છોડ (૩)
૭. નવાઇ (૪)
૯. માથે વાળ વિનાના પુરુષો (૩)
૧૧. જમીન નીચેનાં ભોંયરાં (૩)
૧૩. --- લીલું જોયું ને તમે યાદ આવ્યા (૨)
૧૪. માથાકૂટ, મુસીબત, આફત (૩)
૧૫. પૂજા કરાવનાર બ્રાહ્મણ (૩)
૧૬. ધબકારો (૩)
૧૮. સંગાથ, સથવારો (૨)
૧૯. રાત અને દિવસનું મિલન (૩)
૨૦. મેળાપ, મિલન (૩)
૨૨. રાષ્ટ્રનો સભ્ય (૪)
૨૪. હાથમાં ટેક્ષ આપો (૨)
૨૫. છૂટછાટ, મદદ, (૩)
૨૭. ‘લડવું’નું આજ્ઞાર્થ (૨)
૨૯. ટકરાવું તે (૫)
૩૦. ખૂબ જોશથી વરસતો વરસાદ (૪)

### ઊભી ચાવી

૧. ધમાલ, સનસનાટી, હોબાળો (૪)
૨. માગ, નામના, કીર્તિ (૪)
૩. --- કાઢવું એટલે ગણત્રી કરવી (૨)
૪. એક જાતનું ખરબચડું કપડું (૫)
૫. વધુ વરસાદમાં બધું --- થાય (૬)
૭. આરો (પૈડાનો) ઉતાવળું, ત્વરિત (૨)
૮. પ્રજાની જિંદગી (૫)
૧૦. વણાટમાં વપરાતો સોનારૂપાનો તાર (૩)
૧૨. ગુંજન, કળા, માત્રા (પિંગળ) (૨)
૧૫. ભાતું લઇ જનાર સ્ત્રી ? (૪)
૧૬. દિલ અને દિમાગ વચ્ચેનો સંઘર્ષ (૫)
૧૭. સોગંદ, પ્રતિજ્ઞા (૩)
૨૧. ડૂબેલું (૩)
૨૨. જ્ઞાતિ (૨)
૨૩. મુસ્લિમો --- પઢે (૩)
૨૫. રસ્તો (૨)
૨૬. દૂર જા (૨)
૨૮. બીક, ભય (૨)

## ગુજરાત મોરી મોરી રે

પ્રાણની હાજરી હોવા છતાં કઈ હિન્દી ફિલ્મમાં ઉપેન્દ્ર ત્રિવેદીએ મુખ્ય વિલનનો રોલ કર્યો હતો એ જણાવો.

અ) ધરમવીર બ) કસોટી ક) જંગલ મેં મંગલ ડ) સનમ બેવફા

## જાણવા જેવું

કાજોલનાં માસી અને તનૂજાની મોટી બહેન નૂતન ફિલ્મોમાં આવવા ઉત્સુક નહોતી. જોકે, અભિનેત્રી અને ફિલ્મમેકર માતુશ્રી શોભના સમર્થએ દીકરીને પ્રોત્સાહિત કરી અને ‘હમારી બેટી’થી નૂતન ફિલ્મોમાં આવી અને આપણને એક લાજવાબ અભિનેત્રી મળી.

## સુડોકુ-૯૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૫ | | | | | |
| ૭ | ૯ | | | ૪ | ૧ | | | |
| ૪ | | | | | | ૭ | | ૬ |
| ૯ | | | | ૭ | | ૫ | | |
| | ૨ | | | | | | ૪ | |
| | | ૬ | | ૧ | | | | ૯ |
| ૬ | | ૨ | | | | | | ૧ |
| | | | ૪ | ૩ | | | ૯ | ૫ |
| | | | | | ૨ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૩ | ૭ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૯ | ૩ | ૭ | ૮ | ૬ |
| ૮ | ૧ | ૭ | ૪ | ૬ | ૨ | ૩ | ૫ | ૯ |
| ૧ | ૭ | ૫ | ૨ | ૪ | ૬ | ૯ | ૩ | ૮ |
| ૪ | ૩ | ૨ | ૮ | ૫ | ૯ | ૧ | ૬ | ૭ |
| ૬ | ૮ | ૯ | ૩ | ૭ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૨ | ૫ | ૫ | ૧ | ૭ | ૮ | ૯ | ૪ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૨ | ૮ | ૬ | ૭ | ૩ |
| ૭ | ૯ | ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૧ | ૫ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

દેવ આનંદની કઈ ફિલ્મમાં જેકી શ્રોફે સાવ નાનકડી ભૂમિકા ભજવી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો?

અ) હીરા પન્ના બ) ચાર્જશીટ ક) સ્વામી દાદા ડ) બુલેટ

## નોંધી રાખો

ક્ષમા આપવી એ મનુષ્યનું ઘણું સારું લક્ષણ છે, પણ ભૂલી જવું એ સર્વોત્તમ લક્ષણ માનવામાં આવે છે.

## માઈન્ડ ગેમ

આપેલા વિકલ્પોમાંથી કઈ ફિલ્મનો અંત મુકેશે ગાયેલા એક ગીત સાથે થાય છે એ ખબર હોય તો જણાવો

અ) હમ હિન્દુસ્તાની બ) આદમી
ક) અનાડી ડ) બમ્બઈ કા બાબુ

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| सांभा | મેક મોહન |
| हरिराम | કેષ્ટો મુખરજી |
| रामलाल | સત્યેન્દ્ર કપૂર |
| इमाम | એ કે હંગલ |
| कालिया | વિજુ ખોટે |

ગુજરાત મોરી મોરી રે: અરવિંદ જોશી

ઓળખાણ પડી?: જગદીપ

માઈન્ડ ગેમ: રામગઢ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: લીલા મિશ્રા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) મુલરાજ કપૂર (૮) સુભાષ મોમાયા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ દોશી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) રમેશ દલાલ (૧૯) હિના દલાલ (૨૦) ઈનાક્ષી દલાલ (૨૧) જ્યોત્સના ગાંધી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) હર્ષા મહેતા (૨૪) વિપીન શાહ (૨૫) ધવલ શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જીત શાહ (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ભાવના કર્વે (૩૦) પ્રવીણ વોરા (૩૧) મહેશ દોશી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) વિણા સંપટ (૩૪) અંજુ ટોલિયા (૩૫) અંબરીષ ઓઝા (૩૬) પુષ્પા ખોના (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) અરવિંદ કામદાર (૪૦) જયવંત પદમશી ચિખલ (૪૧) શિલ્પા શ્રોફ (૪૨) નિતીન જયંતિલાલ બજરિયા (૪૩) કમલ માતલિયા (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) નીતા દેસાઈ (૪૯) કિશોર સંઘરાજકા (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૫૨) મહેશ સંઘવી (૫૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૫૪) ધવલ શાહ (૫૫) રવિન્દ્ર પાટડિયા

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) દીદાર, ૨) બૈજુ બાવરા, ૩) સુજાતા, ૪) પ્રેમ રતન ધન પાયો, ૫) ખલનાયક, ૬) ગીત ગાતા ચલ, ૭) જંગલી

ક્વિઝ (બ) ૧) અમિતાભ બચ્ચન- વિનોદ ખન્ના- રિશી કપૂર, ૨) વિનોદ ખન્ના- રણધીર કપૂર, ૩) ધર્મેન્દ્ર - જીતેન્દ્ર ૪) ધર્મેન્દ્ર -વિજય અરોરા- તારીક, ૫) રાજ કુમાર-સુનિલ દત્ત- શશી કપૂર, ૬) દેવ આનંદ- પ્રાણ, ૭) અમિતાભ બચ્ચન- કમલ હસન

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને ગુજરાત વહીવટી સુધારણા પંચનો ચોથો અહેવાલ સોંપવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વહીવટી સુધારણા પંચના અધ્યક્ષ ડો. હસમુખ અઢીયાના દિશાદર્શનમાં નવ જેટલી ભલામણો સાથે તૈયાર કરવામાં આવેલો ચોથો ભલામણ અહેવાલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને ગુરુવારે સુપરત કરવામાં આવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪માં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસે અમારી સરકાર પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત બનાવવા અને લોકોના સપનાઓને સાકાર કરવા સતત કાર્યરત રહેશે ના કરેલા સંકલ્પને ગુજરાતમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગામથી રાજ્ય સુધીના લોકશાહી આધારિત વિકાસ મોડલથી સાકાર કરવાના ઉદ્દેશ્યથી જર્કના આ ચોથા ભલામણ અહેવાલમાં વિકેન્દ્રીકૃત આયોજન સંબંધિત ભલામણો કરવામાં આવી હતી.

આ ચોથા અહેવાલમાં વિકેન્દ્રીત આયોજન અને બજેટ વ્યવસ્થા અંગે જે ઐતિહાસિક ભલામણો કરવામાં આવી છે તેના પરિણામે લોકકેન્દ્રિત વિકાસ, પારદર્શિતા અને જવાબદારીના નવા યુગની શરૂઆત થશે અને મુખ્ય પ્રધાનના નેતૃત્વમાં રાજ્યમાં ગામથી તાલુકા અને જિલ્લાની યોજના પ્રક્રિયા વધુ લોકતાંત્રિક, પ્રતિનિધિત્વ આધારિત અને જનકેન્દ્રિત બનશે તેવી અપેક્ષા આ અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી હતી.

ચોથા અહેવાલમાં ગુજરાતના આયોજન માળખામાં મૂળભૂત પરિવર્તન લાવતી ભલામણો કરવામાં આવી હતી. તેનાથી રાજ્યના નાગરિકોને સીધો લાભ પહોંચશે. આ ભલામણો દ્વારા રાજ્યમાં વિકેન્દ્રિકૃત આયોજનને મજબૂત બનાવવાનું અને ગામડાંઓને વિકાસ પ્રક્રિયાના કેન્દ્રમાં લાવવાનું મહત્વપૂર્ણ કદમ ભરવામાં આવ્યું હતું.

આ અહેવાલની મુખ્ય ભલામણોમાં જિલ્લા આયોજનના બજેટમાં આવતાં પાંચ વર્ષમાં સાતથી આઠ ગણા જેટલો ધરખમ વધારો, જિલ્લા આયોજન મંડળમાંથી જિલ્લા આયોજન સમિતિ ચૂંટાયેલા પ્રતિનિધિઓને બહુમતી, આયોજન માટે ફિક્સ કેલેન્ડર, તાલુકા સ્તરે એકીકૃત સમિતિ અને વિલેજ ડેવલપમેન્ટ પ્લાનનો સમાવેશ થાય છે. ■

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ કેસમાં પોલીસે ૫૦૦ લોકોનાં ટોળાં સામે ફરિયાદ નોંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે શાળામાં એક વિદ્યાર્થીની હત્યા થઈ હતી. વિદ્યાર્થીની હત્યાના વિરોધમાં અનેક લોકોએ શાળાના સ્ટાફ અને શિક્ષકો સાથે મારામારી કરીને તોડફોડ પણ કરી હતી. જેથી ૫૦૦થી વધુ લોકોનાં ટોળા સામે ખોખરા પોલીસે ફરિયાદ નોંધી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, સ્કૂલના એડમિન મયૂરિકા પટેલે ફરિયાદ નોંધાવી હતી કે, તોડફોડ દરમિયાન શાળાને ૧૫ લાખનું નુકસાન થયું હતું. આ કેસમાં પોલીસ રાયોટિંગ, મારામારી અને સંપત્તિને નુકસાન પહોંચ્યું હોવાની કલમો સાથે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ગુરુવારે યુથ કૉંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા સ્કૂલને તાળાબંધીનું એલાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વીએચપીએ મણિનગર અને આસપાસના વિસ્તારોમાં સ્કૂલો સાથે ધંધા-વેપાર બંધ રાખી આંદોલનની જાહેરાત કરી હતી. જેને લઇ સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. સેવન્થ ડે સ્કૂલની બહાર તથા સ્કૂલથી ૫૦૦ મીટર દૂર સુધી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મણિનગર, ખોખરા, ઇસનપુર વિસ્તારની ૨૦૦ જેટલી સ્કૂલો બંધમાં જોડાઈ હતી.

સૂત્રોએ જણાવ્યું, સ્કૂલના કેટલાક વિદ્યાર્થીઓ બે જૂથમાં ઘણા સમયથી વહેંચાઇ ગયા હતા. એક મહિના પહેલાં ધોરણ આઠમા ભણતા વિદ્યાર્થીની અત્યારે મૃત્યુ પામેલા વિદ્યાર્થી સાથે કોઈક મુદ્દે બબાલ થઈ હતી. આ વાત શિક્ષક અને શાળા સંચાલકોના ધ્યાને પણ આવી હતી, જોકે તેમણે કાંઈ ખાસ ગંભીરતા દાખવી નહીં અને બન્ને જૂથના વિદ્યાર્થીઓને બોલાવીને સમાધાન કરાવ્યું હતું.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, બન્ને જૂથના વિદ્યાર્થીઓએ શિક્ષકોના કહેવા પર હાથ મિલાવ્યા, ગળે મળ્યા અને એકબીજાને સોરી કહીને સમાધાન કરાવ્યું હતું.

નોંધવા જેવી વાત એ પણ છે કે શિક્ષકોએ વિદ્યાર્થીઓના વાલીઓને પણ આ બાબતની જાણ કરવાની કે ફરિયાદ પહોંચાડવાની તસદી લીધી ન હતી. જેના કારણે આ હત્યાકાંડ સર્જાયો હતો. ■

# જૂનાગઢના ઘેડ પંથકમાં વરસાદે તારાજી સર્જીઃ ખેડૂતોને રડવાનો વારો આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદને કારણે આ વર્ષે પણ ઘેડ પંથકના ગામડાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઘેડ વિસ્તારના ઈન્દ્રાણા, જોનપુર અને મઢડા જેવાં ગામોમાં ખેતરો પાણીમાં ડૂબી ગયાં હતા. જેના કારણે મગફળીનો તૈયાર પાક સંપૂર્ણપણે નાશ પામ્યો હતો. ખેડૂતોને ભારે નુકસાન થતાં રડવાનો વારો આવ્યો હતો.

ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સરકારે નદીઓને ઊંડી અને પહોળી કરવા માટે પેકેજ જાહેર કર્યું છે, પરંતુ કોઈ કામગીરી થઈ રહી નથી. પૂરના કારણે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે અને ગામડાઓનો સંપર્ક તૂટી ગયો છે. હાલ નુકસાનનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. કલેક્ટરે જણાવ્યું કે રસ્તાઓ ખુલ્લા થયા બાદ સર્વે કરવામાં આવશે.

ખેડૂતોએ જણાવ્યું કે દર વર્ષે આ પંથકમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થાય છે, તેમ છતાં રસ્તાઓ, પુલ અને નદીઓને ઊંડી કરવાની માગણીઓ પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. ખેડૂતોએ આક્ષેપ કર્યો છે કે સરકાર માત્ર વાયદાઓ અને વચનો આપે છે, પરંતુ વાસ્તવિક કામ કરતી નથી. આ પરિસ્થિતિમાં, ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક ધોરણે સર્વે કરાવીને પાકને થયેલા નુકસાન માટે યોગ્ય વળતર અને સહાય પૂરી પાડવાની માગ કરી હતી. તેમણે પૂરના કાયમી નિરાકરણ માટે નદીઓને ઊંડી કરવા અને માળખાગત સુવિધાઓ સુધારવા માટે તાત્કાલિક પગલાં ભરવાની પણ અપીલ કરી હતી. ■

# અમદાવાદના વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજને તોડવાની શરૂઆત થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સૌથી વિવાદાસ્પદ બનેલા હાટકેશ્વર બ્રિજને તોડવાની શરૂઆત થઈ હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૪ કરોડના ખર્ચે આ બ્રિજને તોડવા માટે મંજૂરી આપવામાં આવી હતી. ખોખરા છેડા તરફથી બ્રિજને તોડવાની શરૂઆત થઈ હતી. આ બ્રિજને તબક્કાવારતોડી પાડવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, હાટકેશ્વર બ્રિજને તોડવા માટેની મંજૂરી આપવામાં આવ્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા મશીનરી ઉતારવામાં આવી હતી. સૌપ્રથમ બ્રિજ ઉપર જ્યાં પણ ડામરનો રોડ છે તે તમામ રોડને તોડવામાં આવશે. બ્રિજનો કાટમાળ નીચે ન પડે તે માટે બ્રિજની સાઇડની તરફ ઊંચા પતરા અને ગ્રીન નેટ બાંધવામાં આવી હતી. બ્રિજ તોડવાનો કુલ ખર્ચ રૂ. ૮ કરોડ જેટલો થશે, પરંતુ ચાર કરોડ રૂપિયા જેટલો ખર્ચ બ્રિજ તૂટવાના કારણે જે રો-મટિરિયલ અને અન્ય વસ્તુઓ નીકળશે જે તમામ સામાન કોન્ટ્રાક્ટર કંપની દ્વારા લઈ જવામાં આવશે, જેના કારણે બ્રિજને તોડવા માટેનો ખર્ચ માત્ર રૂ. ૪ કરોડ રૂપિયા કોર્પોરેશનને ચૂકવવો પડશે. આગામી છ મહિનામાં બ્રિજ તૂટી જશે. ■

# વડા પ્રધાનના હસ્તે અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ અને ૨૬ ઑગસ્ટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન અમદાવાદના નિકોલ ખાતેથી તેઓ ₹૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧,૪૪૯ આવાસ તથા ૧૩૦ દુકાનનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ અમલમાં આવેલા આ પ્રોજેક્ટથી સ્લમ વિસ્તારોમાં રહેતા પરિવારોને આધુનિક સુવિધાઓ સાથે પોતાનાં સપનાનું નવું ઘર મળશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ઇન સિટુ સ્લમ રિ-ડેવલોપમેન્ટ ઘટક હેઠળ ગુજરાત રાજ્ય સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સ્લમ રિહેબિલિટેશન અને રિ-ડેવલપમેન્ટ પોલીસી-૨૦૧૩ અંતર્ગત અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનના સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં આવેલા રામાપીરના ટેકરાના નામે પ્રચલિત સ્લમ પૈકી સેક્ટર-૩માં ₹૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કુલ ૧૪૪૯ આવાસ તથા ૧૩૦ દુકાનનું પુનઃવસન કરવાના કામનું લોકાર્પણ થશે.

ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૯.૬૬ લાખ આવાસ મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર આવાસ પૈકી ૯.૦૭ લાખ જેટલા આવાસોનું કામ પૂર્ણ થઇ ચૂક્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ગુજરાતને વર્ષ ૨૦૧૯માં વિવિધ કેટેગરીમાં કુલ છ અને વર્ષ ૨૦૨૨માં વિવિધ કેટેગરીમાં કુલ સાત એવોર્ડ પ્રાપ્ત થયા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ભારત સરકાર દ્વારા ૮,૪૩,૧૬૮ આવાસનો લક્ષ્યાંક મળ્યો છે, તે પૈકી કુલ ૬,૦૦,૯૩૨ આવાસનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં સ્પીલ ઓવર આવાસ ૨,૭૮,૫૩૩ના લક્ષ્યાંક સામે ૦૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૦ ઑગસ્ટ ૨૦૨૫ સુધીમાં ૩૯,૦૯૨ આવાસ પૂર્ણ કરવામાં આવ્યા છે, જ્યારે ૨,૩૯,૪૪૧ આવાસો પ્રગતિ હેઠળ છે, જે આગામી માર્ચ-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦ ઑગસ્ટ ૨૦૨૫ સુધીમાં આ યોજના હેઠળ ₹૮૯૩૬.૫૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ■

# અમદાવાદ બાદ બાલાસિનોરમાં વિદ્યાર્થીએ વિદ્યાર્થી પર છરીથી હુમલો કરતાં ચકચાર

## ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની હાલત ગંભીરઃ સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહીસાગર જિલ્લાના બાલાસિનોર શહેરમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને એક ગંભીર ઘટના સામે આવી હતી. શાળા છૂટ્યા બાદ તળાવ દરવાજા પાસે ધોરણ આઠના એક વિદ્યાર્થી પર બીજા વિદ્યાર્થીએ છરી વડે હુમલો કરતાં ખળભળાટ મચી ગયો હતો.

ઘટનાની વિગતો મુજબ, શાળા છૂટ્યા બાદ કેટલાક વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર છરીથી હુમલો કર્યો હતો. છરીના ઘા વાગતા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સ્થાનિક લોકોની મદદથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ બાલાસિનોર ટાઉન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્ત વિદ્યાર્થી અને અન્ય સાક્ષીઓના નિવેદનોના આધારે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આ પ્રકારની ઘટનાથી વાલીઓમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો હતો. ઉલ્લેખનીય છે કે અમદાવાદના ખોખરામાં સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની સ્કૂલના જ વિદ્યાર્થીએ હત્યા કરી હતી. જે બાદ મારામારી અને તોડફોડ મામલે ખોખરા પોલીસે ૫૦૦થી વધુનાં ટોળાં વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. ■

# બનાસ ડેરી પશુપાલકોને રૂ. ૨૯૦૯ કરોડનો ભાવફેર ચૂકવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની અગ્રણી બનાસ ડેરી દ્વારા ૫૭મી વાર્ષિક સાધારણ સભામાં પશુપાલકો માટે મોટી જાહેરાત કરવામાં આવી હતી. ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ જાહેરાત કરતાં જણાવ્યું કે, બનાસ ડેરી તેના પશુપાલક સભ્યોને કુલ રૂ.૨૯૦૯.૦૯ કરોડનો ઐતિહાસિક ભાવફેર ચૂકવશે. આ જાહેરાતથી બનાસ ડેરીના પશુપાલકોમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો.

આ ભાવફેરની રકમમાંથી બનાસ ડેરી દ્વારા સીધો ₹૨૧૩૧.૬૮ કરોડનો ભાવફેર ચૂકવવામાં આવશે, જ્યારે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા ₹૭૭૮.૧૨ કરોડનો ભાવફેર ચૂકવાશે. આ રીતે કુલ ₹૨૯૦૯.૮ કરોડનો કુલ નફો પશુપાલકોને મળશે. ગત વર્ષે ચૂકવાયેલા ₹૧૯૭૩.૭૯ કરોડના ભાવફેરની સરખામણીએ આ વર્ષે ભાવફેરની રકમમાં મોટો વધારો થયો હતો. બનાસ ડેરીની વાર્ષિક સાધારણ સભામાં પ્રગતિની પણ માહિતી આપવામાં આવી હતી. ડેરીએ ₹૨૧,૨૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કર્યું હતું. દૈનિક એક કરોડ લિટર દૂધની પ્રોસેસિંગ ક્ષમતા ધરાવે છે. બનાસ ડેરી ૧.૮ લાખ જેટલા શેરધારકો ધરાવે છે, જે ૧૨૦૦ જેટલા ગામમાં સહકારી દૂધ મંડળીઓમાં વ્યાપેલા છે. હાલમાં, બનાસ ડેરી સાથે ૩ લાખ ૭૬ હજારથી વધુ સભાસદો જોડાયેલા છે. આ સભાસદો તેમના પશુઓનું દૂધ દૂધ મંડળીઓમાં ભરાવે છે અને તેના બદલામાં તેમને દૂધના ભાવ ઉપરાંત ડેરીના નફામાંથી બોનસ પણ મળે છે. ■

# મદરેસામાં ધાર્મિક શિક્ષણ બંધ કરવા સુરતમાં કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ નગરી સુરતમાં વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ ભેગા મળીને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું, જેમાં મદ્રેસાઓમાં ધાર્મિક શિક્ષણ બંધ કરીને ધોરણ ૧૨ સુધી સમાન શિક્ષણ લાગુ કરવું જોઈએ તેવી માગ કરવામાં આવી હતી. આ જૂથે એક શિક્ષણ, એક રાષ્ટ્રની નીતિ અપનાવવા પર ભાર મૂક્યો હતો. આ રજૂઆત દરમિયાન, આતંકી હુમલાનું ઉદાહરણ આપતા કહ્યું કે આતંકવાદીઓએ ધર્મ પૂછીને ગોળી મારી હતી, જે કટ્ટર માનસિકતાનું પરિણામ છે. તેમણે જણાવ્યું કે મદ્રેસાઓમાં ધાર્મિક શિક્ષણના નામે ભાગલા પાડી શકે તેવી નીતિઓ શીખવવામાં આવે છે, જે બંધારણના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. આ જૂથે એવી પણ માગ કરી હતી કે ધર્મ આધારિત શિક્ષણ સંસ્થાઓને તાત્કાલિક બંધ કરીને સરકારી નિયમો મુજબનું શિક્ષણ લાગુ કરવું જોઈએ.

આ રજૂઆત દરમિયાન, 'મદ્રેસા બંધ કરો' અને 'એક શિક્ષણ, એક રાષ્ટ્ર' જેવા નારા પણ લગાવવામાં આવ્યા હતા. આ જૂથનું માનવું છે કે તમામ બાળકોને સમાન અને બિનસાંપ્રદાયિક શિક્ષણ મળવું જોઈએ, જેથી તેઓ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાઈ શકે અને દેશના વિકાસમાં યોગદાન આપી શકે. તેમણે આક્ષેપ કર્યો કે મદ્રેસાઓમાં અપાતું હિંસક ધર્મ આધારિત શિક્ષણ સમાજમાં કટ્ટરતા ફેલાવી રહ્યું છે. આ વિરોધને ટેકો આપવા માટે ૨૦૦થી વધુ લેટરપેડ સાથે મુખ્ય મંત્રીને સંબોધિત આવેદનપત્ર પણ કલેક્ટરને સોંપવામાં આવ્યું હતું.

આવેદનપત્ર આપતાં લોકોની મુખ્ય માંગણી, ધર્મ આધારિત શિક્ષણ બંધ થવું જોઈએ અને તેના બદલે સરકારી પાઠ્યપુસ્તકો આધારિત શિક્ષણ જ આપવું જોઈએ તેવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સરકારી અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓનો પાયો મજબૂત થાય છે અને તેઓ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાઈ શકે છે. ■

# વડોદરામાં એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટમાં રૂ. ૧૨ હજાર કરોડથી વધુનું રોકાણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તું ઘર મળી રહે તે માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા 'હાઉસિંગ ફોર ઓલ' મિશને ખાનગી બિલ્ડરો માટે પણ સ્પર્ધા ઊભી કરી છે. ખાસ કરીને વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બની રહેલાં મકાનોને કારણે ખાનગી બિલ્ડરો પણ ફ્લેટ અને મકાનોના ભાવ વ્યાજબી રાખવા મજબૂર બન્યા છે, જેનો સીધો લાભ ગ્રાહકોને મળી રહ્યો છે.

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે (VUDA) ૨૦૧૭ થી ૨૦૨૫ દરમિયાન ૮,૧૪૦ આવાસોનું નિર્માણ કર્યું છે. આ ઉપરાંત, વડોદરા મહાનગરપાલિકાએ છેલ્લાં પાંચ વર્ષમાં એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ અને ઈન-સીટુ યોજના હેઠળ ૨,૪૨૭ આવાસો બનાવ્યા છે, જ્યારે ૭,૩૦૬ મકાનોનું કામ પ્રગતિમાં છે. આ માટે રૂ. ૭૧૧ કરોડનો ખર્ચ થવાનો છે.

વડોદરા મનપામાં એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલા કાર્યપાલક ઇજનેર નિલેશ પરમારના જણાવ્યા મુજબ, સરકારી આવાસો મુખ્ય વિસ્તારોમાં હોય છે અને ખાનગી બિલ્ડરો કરતાં સસ્તા હોય છે. આ જ કારણે તે જરૂરિયાતમંદ નાગરિકોને આકર્ષે છે અને બજારમાં સ્પર્ધાનું વાતાવરણ ઊભું કરે છે.

રેરાના આંકડાઓ દર્શાવે છે કે છેલ્લાં પાંચ વર્ષમાં નોંધાયેલા હાઉસિંગ પ્રોજેક્ટ્સમાંથી ૪૫ ટકા એફોર્ડેબલ હાઉસિંગ શ્રેણીમાં આવે છે. ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન સરકારે ૧૩૦ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા હતા, જ્યારે ખાનગી બિલ્ડરોએ આ જ સમયગાળામાં ૧,૯૨૬ એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા હતા. આ રીતે કુલ ૨.૫૬ લાખ આવાસોનું નિર્માણ થયું છે.

સૂત્રોએ જણાવ્યું કે, સરકારી યોજનાઓનો સૌથી મોટો ફાયદો તેનું સારું લોકેશન અને સસ્તા ભાવ છે. તેની સામે ખાનગી બિલ્ડરો લોકેશન ઉપરાંત વધારાની સુવિધાઓ આપે છે. રેરાના એક અંદાજ મુજબ, વડોદરાના એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં રૂ.૧૨,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થયું છે. અમદાવાદ પછી વડોદરા આ ક્ષેત્રમાં બીજા ક્રમે છે. ૨૦૨૩માં ૯૧૨ અને ૨૦૨૪માં ૯૨૪ એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સ શરૂ થયા હતા, જે સતત વધી રહ્યા છે. ■

# ગુજરાત પર પાંચ વરસાદી સિસ્ટમ સક્રિય

## અત્યાર સુધીમાં સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પર અત્યારે કુલ પાંચ સિસ્ટમ સક્રિય હોવાથી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગે રાજ્યમાં ૨૭ ઓગસ્ટ સુધી વરસાદી માહોલ રહેવાની આગાહી કરી હતી. માછીમારોને પણ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૮.૯૯ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં, કચ્છમાં ૭૮.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૬.૩૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૪.૬૭ ટકા જ્યારે પૂર્વ-મધ્યમાં ૭૧.૯૭ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૮૦ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. તલોદમાં ૧.૬૯ ઇંચ, તિલકવાડામાં ૧.૬૫ ઇંચ, કપરાડામાં ૧.૨૨ ઇંચ, ધનસુરામાં ૧.૧૮ ઇંચ, તારાપુરમાં ૧.૧૮ ઇંચ, સોજીત્રામાં ૧.૧૮ ઇંચ, જામનગરમાં ૧.૧૪ ઇંચ, મેઘરજમાં ૧.૧૪ ઇંચ, રાધનપુરમાં ૧.૧૦ ઇંચ, નડિયાદમાં ૧.૧૦ ઇંચ વરસાદ વરસ્યો હતો. ૧૬૯ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર મુજબ, સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૮૦.૧૯ ટકા ભરાયેલો છે. સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૫૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૯ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૨૬ ડેમ ૨૫ ટકા થી ૫૦ ટકા વચ્ચે અને ૨૦ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૬ ડેમ એલર્ટ તથા ૧૮ ડેમ વૉર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

રાજ્યમાં વરસાદના કારણે પંચાયત હસ્તકના ૩૨૦ સહિત કુલ ૩૪૦ રોડ રસ્તા બંધ છે. જ્યારે જૂનાગઢ રૂટની ૨૮ સહિત કુલ ૩૯ રૂટની ૧૯૫ ટ્રીપ બંધ છે.

# સુરતમાં રોગચાળાથી સાત વર્ષની બાળકીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં વરસાદ બાદ રોગચાળો વકર્યો હતો. રોગચાળાથી વધુ એક બાળકીનું મોત થયું હતું. રાંદેર વિસ્તારમાં રહેતી એક ૭ વર્ષની બાળકીનું માત્ર બે દિવસના તાવ બાદ અચાનક મૃત્યુ થયું હતું, જેના કારણે તેના પરિવારમાં શોક ફેલાઈ ગયો છે. આ ઘટનાએ શહેરમાં આરોગ્યની સ્થિતિ અને રોગચાળા અંગે ફરીથી ચિંતા ઊભી કરી છે.

રામ નગરમાં રહેતી ૭ વર્ષની બાળકીને છેલ્લા બે દિવસથી સતત ઊલટી અને તાવ આવતો હતો. તેની તબિયત બગડતાં પરિવાર તેને પહેલાં નજીકના દવાખાને લઈ ગયો હતો પરંતુ ત્યાં સુધારો ન થતાં તેને સુરતની સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જોકે, હોસ્પિટલ પહોંચતાં જ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

પરિવારજનોના જણાવ્યા મુજબ, બાળકીને કોઈ ગંભીર બીમારી નહોતી અને તે તંદુરસ્ત હતી. અચાનક બે દિવસના તાવ બાદ તેનું આ રીતે મૃત્યુ થવાથી પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો.

આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા સમયગાળા દરમિયાન, શહેરના નાગરિકોને પણ સ્વચ્છતા જાળવવા અને તબિયત બગડે તો તરત જ ડોક્ટરનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫' યોજાશે

## વિજેતાને પાંચ લાખનો પુરસ્કાર મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫'ની જાહેરાત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા મહત્ત્વપૂર્ણ પહેલ કરીને ચોક્કસ થીમ આધારિત 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫' યોજવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગણેશ મહોત્સવ દરમિયાન રાજ્યભરમાં જે પંડાલ તૈયાર કરવામાં આવે છે તેને નિયત થીમ આધારે શ્રેષ્ઠ રીતે તૈયાર કરનાર જૂથને શહેર તથા જિલ્લા કક્ષાની અલગ અલગ ટીમો દ્વારા મૂલ્યાંકન કરી પ્રોત્સાહન આપવામાં આવશે. દેશમાં પ્રથમવાર આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પહેલથી સ્વદેશી ચીજવસ્તુઓ પર ભાર મૂકવામાં આવશે અને 'ઓપરેશન સિંદૂર' જેવી દેશભક્તિની થીમ થકી સૈન્યના મનોબળને મજબૂત કરી શકાશે.

પ્રધાન સંઘવીએ જણાવ્યું કે, આ પ્રતિયોગિતા અંતર્ગત રાજ્યભરમાં શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલોને કુલ રૂ. ૫૨.૫૦ લાખના રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવશે.

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મહાનગરોમાં શ્રેષ્ઠ ત્રણ ગણેશ પંડાલોને પુરસ્કૃત કરવામાં આવશે. જેમાં પ્રથમ ક્રમને રૂ. ૫,૦૦,૦૦૦, દ્વિતીય ક્રમને રૂ.૩,૦૦,૦૦૦ અને તૃતીય ક્રમઃ રૂ. ૧,૫૦,૦૦૦ પુરસ્કાર આપવામાં આવશે. ચાર મહાનગરો સિવાયના ૨૯ જિલ્લાઓમાં પણ શ્રેષ્ઠ ત્રણ ગણેશ પંડાલોને પુરસ્કાર અપાશે. આ ઉપરાંત, પાંચ પ્રોત્સાહન પુરસ્કાર વિજેતા પંડાલોને રૂ.૧,૦૦,૦૦૦ લેખે આપવામાં આવશે. ■

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૨૧૩-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

### ૩૨. જમીન - મિલકત

ગિરગાંવ રહેવાસી સોબો રોકાણકારો
2/3/4 & 5 BHK
સ્પેસિયસ અને લક્ઝુરિયસ વેચાણ માટે ઉપલબ્ધ આઇકોનિક રેસિડેન્શિયલ ટાવરમાં એપાર્ટમેન્ટ
કામ અંતિમ તબક્કામાં, ડિસેમ્બર 2025 માં કબજો
ગિરગાંવ વિસ્તારમાં એકમાત્ર પ્રોજેક્ટ
♦ જૈન મંદિર ♦ સિટી વ્યુ ♦ સી વ્યુ
♦ મોડર્ન લાઈફ સ્ટાઇલ અમેનીટીસ
♦ પોડિયમ કાર પાર્કિંગની સુવિધા
ભવિષ્યમાં મૂડીમાં મોટો વધારો થવાની સંભાવના
બ્રોકર્સ / કન્સલ્ટન્ટ્સ સંપર્ક ન કરે
માત્ર ડાયરેક્ટ સિરિયસ હોમ બાયર્સ અથવા ઈન્વેસ્ટર્સ જ સંપર્ક કરે
ashwinagile@gmail.com
(બી-૧૬૩૧૯)

### ૩૩. ધંધાદારી

**પ્રિન્ટીંગનું કામ**
પેમ્પલેટ, પેપર, પ્રીન્ટીંગ અને વિતરણ સાથે. બોરીવલી. પરેશ શાહ : 9898312030. (૧૮૮-એ)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૭૮-એ)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૩૮૮)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# મારા દીકરાને ભલે કૅપ્ટન ન બનાવો, ટીમમાં સિલેક્ટ તો કરોઃ શ્રેયસ ઐયરના પિતા

**▸ સંતોષ ઐયર કહે છે, 'શાંત મગજવાળો મારો પુત્ર બોલ્યો...નસીબ મારું'**

મુંબઈઃ ભારતના હાલના ભરોસાપાત્ર બૅટ્સમેનોમાં ગણાતા શ્રેયસ ઐયરને નવમી સપ્ટેમ્બરે યુએઇમાં શરૂ થનારા ટી-૨૦ના એશિયા કપ માટેની ટીમમાં ન સમાવીને સિલેક્ટરોએ ક્રિકેટ જગતમાં બધાને ચોંકાવી દીધા અને ચોંકી જનારાઓમાં શ્રેયસના પિતા સંતોષ ઐયર પણ બાકાત નથી જેમણે નારાજગી બતાવતા કહ્યું છે કે ' ભારતની ટી-૨૦ ટીમમાં સ્થાન પાછું મેળવવા શ્રેયસે શું કરવું એ જ નથી સમજાતું. દરેક વર્ષે તે આઇપીએલમાં સારું પર્ફોર્મ કરી રહ્યો છે એમ છતાં તેને ટી-૨૦ ટીમમાં જગ્યા નથી અપાતી.'



મુંબઈમાં રહેતા ૩૦ વર્ષીય શ્રેયસને ડિસેમ્બર, ૨૦૨૩ પછી ભારત વતી ટી-૨૦માં નથી રમવા મળ્યું. ત્યાર પછી તેણે ૨૦૨૪ની આઇપીએલમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વતી ૩૫૧ રન કરવા ઉપરાંત બેમિસાલ કૅપ્ટન્સીથી કેકેઆરને ટાઇટલ અપાવ્યું હતું. જોકે એમ છતાં તેને ૨૦૨૪-'૨૫માં ભારત વતી (ટી-૨૦ના વર્લ્ડ કપ સહિત) ટી-૨૦માં નહોતું રમવા મળ્યું. ૨૦૨૫ની આઇપીએલમાં તે પંજાબ કિંગ્સમાં જોડાયો હતો અને કૅપ્ટન તરીકે ફરી એક વખત ૬૦૪ રન કરવા ઉપરાંત પંજાબની ટીમને ફાઇનલમાં પહોંચાડી હતી. આ સુપર પર્ફોર્મન્સ છતાં શ્રેયસને આગામી એશિયા કપ માટેની ટીમમાં જગ્યા ન મળી અને રિન્કુ સિંહ મેદાન મારી ગયો. રિન્કુને ૧૫ પ્લેયરવાળી મુખ્ય ટીમમાં સમાવવામાં આવ્યો, જ્યારે બીજા બૅટ્સમૅન રિયાન પરાગને પાંચ પ્લેયરના રિઝર્વ ખેલાડીઓના લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યો, પરંતુ આ કુલ ૨૦ ખેલાડીમાં શ્રેયસને ન સમાવવામાં આવ્યો.

શ્રેયસના પિતા સંતોષ ઐયરે પત્રકારો સાથેની વાતચીતમાં સિલેક્ટરો વિશે ટકોર કરતા એવું પણ કહ્યું છે કે 'ભલે મારા દીકરાને કૅપ્ટન ન બનાવો, પણ ટીમમાં સિલેક્ટ તો કરો. ટીમ ઇન્ડિયામાં સ્થાન ન મળવાને પગલે શ્રેયસ ક્યારેય નારાજગી નથી બતાવતો. તે સહજતાથી કહી દેતો હોય છે કે...મેરા નસીબ હૈ. શ્રેયસ હંમેશાં મગજ શાંત રાખતો હોય છે. તે શાંત સ્વભાવનો છે.'

સંતોષ ઐયરે એવું પણ કહ્યું, 'શ્રેયસે કોઈને જવાબદાર નથી ગણાવ્યા, પણ તે થોડો નારાજ તો થયો જ છે.'

ચીફ સિલેક્ટર અજિત આગરકરે શ્રેયસની બાદબાકી વિશે સોમવારે મંગળવારે કહ્યું હતું કે 'શ્રેયસ ટીમમાં સામેલ ન થઈ શક્યો એમાં ન તો તેનો કોઈ વાંક છે અને ન અમારો કોઈ દોષ છે. અમે ૧૫ ખેલાડી પસંદ કરવાના હતા અને કર્યા. અન્યોએ પોતાને ક્યારે તક મળશે એની થોડી રાહ જોવી રહી.'

ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફનો સિલેક્ટરોને અણિયાળો સવાલ છે કે 'શ્રેયસ તમને ભલે ૧૫ ખેલાડીમાં લેવા જેવો ન લાગ્યો, પરંતુ પાંચ રિઝર્વ પ્લેયરોમાં તો તેને સમાવવો જોઈતો હતો!' ■

# અક્ષર પટેલને વાઇસ-કૅપ્ટન્સી હજી હમણાં તો અપાઈ અને અચાનક છીનવાઈ પણ ગઈ!

*અજય મોતીવાલા*

મુંબઈઃ ભારતના સ્પિન-ઑલરાઉન્ડર અક્ષર પટેલ પાસેથી અચાનક જ ટી-૨૦ ટીમની વાઇસ-કૅપ્ટન્સી પાછી લઈ લેવામાં આવી એ મુદ્દો પણ શ્રેયસ ઐયરને એશિયા કપ માટેની ટીમમાં ન સમાવવા જેટલો ચર્ચાસ્પદ થઈ ગયો છે અને એ માહોલમાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે ટકોર કરતા કહ્યું છે કે 'આશા રાખું છું કે ઉપ-કપ્તાનપદ પાછું લઈ લેવામાં આવી રહ્યું છે એવું અક્ષરને અગાઉથી જણાવાયું જ હશે અને તેને એની જાણ સીધી પ્રેસ કૉન્ફરન્સ દ્વારા નહીં જ થઈ હોય. તેણે એવું કંઈ ખોટું નથી કર્યું કે તેની પાસેથી વાઇસ-કૅપ્ટન્સી આ રીતે ઓચિંતી લઈ લેવામાં આવે. આ પાછળના કારણ જાણવાનો તેને પૂરો અધિકાર છે.'

## 'બીજા જાડેજા' તરીકે ગણના

જેમ શ્રેયસ ઐયર ભારતની તો શું, વિશ્વની કોઈ પણ ટીમના કોઈ પણ ફૉર્મેટની ટીમમાં ફિટ બેસે એવો બૅટ્સમૅન છે એમ અક્ષર પટેલ ભારતની કોઈ પણ ટીમમાં બંધબેસે એવો ઑલરાઉન્ડર છે. આણંદ શહેરમાં જન્મેલા ૩૧ વર્ષીય અક્ષરે ભારત વતી ત્રણેય ફૉર્મેટ મળીને કુલ ૧૫૩ મૅચમાં ૨,૦૦૦ જેટલા રન કર્યા છે અને ૨૦૦ જેટલી વિકેટ લીધી છે. તેણે ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી હતી અને થોડા જ વર્ષમાં તેની ગણના 'બીજા રવીન્દ્ર જાડેજા' તરીકે થવા લાગી હતી. જાડેજા જેવા લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અને લેફ્ટ-આર્મ સ્પિનર અક્ષરે ભરોસાપાત્ર ઑલરાઉન્ડરના રૂપમાં રમીને ભારતને ઘણી મૅચો જિતાડી આપી છે.

## વર્લ્ડ કપમાં બહુમૂલ્ય યોગદાન

આ વર્ષના જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે રમાયેલી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ ભારતે ૪-૧થી જીતી લીધી હતી. એ શ્રેણીમાં અક્ષર વાઇસ-કૅપ્ટન હતો. એ સિરીઝમાં અક્ષર કુલ છ વિકેટ લઈને તમામ બોલર્સમાં ચોથા નંબર પર હતો. શ્રેણીમાં પાંચથી વધુ વિકેટ લેનારા બોલર્સમાં અક્ષરનો ૭.૦૭નો ઇકોનોમી-રેટ સર્વોત્તમ હતો. જૂન, ૨૦૨૪માં ટી-૨૦ના વર્લ્ડ કપમાં ભારતને ટાઇટલ અપાવવામાં અક્ષરનું મહત્ત્વનું યોગદાન હતું. ઇંગ્લૅન્ડ સામેની સેમિ ફાઇનલમાં તે ૨૩ રનમાં ત્રણ વિકેટ લઈને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યો હતો. સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં તેણે ભારતને ૩/૩૪ના ધબડકામાંથી બહાર લાવીને ૩૧ બૉલમાં ૪૭ રન કર્યા હતા અને પછીથી ટ્રિસ્ટેન સ્ટબ્સની મહત્ત્વની વિકેટ પણ લઈને મૅચ ભારતની તરફેણમાં લાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી, ૨૦૨૧માં અમદાવાદમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટમાં અક્ષરે આર. અશ્વિન અને જસપ્રીત બુમરાહ જેવા દિગ્ગજ બોલરની હાજરીમાં કુલ ૧૧ વિકેટ લઈને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો. વન-ડેમાં તે ફક્ત એક વખત, પરંતુ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં સાત વખત મૅન ઑફ ધ મૅચ બની ચૂક્યો છે.




## વરુણ, કુલદીપ સામે હરીફાઈ

ટી-૨૦ ક્રિકેટમાં ૧૩૯.૩૨ના સ્ટ્રાઇક-રેટ સાથે ૫૩૧ રન બનાવનાર અને માત્ર ૨૨.૧૨ની સરેરાશે ૭૧ વિકેટ લેનાર અક્ષર પટેલ ઉપરાંત બીજા બે સ્પિનર (વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ)ને એશિયા કપની ટીમમાં સમાવાયા છે એટલે એ રીતે અક્ષરનું સ્થાન પ્લેઇંગ-ઇલેવનમાં ૧૦૦ ટકા નક્કી ન કહી શકાય એવામાં તેની પાસેથી વાઇસ-કૅપ્ટન તરીકેની જવાબદારી ઓચિંતી પાછી લઈ લેવામાં આવી એનાથી ભારતીય ક્રિકેટમાં આશ્ચર્ય ફેલાયું છે. અક્ષર પાસેથી ઉપ-કપ્તાનપદ પાછું લઈને શુભમન ગિલને સોંપાયું છે.

## અક્ષર વિરુદ્ધ કોઈ લૉબી છે?

શ્રેયસની જેમ અક્ષરની વિરુદ્ધમાં કોઈ લૉબી (સિન્ડિકેટ) કામ કરી રહી હોય એવી ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે. તે હવે ટી-૨૦ ટીમમાં સૂર્યકુમાર યાદવનો ડેપ્યૂટી નથી, પણ દરેક મૅચની ટીમમાં તેનું (અક્ષરનું) સ્થાન પણ નક્કી ન કહી શકાય. તે ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં ફિટ બેસે એવો સ્પિન-ઑલરાઉન્ડર છે. જોકે દોઢ વર્ષથી તેને ટેસ્ટ નથી રમવા મળી. તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-શ્રેણીમાં સ્પિન-ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરે બૅટિંગ સારી કરી હતી, પણ તેની બોલિંગ જોઈએ એવી સારી નહોતી.

## દિલ્હીનું સુકાન સંભાળેલું

એક પુત્રનો પિતા અક્ષર ભૂતકાળમાં આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ અને કિંગ્સ ઇલેવન પંજાબ વતી રમ્યો હતો તથા આ વર્ષની આઇપીએલમાં તેણે દિલ્હી કૅપિટલ્સનું સુકાન સંભાળ્યું હતું અને તેની ટીમ શરૂઆતમાં સારું રમ્યા પછી છેલ્લે પૉઇન્ટ્સ-ટેબલમાં પાંચમા નંબરે રહી હતી. આશા રાખીએ કે તેને ટી-૨૦ ફૉર્મેટની ટીમ ઇન્ડિયામાં ગુમાયેલું વાઇસ-કૅપ્ટનપદ ટૂંક સમયમાં પાછું મળી જશે. ■

# રહાણેએ મુંબઈની રણજી ટીમની કૅપ્ટન્સી છોડીઃ નવો સુકાની શ્રેયસ, સૂર્યા, આયુષ, શાર્દુલ કે પછી બીજું કોઈ?



મુંબઈઃ રણજી ટ્રોફીની ૨૦૨૫-૨૬ની સીઝન ઑક્ટોબર મહિનાથી શરૂ થવા જઈ રહી છે, એ પહેલાં જ અજિંક્ય રહાણેએ મુંબઈ રણજી ટીમની કૅપ્ટન્સી છોડી દીધી છે. તેણે સોશ્યલ મીડિયા પર આ અંગે જાણકારી આપી છે. નવી સીઝનમાં મુંબઈની ટીમ નવા કૅપ્ટનના નેતૃત્વ હેઠળ રમતી જોવા મળશે.

શ્રેયસ ઐયર અને સૂર્યકુમાર યાદવ બંનેમાંથી એકને મુંબઈનું કૅપ્ટનપદ મળે એવી શક્યતા વધુ છે. મુંબઈની ટીમના સિલેક્ટર્સ એવા ખેલાડીને કૅપ્ટન બનવા ઈચ્છશે જે મોટા ભાગની સીઝન માટે ઉપલબ્ધ હોય. ઐયર અને સૂર્યા બંને હાલમાં ટેસ્ટ ક્રિકેટ રમી નથી રહ્યા, જેના કારણે તેઓ મુંબઈ ક્રિકેટને વધુ સમય આપી શકે છે. જોકે ચેન્નઈની બુચી બાબુ ટૂર્નામેન્ટમાં ૧૮ વર્ષનો આયુષ મ્હાત્રે મુંબઈનો કૅપ્ટન છે, જ્યારે ઑલરાઉન્ડર શાર્દુલ ઠાકુર સીઝનના આરંભમાં જ રમાનારી દુલીપ ટ્રોફી માટેની પશ્ચિમ ઝોનની ટીમનો સુકાની નિયુક્ત થયો છે. યશસ્વી જયસ્વાલ અને સરફરાઝ ખાન જેવા યુવાન ક્રિકેટરોને પણ મુંબઈનું સુકાન સોંપાશે તો નવાઈ નહીં લાગે.

## કૅપ્ટન્સી કેમ છોડી?

સોશ્યલ મીડિયા પર રહાણેએ એક પોસ્ટમાં લખ્યું કે, 'નવી લીડરશિપ તૈયાર કરવાનો સમય આવી ગયો છે. મુંબઈ ટીમનું સુકાન સંભાળવું અને ચૅમ્પિયનશિપ જીતવી એ સન્માનની વાત છે. નવી ડોમેસ્ટિક સીઝન આવી રહી છે. મારું માનવું છે કે નવા લીડર્સ તૈયાર કરવાનો આ યોગ્ય સમય છે અને તેથી મેં કૅપ્ટન્સીની ભૂમિકામાંથી હટી જવાનો નિર્ણય લીધો છે.'

ટીમ પ્રત્યે નિષ્ઠા વ્યક્ત કરતા રહાણેએ લખ્યું કે, 'એક ખેલાડી તરીકે હું મારું શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છું અને મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન સાથે મારી યાત્રા ચાલુ રાખીશ જેથી અમને વધુ ટ્રોફી જીતવામાં મદદ મળી શકે. નવી સીઝનની હું રાહ જોઈ રહ્યો છું.'

## રહાણેના નેતૃત્વમાં ટીમનું પ્રદર્શન

અજિંક્ય રહાણેના સુકાનમાં ૨૦૨૩-૨૪ સીઝનમાં મુંબઈની ટીમે રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. તેની આગેવાની હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫માં મુંબઈની ટીમે ઈરાની ટ્રોફી જીતી હતી. રહાણેની જ કૅપ્ટન્સી હેઠળ મુંબઈની ટીમ ગઈ સીઝનમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ચૅમ્પિયન બની હતી. રહાણે એ ટૂર્નામેન્ટનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ રહ્યો હતો. મુંબઈની ટીમ ગત રણજી ટ્રોફીની સેમિ ફાઇનલમાં પણ પહોંચી હતી, જેમાં વિદર્ભ સામે મુંબઈ ૯૦ રનથી હારી ગયું હતું. ■

# આગરકરનો કૉન્ટ્રૅક્ટ રિન્યૂ કરવાનું ચાર મહિના પહેલાં જ નક્કી થયેલું

મુંબઈઃ ટીમ ઇન્ડિયાના ચીફ સિલેક્ટર અજિત આગરકરનો કૉન્ટ્રૅક્ટ જૂન, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યો હોવાનો અહેવાલ ગઈ કાલે પ્રચાર માધ્યમોમાં વાઇરલ થઈ ગયો ત્યાર બાદ જાણવા મળ્યું હતું કે બીસીસીઆઇએ આગરકરનો કરાર લંબાવવાનું આ વર્ષની આઇપીએલ પહેલાં જ (લગભગ ચારેક મહિના પહેલાં જ) નક્કી કરી લીધું હતું.

એશિયા કપ માટે મંગળવારે ટીમ પસંદ કરવામાં આવી એના ગણતરીના કલાકોમાં આગરકરનો કૉન્ટ્રૅક્ટ લંબાવવામાં આવ્યો છે. તેની સાથેનો આ કરાર જૂન, ૨૦૨૩માં કરવામાં આવ્યો હતો. બે વર્ષમાં ભારતીય ક્રિકેટ પરિવર્તનકાળમાંથી પસાર થઈ અને એ દરમ્યાન ભારત ટી-૨૦ વર્લ્ડ કપ તથા વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી જીત્યું, ઘરઆંગણે વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં ભારત પહોંચ્યું હતું, સૂર્યકુમારને ટી-૨૦ ટીમની અને શુભમન ગિલને ટેસ્ટની કૅપ્ટન્સી સોંપાઈ હતી તેમ જ કોહલી, રોહિત જેવા દિગ્ગજોએ ટી-૨૦ તથા ટેસ્ટમાં રમવાનું છોડ્યું તેમ જ જાડેજાએ ટી-૨૦ છોડી. ■

# એક ટીમના ૩૧૨ રન પછી બીજી ટીમના પણ ૩૧૨ રનઃ મૅચ ટાઇ થઈ

**▸ પટેલ સમાજનો ખેલાડી ૧૬૬ રનની ભાગીદારી પછી સદી ચૂક્યો**

લેસ્ટરઃ ઇંગ્લૅન્ડની બે કાઉન્ટી ટીમ વચ્ચેની વન-ડેમાં બુધવારે ગજબ થઈ ગયું. આ મૅચ હાઇ-સ્કોરિંગ ટાઇ થઈ. લેસ્ટરશર કાઉન્ટીની ટીમે ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૧૨ રન કર્યા ત્યાર બાદ ડર્બીશરની ટીમ ૫૦મી ઓવરના અંતિમ બૉલ પર બરાબર ૩૧૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ એટલે મૅચ ટાઇ થઈ હતી. વન-ડે કપની આ મૅચ હતી જેમાં લેસ્ટરશરને ૫/૩૧૨નો તોતિંગ સ્કોર અપાવવામાં ઓપનર રિશી પટેલ (૯૪ રન, ૧૧૯ બૉલ, ચાર સિક્સર, છ ફોર) અને લુઇસ હિલ (૯૩ રન, ૯૫ બૉલ, ૧૨ ફોર) વચ્ચે ૧૬૬ રનની ભાગીદારી થઈ હતી. એવું મનાતું હતું કે ડર્બીશરની ટીમ યા તો ૩૧૩ રનનો લક્ષ્યાંક મેળવી લેશે અથવા હરીફ ટીમની સારી બોલિંગ હોવાને લીધે જરાક માટે રહી જશે. જોકે ડર્બીશરની ટીમ ૩૧૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. ■

# ભારત એશિયા કપમાં પાકિસ્તાન સામે રમશે, પણ દ્વિપક્ષી શ્રેણીઓ તો નહીં જ

**▸ ખેલકૂદ મંત્રાલયની જાહેરાતઃ બહુરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પાકિસ્તાન સામે રમવાની છૂટ**

નવી દિલ્હીઃ યુએઇમાં નવમી સપ્ટેમ્બરે શરૂ થનારા ટી-૨૦ના એશિયા કપમાં પાકિસ્તાન સામે ભારત રમશે કે નહીં એ વિશે ઘણા દિવસોથી અટકળો થઈ રહી છે અને હજી પણ થતી રહી હોત. જોકે ભારત સરકારના ખેલકૂદ મંત્રાલયે ગુરુવારે સ્પષ્ટતા કરી દીધી કે પાકિસ્તાન સાથે ભારત દ્વિપક્ષી સ્તરે રમતગમતમાં કોઈ પણ પ્રકારના સંબંધો નહીં રાખે, પરંતુ એશિયા કપ જેવી બહુરાષ્ટ્રીય સ્પર્ધામાં (જેમાં પાકિસ્તાન રમવાનું હોય એમાં) કેન્દ્ર સરકાર ભારતીય ટીમને રમતી નહીં અટકાવે.

પાકિસ્તાન સામે દ્વિપક્ષી સિરીઝો એટલે કે બન્ને દેશ વચ્ચેની શ્રેણી રમવાનું ભારતે ૧૭ વર્ષથી બંધ કર્યું છે. ૨૦૦૮ સુધી આ સંબંધો સક્રિય હતા, પરંતુ નવેમ્બર, ૨૦૦૮માં પાકિસ્તાને મુંબઈમાં આતંકવાદી હુમલા (૨૬/૧૧) કરાવ્યા ત્યાર પછી ભારતે પાકિસ્તાન સામે ક્યારેય દ્વિપક્ષી સિરીઝ નથી રાખી કે ભારતીય ક્રિકેટરોને પાકિસ્તાન પણ નથી મોકલ્યા. ૨૦૦૯ની સાલથી ક્યારેય પાકિસ્તાની ખેલાડીઓને આઇપીએલમાં પણ નથી રમવા દેવામાં આવતા.

આંતરરાષ્ટ્રીય ખેલકૂદમાં ભારતની નવી નીતિની જાહેરાત મંત્રાલયે ગુરુવારે કરી હતી જેમાં પાકિસ્તાન સાથેના ખેલકૂદ સંબંધો પર ભાર મૂકવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ આ નીતિ તાત્કાલિક અમલમાં મૂકવામાં આવી છે.

સ્પોર્ટ્સ મિનિસ્ટ્રીએ સ્પષ્ટતા કરી છે કે 'દ્વિપક્ષી મૅચ કે શ્રેણીની વાત કરીએ તો ભારતીય ટીમો પાકિસ્તાનમાં નહીં રમે તેમ જ પાકિસ્તાની ટીમને પણ ભારતમાં દ્વિપક્ષી મૅચ કે સિરીઝ રમવા નહીં દેવાય. જોકે ભારત-પાકિસ્તાન ઉપરાંતના દેશો સહિતની બહુરાષ્ટ્રીય ટૂર્નામેન્ટને આ નીતિ કડક નીતિ લાગુ નહીં પડે. એશિયા કપ જેવી બહુરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવા સંબંધમાં ભારતીય ટીમને નહીં અટકાવવામાં આવે. એક ખુલાસો એ પણ કરવાનો કે ભારતની ધરતી પર પાકિસ્તાનને નહીં રમવા દેવાય. બીજી રીતે કહીએ તો ભારતમાં પાકિસ્તાન સામે કોઈ જ દ્વિપક્ષી શ્રેણી નહીં રાખવામાં આવે. જોકે ઑલિમ્પિક્સને લગતા નિયમોને અનુસરીને ભારત પોતાને ત્યાં રમાનારી બહુરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પાકિસ્તાનને ભાગ લેતું નહીં રોકે.' ■

# રોહિત વન-ડે કરીઅર બચાવવાના મૂડમાંઃ ઑસ્ટ્રેલિયા 'એ' સામે રમશે




મુંબઈઃ રોહિત શર્માએ ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપ બાદ ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાંથી નિવૃત્તિ લીધી ત્યારે તેની ટેસ્ટ-કરીઅર વિશે અટકળો થતી હતી અને તાજેતરમાં તેણે ટેસ્ટ ફૉર્મેટ છોડ્યું ત્યાર પછી હવે તેના વન-ડે રિટાયરમેન્ટનો અંત આવી રહ્યો હોવાની વાતો થવા લાગી છે, પણ તેણે ઑસ્ટ્રેલિયા ખાતેના આગામી પ્રવાસ પહેલાં ઑસ્ટ્રેલિયા 'એ' ટીમ વિરુદ્ધ વન-ડે રમવાની ઇચ્છા બતાવીને તેના ટીકાકારોને અને તેની કારકિર્દી વિશે શંકા કરનારાઓને સંકેત આપી દીધો છે કે તે વન-ડે ફૉર્મેટ નજીકના ભવિષ્યમાં નથી છોડવાનો.

બુધવારે આઇસીસી વન-ડે બૅટ્સમેનના નવા રૅન્કિંગમાંથી વિરાટ કોહલીની સાથે રોહિત શર્માનું નામ પણ ગાયબ થઈ ગયું એટલે કોહલીની સાથે રોહિતની નિવૃત્તિની વાતો પણ સક્રિયપણે થવા લાગી. કોઈને પણ શંકા થાય, કારણકે જે બે દિગ્ગજો ૨૦૨૪માં થોડા દિવસના અંતરે ટી-૨૦ ક્રિકેટ છોડી ચૂક્યા હોય અને પછી તાજેતરમાં એ જ પૅટર્નમાં ટેસ્ટ-ક્રિકેટ છોડે તો કોઈને પણ વન-ડેમાંથી તેમની સહિયારી વન-ડે નિવૃત્તિની શંકા થાય જ. જોકે બુધવારે થોડા જ કલાકોમાં આઇસીસીએ સુધારો કરીને પોતાની વેબસાઇટ પર જાહેર કર્યું હતું કે રોહિત શર્મા હજી પણ વન-ડેના બૅટિંગ રૅન્કિંગમાં બીજા નંબરે છે અને કોહલી ચોથા સ્થાને જ છે.

ઉલ્લેખનીય છે કે નવમી સપ્ટેમ્બરે યુએઇમાં શરૂ થનારો ટી-૨૦નો એશિયા કપ સપ્ટેમ્બરના અંતે પૂરો થશે ત્યાર બાદ ઑક્ટોબરની શરૂઆતમાં ભારતમાં વેસ્ટ ઇન્ડિઝ સામે બે મૅચની ટેસ્ટ-સિરીઝ શરૂ થશે અને ત્યાર બાદ ભારતીય ક્રિકેટરો ઑસ્ટ્રેલિયા જશે જ્યાં ત્રણ વન-ડે રમાશે જેમાં ચૅમ્પિયન્સ ટ્રોફીના ચૅમ્પિયન-સુકાની રોહિતને જ સુકાન સોંપાશે એવી પાકી સંભાવના છે.

રોહિતની ઇચ્છા ઑસ્ટ્રેલિયાના પ્રવાસ પહેલાં સારો એવો આત્મવિશ્વાસ મેળવી લેવા માટે ભારતમાં ઑસ્ટ્રેલિયા ' એ' સામેની સિરીઝમાં રમવાની છે. એ શ્રેણીમાં ઇન્ડિયા 'એ' ટીમનો ઑસ્ટ્રેલિયા 'એ' સામે મુકાબલો થશે. સપ્ટેમ્બરમાં ભારતમાં ઑસ્ટ્રેલિયા 'એ' સામેની બે બિનસત્તાવાર ટેસ્ટ મૅચ લખનઊમાં અને ત્રણ વન-ડે મૅચની શ્રેણી કાનપુરમાં રમાશે. ■

# વેન્કટેશ પ્રસાદ બેંગલૂરુના સ્ટેડિયમની વહારે

**▸ ભૂતપૂર્વ પેસ બોલરે રાજ્યના ક્રિકેટ ઍસોસિયેશનની ચૂંટણીમાં ઝંપલાવ્યુંઃ એમ. ચિન્નાસ્વામીને પ્રતિષ્ઠા પાછી અપાવવા મક્કમ**

બેંગલૂરુઃ ભૂતપૂર્વ પેસ બોલર વેન્કટેશ પ્રસાદ ૧૯૯૯માં બે વન-ડેમાં (એક વખત પાકિસ્તાન સામે અને બીજી વાર ઇંગ્લૅન્ડ સામે) અનુક્રમે પાંચ અને ત્રણ વિકેટ લઈને જેમ ભારતીય ટીમની વહારે આવ્યો હતો અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો એમ હવે તે બેંગલૂરુના વિવાદાસ્પદ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ માટે તારણહાર બનવા મેદાને પડ્યો છે.

વાત એવી છે કે ચોથી જૂને એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની નજીક રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના લાખો ચાહકો આરસીબીના પ્રથમ આઇપીએલ-ટાઇટલની ઉજવણી માટે ભેગા થયા હતા ત્યારે સ્ટેડિયમમાં તથા એની આસપાસની ગેરવ્યવસ્થાને લીધે મોટા પાયે ધક્કામુક્કી અને નાસભાગ થઈ હતી જેમાં ૧૧ લોકોના જીવ ગયા હતા અને ૫૦થી વધુ લોકોને ઈજા થઈ હતી. એ દુર્ઘટના બાદ કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશન (કેએસસીએ) હેઠળનું એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ મૅચ તથા ટૂર્નામેન્ટ માટે બંધ કરવામાં આવ્યું છે. ત્યારથી આ સ્ટેડિયમમાં કોઈ પણ મૅચ રાખવા માટે રાજ્યના પોલીસ તંત્ર તરફથી પરવાનગી મળવાની બંધ થઈ ગઈ છે. જૂનની ગોઝારી ઘટના બાદ આ ઍસોસિયેશન સેક્રેટરી અને ખજાનચી વિના ચાલી રહ્યું છે.



કેએસસીએની ચૂંટણી નજીક આવી ગઈ છે અને વેન્કટેશ પ્રસાદે ફરી વહીવટતંત્રમાં સામેલ થવા આ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. તે ૨૦૧૩થી ૨૦૧૬ સુધી કેએસસીએમાં ઉપ-પ્રમુખ હતો. તે ભારત વતી ૧૯૯૪થી ૨૦૦૧ સુધી રમ્યો હતો. તેણે ૩૩ ટેસ્ટમાં ૯૬ વિકેટ અને ૧૬૧ વન-ડેમાં ૧૯૬ વિકેટ લીધી હતી.

૫૬ વર્ષનો વેન્કટેશ પ્રસાદ બેંગલૂરુનો જ છે. ચૂંટણીને લગતી તેની ટીમમાં ભારતના સૌપ્રથમ મહિલા ક્રિકેટ-કૅપ્ટન શાંતા રંગાસ્વામી તથા ભૂતપૂર્વ હોદ્દેદાર વિનય મૃત્યુંજય સામેલ છે. વેન્કટેશ પ્રસાદ એમ. ચિન્નાસ્વામીને ગુમાયેલી પ્રતિષ્ઠા પાછી અપાવવા મક્કમ છે. તેણે કહ્યું છે, 'અમે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમને આંતરરાષ્ટ્રીય મૅચો પાછી અપાવવા દૃઢ છીએ. આ આઇકૉનિક ક્રિકેટ-મેદાન પર ૫૦ વર્ષથી મૅચો રમાય છે. આ મેદાન પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચો રાખવાની ક્યારેય પરવાનગી નથી લેવી પડી, પણ હવે પહેલી વાર એવું બની રહ્યું છે. રાજ્યની પોતાની મહારાજા ટ્રોફી પણ અહીં રાખવાને બદલે મૈસૂરમાં રાખવી પડી છે.'

૩૦મી સપ્ટેમ્બરે ભારત-શ્રીલંકામાં મહિલાઓનો વન-ડે વર્લ્ડ કપ શરૂ થશે અને એમાં બેંગલૂરુમાં આયોજિત કેટલીક મૅચો (પોલીસની પરવાનગી ન મળવાને કારણે) કદાચ નહીં રમાય અને બીજે ખસેડાશે. ■

# ઇન્ડેક્સ હેવીવેઇટ શૅરોના બળે સતત છઠ્ઠા દિવસની આગેકૂચ સાથે સેન્સેક્સે ૮૨,૦૦૦ની સપાટી પુનઃ હાંસલ કરીઃ બજારની નજર જેકસન હોલ સિમ્પોઝિયમ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિવિધ ચિંતા હળવી થવા સાથે વિશ્વબજારના સાનુકૂળ વાતાવરણ વચ્ચે આઇસીઆઇસીઆઇ બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોના બળે સતત છઠ્ઠા દિવસની આગેકૂચમાં સેન્સેક્સે ૮૨,૦૦૦ની સપાટી પુનઃહાંસલ કરી હતી. જોકે બજારની નજર જેકસન હોલ સિમ્પોઝિયમમાં ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલના વલણ પર મંડાયેલી હોવાથી અંડરટોનમાં સાવચેતીનું માનસ જોવા મળ્યું હતું.

સેન્સેક્સ ૧૪૨.૮૭ પોઇન્ટ અથવા તો ૦.૧૭ ટકાના સુધારા સાથે ૮૨,૦૦૦.૭૧ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. દિવસ દરમિયાન તે ૩૭૩.૩૩ પોઇન્ટ અથવા તો ૦.૪૫ ટકાના સુધારા સાથે ૮૨,૨૩૧.૧૭ પોઇન્ટના સ્તરે પહોંચ્યો હતો. સેન્સેક્સના ૧૪ શેરમાં સુધારો જોવા મળ્યો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૩૩.૨૦ પોઇન્ટ અથવા તો ૦.૧૩ ટકાના સુધારા સાથે ૨૫,૦૮૩.૭૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

બજારના અભ્યાસુઓ અનુસાર જીએસટીના પ્રસ્તાવિત સુધારાઓ અને એસએન્ડપીના ભારત માટે રેટિંગ અપગ્રેડ અંગે આશાવાદ પર પાંચ દિવસની આગેકૂચનો દોર લંબાયો હતો. જીએસટી દરોના સુતાર્કિકરણ માટેના પ્રધાનમંડળે પાંચ ટકા અને ૧૮ ટકાના બે સ્તેલ ધરાવતા જીએસટી માળખા માટેના કેન્દ્ર સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જીએસટી કાઉન્સિલ આ અંગે આવતા મહિને આ સંદર્ભે નિર્ણય લે એવી સંભાવના છે. હાલ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સનું માળખું, પાંચ ટકા, બાર ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા, એમ ચાર સ્લે ધરાવે છે,

સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં બજાજ ફિનસર્વ, આઇસીઆઇસીઆઇ બેન્ક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટૂબ્રો અનેભારત ઇલેક્ટ્રોનિક્સનો સમાવેશ હતો. જ્યારે પાવરગ્રીડ કોર્પોરેશન, ઇટર્નલ, હિંદુસ્તાન યુનિલીવર અને અદાણી પોર્ટ ટોપ લૂઝર રહ્યા હતા. રોકાણકારો કોઇપણ મોટા ખેલામાં ઝંપલાવતા પહેલા જેરોમ પોવેલના સ્ટેટમેન્ટની રાહ જોઇ રહ્યાં છે.

વીમા પ્રિમીયમ પર જીએસટી રાહતના સંભવિત અહેવાલો પર વીમા કંપનીઓના શેરમાં અને સાથે ફાઇનાન્શિયલ સેકટરના શેરોમાં સુધારો જોવા મળ્યો હતો. નઝારાના શેરમાં બે દિવસમાં ૨૩ ટકાનો કડાકો જોવા મળ્યો છે. પ્રમોટર્સ બ્લોક ડીલ દ્વારા ૨૦ ટકા ઇક્વિટી હિસ્સો વેચવાની તજવીજમાં હોવાના અહેવલ વચ્ચે ક્લીન સાયન્સના શેરમાં નવ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં જબરી ધમાલ ચાલી રહી છે. ટ્રાન્સફોર્મર્સની ઉત્પાદન અને વ્યાપક ઈપીસી સર્વિસ પ્રોવાઇડર તેમ જ કોલ્ડરોલ્ડ ગ્રેન ઓરિએન્ટેડ સ્ટીલ, એમોર્ફસ મટિરિયલ્સ અને ઇન્ટિગ્રેટેડ સર્કિટ બ્રેકર્સ જેવા ટ્રાન્સફોર્મર ઘટકોના પ્રોસેસિંગમાં વ્યસ્ત મંગલ ઇલેક્ટ્રિકલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ રૂ. ૪૦૦ કરોડના આઈપીઓ સાથે ૨૦મી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશી છે, જેની પ્રાઇસ બેન્ડ રૂ. ૫૩૩થી રૂ. ૫૬૧ પ્રતિ શેર છે. કંપનીએ તેની એન્કર બુક મારફત રૂ. ૧૨૦ કરોડ એકત્ર કરી લીધા છે.

બુધવારે રિગલ રિસોર્સિસના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૩૯ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૪૧.૮૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. આ અગાઉ સોમવારે નોલેજ રિઅલ્ટી, રેઇટ શેર ચાર ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા છે.

મેડિસ્ટેપનો શેર એનએસઇ ઇમર્જ પર ૨૧ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો. એલેમ્બિક ફાર્માને જેનેરિક ડ્રગ માટે યુએસએફડીએની મંજૂરી મળી છે. આ ઉપરાંત ઇનોવેટીવ ઇન્ડિયા, પાર્ક મેડી વર્લ્ડ, રૂનવાલ એન્ટરપ્રાઇસ, જિન્કુશલ ઇન્ડસ્ટ્રીઝ અને એડવાન્સ એગ્રોલાઇફને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી છે. શિવાશ્રિત ફૂડ્સનો આઇપીઓ ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે.

કરન્ટ ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ રૂ. ૪૧.૮૦ કરોડના જાહેર ભરણા સાથે ૨૬ ઓગસ્ટના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૯ ઓગસ્ટના રોજ બંધ થશે. આ બુક બિલ્ડ ઇશ્યૂ માટેપ્રાઇસ બેન્ડ રૂ. ૭૬થી રૂ. ૮૦ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઇઝ ૧,૬૦૦ છે. ફાળવણી પહેલી સપ્ટેમ્બરના રોજ થવાની અને લિસ્ટિંગ ત્રીજી સપ્ટેમ્બરે થવાની અપેક્ષા છે. કંપની દેશના ટોચના બાર રાજ્યોમાં હાજરી ધરાવે છે. દરમિયાન પાછલા સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં પાછલા ગુરુવારે જેએસડબલ્યુ સિમેન્ટનો શેર ચાર ટકાના વધારા સાથે ખૂલ્યો હતો. ઓલટાઇમ પ્લાસ્ટિકના શેર ૧૪ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. ફેકટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડનો અને આરએસબી રિટેલ ઇન્ડિયા રૂ. ૧,૫૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે. સેશાસાઇ ટેક્એ પ્રી આઇપીઓ રાઉન્ડમાં રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે.

કોર્પોરેટ હલચલમાં એગ્રી અને ઓર્ગેનિક એફએમસીજી કંપની, સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડ, રિટેલ વ્યવસાયને મજબૂત બનાવવા માટે આક્રમક વૃદ્ધિ વ્યૂહરચનાના ભાગ રૂપે, ચંદીગઢમાં શરૂ થનારા તેના નિમ્બાર્ક ઓર્ગેનિક સિગ્નેચર સ્ટોર્સનું વિસ્તરણ કરી રહી છે. આ નવા સ્ટોર સાથે, નિમ્બાર્ક ઓર્ગેનિક સ્ટોર્સની કુલ સંખ્યા વધીને સાત અને સ્ટોર્સની કુલ સંખ્યા ૧૫ થશે.

જીઓ બાદ હવે ભારતી એરટેલે એન્ટ્રીલેવલ એક જીબી પ્રતિ દિવસનો પ્લાન પાછો ખેંચી લીધો છે. ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મને નિયંત્રિત કરવા માટે કેબિનેટ દ્વારા ખરડાને મંજૂરી મળ્યા બાદ નઝારા ટેક્નોલોજીસ અને ડેલ્ટા કોર્પના શેરમાં કડાકા જોવા મળ્યા હતા અને સતત બીજા દિવસે પણ આ શેરોમાં વેચવાલી રહી હતી. ટાટા મોટર્સે સાઉથ આફ્રિકન પેસેન્જર વ્હીકલ માર્કેટમાં ફરી પ્રવેશ કર્યો છે. ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ લિમિટેડની કોન્સોલિડેટેડ ઓર્ડર બુક રૂ. ૧,૦૦૦ કરોડને વટાવી ગઈ છે, જે ઇન્સ્ટિટ્યુશનલ, હેલ્થકેર અને ગવર્મેન્ટ ઇન્ફ્રાસ્ટકચર પ્રોજેક્ટ્સમાં સારી રીતે વૈવિધ્યસભરતા ધરાવે છે. નામાંકિત ક્લાયન્ટ્સમાં સીપીડબલ્યુડી, એનબીસીસી અને ટીસીઆઇએલનો સમાવેશ થાય છે, જેમાંથી ઘણા રિપીટ ઓર્ડર છે. કંપની ૧૧થી વધુ રાજ્યોમાં તેની હાજરીને વિસ્તૃત કરી રહી છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈન્ફોસિસ ૧.૧૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૦૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૦ ટકા, રિલાયન્સ ૦.૮૬ ટકા, લાર્સન ૦.૭૬ ટકા, બીઈએલ ૦.૬૫ ટકા, ટાઇટન ૦.૪૩ ટકા અને મારુતિ ૦.૩૫ ટકા વધ્યા હતા, જ્યારે પાવર ગ્રીડ ૧.૫૧ ટકા, ઈટર્નલ ૧.૪૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૦૮ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૫ ટકા, એનટીપીસી ૦.૯૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૬૧ ટકા ટાટા મોટર્સ ૦.૬૧ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૩૯ ટકા ઘટ્યા હતા.

જેન સ્ટ્રીટના જુલાઇના કેસ બાદ મ્યુચ્યુઅલ ફંડોએ બીએસઇના રૂ. ૪૦૦ કરોડના વીસ લાખ શેર બજારમાં ઠાલવ્યા છે. આ સત્રમાં પણ બીએસઇના શેરમાં વેચવાલી અને ધોવાણ જોવા મળ્યું હતું. ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ લિમિટેડને હરિયાણા ક્રિકેટ એસોસિએશન, ભિવાની તરફથી હરિયાણાના ઝજ્જર જીલ્લામાં લોહાટ ખાતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમના નિર્માણ માટે એક મહત્વપૂર્ણ ઓર્ડર મળ્યો છે. કરારની કિંમત રૂ. ૨૨૨.૨૦ કરોડ છે, જે ૨૪ મહિનાના નિર્ધારિત પૂર્ણ સમયગાળા સાથે છે. કાર્યક્ષેત્રમાં બીઓક્યુ ધોરણે સ્ટેડિયમ પ્રોજેક્ટનો અમલ શામેલ છે.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો ચોખ્ખો નફો પ્રથમ ક્વાર્ટરમાં બમણાથી વધુ થયો છે. કોફીડે ગ્લોબલની ખોટ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઘટીને રૂ. ૧૧ કરોડ રહી છે. પતંજલિ ફૂડ્સ લિમિટેડે ઊંચા ખર્ચને કારણે જૂન ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૮૦.૩૫ કરોડ નોંધાવ્યો છે. ઓએનજીસીએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૦૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇ કોમર્સે નફામાં ૭૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. ઇન્ફોસિસે ટેલ્ટ્રાની સબ્સિડરી વર્સેનન્ટ ગ્રુપમાં ૭૫ ટકા સ્ટેક હાંસલ કર્યો છે. સરકારે બીએસએનએલનું નેટવર્ક વિસ્તારવા રૂ. ૪૭૦૦૦ કરોડના કેપેક્સની જાહેરાત કરી છે.

# ડૉલર સામે રૂપિયામાં સુધારાને બ્રેકઃ ૧૮ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સમજૂતી થવાનો આશાવાદ અને અમેરિકાની ટૅરિફની ચિંતા હળવી થઈ હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો સુધારાના અન્ડરટોને ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૧૪ પૈસા મજબૂત થયો હતો. જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ રહ્યું હોવાના નિર્દેશો મળતાં સત્ર દરમિયાન રૂપિયામાં જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે ગઈકાલના બંધ સામે ૧૮ પૈસાના ઘટાડા સાથે ૮૭.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૦૭ના બંધ સામે ૮૭.૦૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૨૭ અને ઉપરમાં ૮૬.૯૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૮ પૈસા તૂટીને ૮૭.૨૫ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ તથા ક્રૂડતેલના ભાવ વધી આવતાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકી અતિરિક્ત ટૅરિફની ચિંતા હળવી થવાની સાથે જીએસટીમાં સુધારાના આશાવાદને કારણે રૂપિયામાં સુધારાને ટેકો મળતાં આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૬.૯૦થી ૮૭.૫૦ આસપાસની જોવા મળી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૦ ટકા વધીને બેરલદીઠ ૬૭.૪૪ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ૦.૦૨ ટકા વધીને ૯૮.૨૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૪૨.૮૭ પૉઈન્ટ અને ૩૩.૨૦ પૉઈન્ટ વધી આવ્યા હોવાથી રૂપિયામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં ધીમો સુધારો

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ અને ઉપલા મથાળેથી રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે વરસાદે વિસામો લીધો હોવાથી રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં મથકોથી વિપરીત હાજર ભાવમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, પરંતુ રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં એકંદરે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો.

તેમ જ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૫૨થી ૪૧૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૧૧૨થી ૪૧૮૨માં ગુણવત્તાનુસાર થયા હતા.

## વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાદ્યતેલમાં પીછેહઠ

# તેલ આયાતકારોની કોલમ્બિયા અને ગુએટમાલાથી ખરીદી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૮ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૩૬ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં એકમાત્ર સિંગતેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ તેલના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જેમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૫, સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦, સન રિફાઈન્ડમાં રૂ. ૧૫ અને આરબીડી પામોલિન તથા સરસવમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાલ પામતેલના વૈશ્વિક ઉત્પાદનમાં ચોથો ક્રમાંક ધરાવતા દેશ કોલમ્બિયા અને છઠ્ઠો ક્રમાંક ધરાવતા ગુએટમાલામાં ઉત્પાદકો માલબોજ હેઠળ આવ્યા હોવાથી ભાવમાં વધુ ડિસ્કાઉન્ટ ઑફર કરી રહ્યા હોવાથી અમુક ભારતીય આયાતકારોએ ખરીદી કરી હોવાનું રોઈટર્સે એક અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે આયાતકારોએ ઑક્ટોબર ડિલિવરી શરતે સીઆઈફ ધોરણે ટનદીઠ ૧૧૬૫ ડૉલરના મથાળે સોદા કર્યા હોવાના નિર્દેશો છે. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૫ અને ગોકુલ એગ્રો તથા એવીઆઈના સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૪૫ અને રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સરસવના રૂ. ૧૬૩૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# ચાંદીમાં ₹૧૪૯૬નું બાઉન્સબૅક, રૂપિયો નબળો પડતાં સોનામાં ₹ ૨૦૧નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના આજના મોડી સાંજના વક્તવ્ય પર રોકાણકારોની નજર રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં રોકાણકારોની નવી લેવાલીમાં સાવચેતીનું વલણ જળવાઈ રહેતાં ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ચાંદીમાં વિશ્વ બજારથી વિપરીત ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતા ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૯૬નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા તૂટ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૦થી ૨૦૧નો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર છેલ્લાં ત્રણ સત્રમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૭૩૯નો ઘટાડો આવ્યા બાદ આજે નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગનો ટેકો મળતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૯૬ના બાઉન્સબૅક સાથે રૂ. ૧,૧૨,૬૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં આજે ડૉલર સામે રૂપિયો નબળો પડ્યો હોવાથી આયાત પડતર વધવાને કારણે વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૦૦ વધીને રૂ. ૯૮,૭૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૦૧ વધીને રૂ. ૯૯,૧૪૭ના મથાળે રહ્યા હતા, પરંતુ સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના વક્તવ્ય પૂર્વે રોકાણકારોના નવી લેવાલીમાં સાવચેતીના અભિગમ અને ડૉલર ઈન્ડેક્સ ૦.૧ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૩૧.૭૪ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૭૩.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૭.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

આગામી ૨૧થી ૨૩ ઑગસ્ટ દરમિયાન અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલ તેના વક્તવ્યમાં શ્રમ બજારમાં સુધારો લાવવા માટે હળવી નાણાનીતિ અપનાવવા બાબતે કોઈ સંકેત આપે છે કે કેમ તેના પર બજાર વર્તુળોની નજર સાથે આગામી થોડા સમયગાળા દરમિયાન સોનાના વૈશ્વિક ભાવમાં કોન્સોલિડેશન રહે તેમ હોવાથી મોટી વધઘટ જોવા મળે તેવી શક્યતા ન હોવાનું ગોલ્ડ સિલ્વર સેન્ટ્રલનાં મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવતા ઉમેર્યું હતું કે જો ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે તો પણ સોનાના ભાવમાં ધીમો સુધારો આવશે અને ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલર સુધી પહોંચશે અને જો વ્યાજદરમાં કપાત ન કરવામાં આવે તો ભાવ ઘટીને ૩૩૦૦ ડૉલર સુધી જઈ શકે છે. નોંધનીય બાબત એ છે કે ગયા મહિને ફેડના અધિકારી મિશેલ બૉમેન અને ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટના કાપની હિમાયત કરી હતી, પરંતુ અન્ય સભ્યો તરફથી તેને ટેકો નહોતો મળ્યો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વે ગત ડિસેમ્બર મહિનાથી વ્યાજદર યથાવત્ રાખ્યા છે. જોકે, આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

# સેબી પ્રી-આઇપીઓ માટે નવું પ્લેટફોર્મ લાવશે, ડેરિવેટીવ્ઝનો કાર્યકાળ વધારવાનો સંકેત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના વડાએ પ્રી-આઈપીઓ માટે નિયમનકારી પ્લેટફોર્મ લાવવાનો સંકેત આપવા સાથે ઇક્વિટી ડેરિવેટિવ્ઝનો કાર્યકાળ વધારવાની યોજના અંગે પણ ઉચ્ચારણ કર્યું છે. શેરબજાર નિયમનકાર સેબીના અધ્યક્ષ તુહિન કાંતા પાંડેએ ગુરુવારે પ્રી-આઈપીઓ (પ્રારંભિક જાહેર ઓફર) શેર ટ્રેડિંગ માટે નિયમનકારી પ્લેટફોર્મ રજૂ કરવાનું સૂચન કર્યું છે, જે બજારના સાધનો અનુસાર સંભવિત રીતે હાલના ગ્રે માર્કેટની કમાગરી કદાચ બંધ કરાવી શકે છે!

આઇપીઓ પહેલાના ટ્રેડિંગ માટેનું ઉપરોક્ત નવું, સૂચિત પ્લેટફોર્મ રોકાણકારોને આઈપીઓ ફાળવણી અને લિસ્ટિંગ વચ્ચેના ત્રણ દિવસના સમયગાળામાં નિયમનકારી વાતાવરણમાં શેરનું વેપાર કરવાની મંજૂરી આપી શકે છે. ઉપરાંત, આ પહેલ હાલના અનિયંત્રિત ગ્રે માર્કેટને બદલી શકે છે, જે હાલમાં આ સમયગાળા દરમિયાન કાર્યરત છે.

એ જ સાથે પાંડેએ જણાવ્યું હતું કે સેબી ઇક્વિટી ડેરિવેટિવ્ઝ પ્રોડક્ટ્સની મુદત અને પરિપક્વતા પ્રમાણસર ધોરણે વધારવાનું વિચારી રહી છે. આનાથી આવા પ્રોડક્ટસના ટેડિંગ પર અંકુશ આવશે, જ્યાં સેબીના અભ્યાસ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૯૧ ટકા વ્યક્તિગત ટ્રેડર્સે નુકસાન સહન કર્યું હતું.

# ટીન, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપરની અમુક વેરાઈટીઓમાં ઘટ્યા મથાળેથી સુધારો

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સતત બે સત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યા બાદ આજે ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબાર સિવાયની કોપરની વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો, જ્યારે એકમાત્ર કોપર વાયરબારમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. સ્થાનિકમાં મુખ્યત્વે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં કોપરકેબલ સ્ક્રેપ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૪૮ અને રૂ. ૩૦૧૩ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ .એક વધીને અનુક્રમે રૂ. ૮૩૬, રૂ. ૮૨૩, રૂ. ૭૫૯ અને રૂ. ૨૫૪ના મથાળે રહ્યા હતા.

# હેલ્થકેર અને રિઅલ્ટી શૅરોમાં લેવાલી, પાવર અને યુટિલિટી શૅરો ગબડ્યા

મુંબઇઃ શેરબજારમાં સતત છઠ્ઠા દિવસની આગેકૂચ દરમિયાન સેક્ટરલ ઈન્ડેક્સમાં હેલ્થકેર અને રિયલ્ટી સૌથી અધિક વધ્યા હતા અને પાવર, યુટિલિટીઝ અને સર્વિસીસમાં નરમાઈ જોવા મળી હતી. સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૬ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૨ ટકા ઘટ્યોઅને બીએસઈ સ્મોલકેપ ૦.૦૧ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૩૬ ટકા વધ્યોઅને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૫ ટકા ઘટ્યો હતો. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૧,૮૫૭.૮૪ના બંધથી ૧૪૨.૮૭ પોઈન્ટ્સ (૦.૧૭ ટકા) વધ્યો હતો. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૨૩,૯૧,૨૪૫.૮૯ કરોડનું રહ્યું હતું.


## જાહેર નોટિસ

ખબર લેવી કે અમો અહીં નીચે વર્ણવેલ પ્રીમાઈસીસમાં પ્રાઈમ રીઅલ્ટી LLPના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ :-

ડૉ. એની બેસન્ટ રોડ, વર્લી, મુંબઈ-૪૦૦૦૧૮ ખાતે સ્થિત અને ભરતમાં ૧૬૭૨ ચો.મી. કે આસપાસ, વર્લી ડિવિઝનના CTS નં. ૨ (ભાગ) ધરાવતા ''શિવસાગર એસ્ટેટ'' તરીકે ઓળખાતા મોટા લે-આઉટના ભાગ બનતા પ્લોટ નં. E પર પ્રાઈમ રીઅલ્ટી LLP દ્વારા વિકસિત સીજે રેસીડન્સી તરીકે ઓળખાતા રેસિડેન્શીયલ પ્રોજેક્ટનો ભાગ બનતા અર્ધમાળ પાર્કિંગ સાથે ભરતમાં ૫૫૧૦ ચો. ફીટ રેરા કાર્પેટ એરિયા મળીને (સામૂહિક રીતે સદર ''પ્રીમાઈસીસ'' તરીકે નિર્દિષ્ટ) સીજે રેસીડન્સી તરીકે ઓળખાતા બિલ્ડિંગના ''૫''માં હેબિટેબલ લેવલ પર એપાર્ટમેન્ટ.

કોઈપણ વ્યક્તિ/ઓ જે સદર પ્રીમાઈસીસ કે તેમાંથી કોઈપણ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તેની સામે વારસો, ગીરો, કબજો, વેચાણ, ભેટ, લીઝ, લીઅન, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, ઈઝમેન્ટ, ટ્રાન્સફર, લાઈસન્સ કે અન્યથા કે અન્ય કોઈ હક્ક કે હિત ગમે તે દ્વારા કોઈપણ દાવો ધરાવતા હોય તો સદરની જાણ લખાણમાં, સહાયક દસ્તાવેજી પુરાવા સાથે આજની તારીખથી ૧૪ દિવસની અંદર, નીચે સહી કરનારને તેમના કાર્યાલયના સરનામે ૧૮/ABC, સૂર્યા મહલ, ૪થો માળ, ૫, બરજોરજી ભરૂચા રોડ, કાલા ઘોડા, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે કરવી જરૂરી છે. જો ઉપર જણાવેલ સમયગાળામાં દાવો કરવામાં નહીં આવે તો, સદર પ્રીમાઈસીસમાં આવા કોઈપણ કથિત દાવા કે હિતના સંદર્ભ કે ગણતરીમાં લીધા વગર અમારા અસીલ લેવડદેવડ માટે આગળ વધશે, જે બધા ઉદ્દેશ્યો અને હેતુઓ માટે ત્યજી દેવાયેલા, છૂટા કરેલા અને ભાગ કરેલા માનવામાં આવશે અને અમારા અસીલોને બંધનકર્તા રહેશે નહીં.

આજ તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૫.

માલવી રણછોડદાસ એન્ડ કું.
એડવોકેટ્સ અને સોલિસિટર્સ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચી. એ. (S.O.) વિભાગ

નં. E.E.M. / sew / ૩૩૬૮ શહેર-૧, ૨૧/૦૮/૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર કોપી ''ઈ-પ્રોક્યોરમેન્ટ'' સેક્શન હેઠળ મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in / nicgep / app) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર.નં. | કામનું વર્ણન | ટેન્ડર સંદર્ભ નં. | રૂ.માં બારડી | રૂ.માં ટેન્ડર ફી | ટેન્ડર પાકતી તા. |
|---|---|---|---|---|---|
| ૧. | સ્યૂઅરેજ ઓપરેશન વિભાગના દાદર સ્યૂએજ લેબોરેટરી ખાતે વિવિધ લેબોરેટરી સાધનોની પ્રાપ્તિ | ૨૦૨૫_MCGM_૧૨૧૧૮૭૮_૧ | ૪૦,૦૦૦/- | ૩,૬૩૦/- (+ ૧૮% GST) | ૦૮/૦૯/૨૦૨૫ સાં. ૦૪.૦૦ |

વધુ વિગતો માટે લોગ ઓન કરોઃ (https://mahatenders.gov.in / nicgep / app)

સહી/-
(પી.એ. સાલગાંવકર)
એક્ઝિ. એન્જિ. મિકે. (સ્યૂ.) શહેર-I i/c

PRO/1349/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે

વિવિધ કામો

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એંજી.ડીપા., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ આમંત્રણ આપે છે. ક્રમ નં. ૧ઃ ટેન્ડર નોટિસ નં. BCT/૨૫-૨૬/૧૮૭ તા. ૧૮.૦૮.૨૦૨૫. કામ અને સ્થાનઃ ઉધના-ઉકાઈ-સોનગઢ-TBR-૧૨.૨૧૮ Tkm અને ઉધના-જલગામ-TBSR(H-Beam). ૧૩૮ નંગના સંબંધમાં ઉધના-જલગામ- TBSR(H-Beam)૧૩૮ નંગ અને ટ્રેકમેન માટે ટુલ રૂમ્સ કમ રેસ્ટ રૂમ્સ. કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૬૦,૭૭,૮૫૬.૨૩/-. બારડીઃ રૂ. ૧,૨૧,૬૦૦.૦૦/-. ક્રમ નં. ૨ઃ ટેન્ડર નોટિસ નં. BCT/૨૫-૨૬/૧૮૮ તા. ૧૮.૦૮.૨૦૨૫. કામ અને સ્થાનઃ ઉધના-ઉકાઈ-સોનગઢ સેક્શન. એડન-વ્યારા સેક્શન બ્રિજ નંઃ ૬૦ ખાતે વધારાના વોટર વેને પૂરું પાડવું. કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૨,૬૪,૦૭,૩૦૭.૦૩/-. બારડીઃ રૂ. ૨,૮૨,૦૦૦.૦૦/-. બંને ટેન્ડરના સબમિશનની તારીખ અને સમયઃ ૧૬.૦૯.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. બંને ટેન્ડરના ખૂલવાની તારીખ અને સમયઃ ૧૬.૦૯.૨૦૨૫, ૧૫.૩૦ કલાકે. વધુ વિગત માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0514

અમને લાઈક કરો : facebook.com/WesternRly

## ઘાટકોપર જોલી જીમખાના

જુગલદાસ મોદી માર્ગ, (કિરોલ રોડ), ઘાટકોપર પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૮૬
*ટેલિફોન: ૨૫૧૧૨૧૩૭/૨૫૦૨૧૦૬૬
* વેબસાઇટ: www.jollygymkhana.in
*ઇમેઇલ: jollygymkhana@gmail.com/ jolly@jollygymkhana.in

સૂચના

ઘાટકોપર જોલી જીમખાનાના સભ્યોને જણાવવા માટે છે કે જીમખાનાની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા મંગળવાર, ૦૨.૦૯.૨૦૨૫ ના રોજ સાંજે ૭.૦૦ વાગ્યે જીમખાના પરિસરમાં યોજાશે. સૂચનાની એક નકલ જીમખાનાના નોટિસ બોર્ડ અને જીમખાનાની વેબસાઇટ (www.jollygymkhana.in) પર નોટિસ વિભાગમાં મૂકવામાં આવી છે. નાણાકીય વર્ષ માટે વાર્ષિક અહેવાલ. ૨૦૨૪-૨૦૨૫ કુરિયર દ્વારા બધા સભ્યોને મોકલવામાં આવ્યો છે. જો કોઇ સભ્ય દ્વારા વાર્ષિક અહેવાલ પ્રાપ્ત ન થાય, તો તે જીમખાના વેબસાઇટ www.jollygymkhana.in પરથી તેને જોઈ અથવા ડાઉનલોડ કરી શકે છે.

માનનીય સચિવ
તારિખ : ૨૨.૦૮.૨૦૨૫

## પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન

ઈ-ટેન્ડર નોટિસ

SR. CDO/IND એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી બે પેકેટ સિસ્ટમ દ્વારા GeM બીડ નં. GEM/૨૦૨૫/B/૬૫૮૧૧૭૨, તારીખઃ ૧૮.૦૮.૨૦૨૫ સામે GeM દ્વારા ઈ-ટેન્ડરો મંગાવે છે. બંધ થવાની તારીખઃ ૧૩.૦૯.૨૦૨૫ ૧૫.૦૦ ક. બિડરો ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી જ તેમની બિડ સુપ્રત કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર માન્ય નથી અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. જો કોઈપણ કારણોસર ટેન્ડર ખોલવાની નિર્ધારિત તારીખ રજા જાહેર કરવામાં આવે, તો ટેન્ડર રજાના આગામી કાર્યકારી દિવસે ખોલવામાં આવશે. કામનું નામ સાથે તેનું સ્થળઃ કોચિંગ ડેપો-IND & DADNની ટ્રેનોમાં આઉટકમ ધોરણે બેડ-રોલની મિકેનાઈઝ્ડ વોશિંગ, ડ્રાઈંગ, ઈસ્ત્રી, પેકેજિંગ, ટ્રાન્સપોર્ટેશન, સપ્લાય અને કલેક્શન માટે વ્યાપક કોન્ટ્રાક્ટ તથા ૦૨ વર્ષની મુદત માટે ઈન્દોર & DADN સુધી ઓરિજીનેટિંગ/નોમિનેટેડની તમામ AC કોચેસમાં મેનપાવર ધોરણે AC કોચ અટેન્ડન્ટસની જોગવાઈ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૪૧,૯૪,૭૪,૫૦૧/- (તમામ કર અને GST સહિત). ડિપોઝિટ કરવાના બાના રકમઃ રૂ. ૨૨,૪૭,૩૭૦/-. કામનો પૂર્ણ થવાનો સમયગાળોઃ LOAની ઈશ્યૂની તારીખથી ૦૨ વર્ષ. ઓફિસનું સરનામું જ્યાં ટેન્ડર ખૂલશેઃ SR. CDO/IND, પશ્ચિમ રેલવે, રતલામ ડિવિઝનની ઓફિસ. સુપ્રતિ માટે તારીખ & સમયઃ બંધ થવાનો સમયઃ ૧૩.૦૯.૨૦૨૫ ૧૫.૦૦ ક. વેબસાઈટ વિગતો & નોટિસ બોર્ડ સ્થળઃ ટેન્ડર દસ્તાવેજો GeM વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. ટેન્ડર દ્વારા જરૂરી અન્ય કોઈપણ માહિતી કામકાજના કલાકો દરમિયાન Sr. CDO/INDની ઓફિસમાંથી મેળવી શકાય છે.

Sr. કોચિંગ ડેપો ઓફિસર,
ઈન્દોર, પશ્ચિમ રેલવે

SPAN/3/1/199

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# રાજ ઠાકરે-ફડણવીસની મુલાકાત

# શિવસેના (યુબીટી)-મનસે ગઠબંધન ખતમ?

**બેસ્ટ ક્રેડિટ સોસાયટીની ચૂંટણીમાં નોંધપાત્ર હાર બાદ ગુરુવારે રાજ ઠાકરેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિવાસસ્થાનની મુલાકાત લીધી હોવાથી રાજકીય અફવાઓ જોરમાં**

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેની મુલાકાતે પ્રાદેશિક રાજકારણમાં ખળભળાટ મચાવ્યો છે, બેસ્ટ ક્રેડિટ સોસાયટીની ચૂંટણીમાં ઠાકરે બ્રાન્ડ નિષ્ફળ ગયાના એક દિવસ પછી, બંને પક્ષો વચ્ચે સંભવિત સહયોગની અટકળો શરૂ થઈ છે. જોકે, મનસેના વડાએ એવી સ્પષ્ટતા કરી કે આ બેઠક ફક્ત નગર આયોજન અને ટ્રાફિક ભીડ સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે હતી.

બેસ્ટ એમ્પ્લોયીઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી ચૂંટણીમાં કડવી હારનો સ્વાદ ચાખ્યાના એક દિવસ પછી, મનસેના નેતા રાજ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' બંગલો પર જોવા મળ્યા હતા, જેનાથી ઠાકરે બંધુઓ વચ્ચે રાજકીય વિખવાદની અફવાઓ ફેલાઈ હતી. રાજ

(જુઓ પાનું ૪) ▸▸

## શિવસેના (યુબીટી) દ્વારા કરવામાં આવ્યો બચાવ

ઉદ્ધવ જૂથ અફવાઓને દૂર કરવા માટે પોતાની રીતે આગળ વધી રહ્યું છે. શિવસેના યુબીટીના વરિષ્ઠ નેતા સંજય રાઉતે પત્રકારોને જણાવ્યું હતું કે રાજ ઠાકરે દેવેન્દ્ર ફડણવીસને તેમના ઘરે ગણપતિ માટે આમંત્રણ આપવા ગયા હશે.

રાજ ઠાકરે રાજ્યના કોઈ મુદ્દા પર દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરવા માંગતા હશે. રાજ ઠાકરે મુંબઈની દયનીય પરિસ્થિતિ વિશે મુખ્ય પ્રધાન સાથે વાત કરવા માંગતા હશે. મહારાષ્ટ્રના રાજકારણમાં, વિપક્ષી પક્ષના નેતાઓ મુખ્ય પ્રધાનને મળે છે. રાજ ઠાકરે અને દેવેન્દ્ર ફડણવીસ પહેલા પણ મળ્યા છે.

આજની બેઠકનો હેતુ ફક્ત રાજ ઠાકરે જ કહી શકે છે. રાજ ઠાકરેના સ્વભાવને જોતાં, મને લાગે છે કે તેઓ આ બેઠક વિશે સ્પષ્ટ અને નિશ્ચિતપણે વાત કરશે. રાજ્યના મુખ્ય પ્રધાનને મળવું એ રાજકીય ગુનો નથી. જો ઉદ્ધવ ઠાકરે કે મારું કોઈ કામ હોય, તો અમે પણ મુખ્ય પ્રધાનને મળીએ છીએ, એમ રાઉતે કહ્યું હતું, અને ઉમેર્યું હતું કે બેસ્ટની ચૂંટણીને ગંભીરતાથી લેવાની કોઈ જરૂર નથી. તે ક્રેડિટ સોસાયટી માટેની ચૂંટણી હતી. તેની ચર્ચા અને મહત્વ બેસ્ટ ડેપો સુધી મર્યાદિત છે, એમ પણ સંજય રાઉતે કહ્યું હતું. ■

## રાજ ઠાકરે અને ફડણવીસ ટાઈમિંગ સાધવામાં ઉસ્તાદ છેઃ શિંદે સેના

મુંબઈ: રાજ ઠાકરે અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ટાઈમિંગ સાધવામાં ઉસ્તાદ છે. આ મુલાકાતમાં શું ચર્ચા થઈ તે વાત બંને જ જણાવી શકશે, પરંતુ રાજ ઠાકરે મહાયુતિમાં આવે એવી અમારી ઈચ્છા છે, એમ શિંદે સેનાના મુખ્ય નેતા અને રાજ્યના પ્રધાન ઉદય સામંતે ગુરુવારે જણાવ્યું હતું. ■

## સાડા-ત્રણ મહિનામાં ચોથી મુલાકાતઃ કશું રંધાઈ રહ્યું છે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રાજ ઠાકરે વચ્ચે સાડા-ત્રણ મહિનાની અંદર આ ચોથી મુલાકાત થઈ છે અને તેથી એવી શંકા ઉપસ્થિત કરવામાં આવી રહી છે કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ પહેલાં કશી મોટી ઉથલપાથલ જોવા મળી શકે છે. એમાંય ખાસ કરીને 'ઠાકરે બ્રાન્ડ' અગ્નિપરીક્ષામાં નાપાસ થયા પછીની મુલાકાતનું મહત્ત્વ વધી જાય છે.

૨૦૨૫ના વર્ષમાં રાજ ઠાકરે અને દેવેન્દ્ર ફડણવીસ પહેલી વખત સાતમી મેના રોજ મળ્યા હતા અને આ મુલાકાત અત્યંત ખાનગી રાખવામાં આવી હતી. સવારે સાડાદસ વાગ્યે રાજ ઠાકરે ફડણવીસના બંગલે પહોંચ્યા હતા. આ મુલાકાતની માહિતી બીજા દિવસે એટલે કે આઠમી મેના રોજ બહાર આવી હતી.

ત્યારબાદ બંને નેતાઓ વચ્ચે રાજ ઠાકરેના નિવાસસ્થાને એટલે કે શિવતીર્થમાં મુલાકાત થઈ હતી. ફડણવીસ પોતે રાજ ઠાકરેના ઘરે ગયા હતા. ફડણવીસે ત્યારે એવું કારણ આપ્યું હતું કે આ ફક્ત શુભેચ્છા મુલાકાત હતી અને તેનો કોઈ

(જુઓ પાનું ૪) ▸▸




# વરસાદી વિઘ્નના પડઘાઃ ટ્રાફિકની સમસ્યા યથાવત્



ભાયંદર: વરસાદથી રાહત મળી હોવા છતાં મુંબઈ-અમદાવાદ હાઈવે પર સતત ચોથા દિવસે ટ્રાફિક જેમ જોવા મળી રહ્યો છે. આ ટ્રાફિક જામને કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મુંબઈ અને ઉપનગરોમાં ભારે વરસાદને કારણે બે દિવસ પહેલા મુંબઈ-અમદાવાદ હાઈવે પર પાણી ભરાઈ ગયું હતું. દરમિયાન ગુરુવારે બપોરથી હાઈવે પરનું પાણી સંપૂર્ણપણે ઓસરી ગયું છે, પરંતુ પાણી ભરાઈ જવાથી હાઈવે પર મોટા ખાડા પડી ગયા છે, જેના કારણે મુસાફરી વધુ મુશ્કેલ બની ગઈ છે. તે ઉપરાંત હાઈવે

(જુઓ પાનું ૪) ▸▸

## વરસાદનો લાભ લઈ વધુ ભાડું વસૂલ્યું ઍપ આધારિત ટૅક્સી કંપનીઓ સામે પગલાં લેવાશે

મુંબઈ: મુંબઈમાં ચાર-પાંચ દિવસ પડેલા મુશળધાર વરસાદ દરમ્યાન ટ્રેન સહિત વાહનવ્યવહારને મોટો ફટકો પડયો હતો. આ પરિસ્થિતિનો ફાયદો લઈને અમુક ઍપ આધારિત કંપનીઓએ પ્રવાસીઓ પાસેથી મનફાવે ભાડા વસૂલ કરી હોવાની ફરિયાદો આવ્યા બાદ રાજ્યના પરિવહન વિભાગે ઍપ કંપનીઓ સામે પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. મુંબઈમાં સોમવાર અને મંગળવારે ભારે વરસાદ પડયો હતો, તેમાં પણ મંગળવારે લોકલ અને બસસેવા ખોરવાઈ ગઈ હતી. હજારો લોકો ફસાઈ ગયા હતા. આવા સમયે મોટાભાગના લોકોએ ઍપ

(જુઓ પાનું ૪) ▸▸

**ઘોડબંદર રોડ ટ્રાફિક સમસ્યા**

## ભારે વાહનોને રાતના ૧૨થી સવારના છ વાગ્યા સુધી જ પ્રવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મુંબઈથી પાલઘર અને ગુજરાત જવા માટે ઘોડબંદર રોડ અત્યંત મહત્ત્વનો ગણાય છે. આ રોડ પર ચાલી રહેલી ટ્રાફિકની સમસ્યાને માટે તાત્પૂરતા સમય માટે ભારે વાહનોને મધરાતના ૧૨ વાગ્યાથી વહેલી સવારના છ વાગ્યા સુધી જ પ્રવેશ આપવા બાબતે બહુ જલદી ટ્રાફિક પોલીસ સાથે સમન્વય સાધીને તે માટેનું સર્ક્યુલર બહાર પાડવામાં આવવાનું હોવાનું રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ગુરુવારે જણાવ્યું હતું.

મુંબઈ-અમદાવાદ હાઈવે માટે મહત્ત્વના ગણાતા ઘોડબંદર રોડ પર પર ભારે વાહનોની સાથે જ સ્થાનિક રહેવાસીઓના વાહનોને કારણે પહેલાથી અહીં ટ્રાફિક જૅમની સમસ્યા રહી છે, તેમાં પાછું અહીં મેઈન રોડ અને સર્વિસ રોડને જોડવાનું તેમ જ મેટ્રો પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું હોવાથી રસ્તો હજી સાંકડો થઈ ગયો છે. તેથી પીક અવર્સમાં નહીં પણ આખો દિવસ અહીં ભારે ટ્રાફિક રહેતો હોય છે. તેમાં પણ ગાયમુખ રોડની હાલત અત્યંત દયનીય છે અને ડુંગર ઉપરના વિસ્તારમાંથી આવતા વરસાદના

(જુઓ પાનું ૪) ▸▸

## શિંદે-સેના થાણેમાં પૉડ ટૅક્સી શરૂ કરવા ઉતાવળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મુંબઈ મેટ્રોપોલિટન રિજન હેઠળ આવતા મોટાભાગના શહેરોમાં ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો બની રહી છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે તેમ જ થાણે શહેરમાં મેટ્રો સર્વિસને પૂરક બની રહે તેવી ભવિષ્યમાં ટ્રાફિક વ્યવસ્થા તરીકે પૉડ ટૅક્સી ચાલુ કરવા શિંદે સરકાર ઉતાવળી બની છે પણ દેખાવમાં રૂપકડી લાગતી મુંબઈની મોનોરેલ જેવા હાલ પૉડ ટૅક્સીના ના થાય તે માટે થાણે પાલિકા

(જુઓ પાનું ૪) ▸▸

**મીઠી નદી કૌભાંડ**

## નકલી એમઓયુ બનાવવા બદલ કોન્ટ્રેક્ટરની ધરપકડ

### બોગસ બિલ સામે પાલિકા પાસેથી ₹ ૨૯.૬૨ કરોડ મેળવ્યા

મુંબઈ: મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫.૫૪ કરોડ રૂપિયાના કૌભાંડની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ બુધવારે પચાસ વર્ષના કોન્ટ્રેક્ટરની ધરપકડ કરી હતી, જેણે નકલી એમઓયુ (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) બનાવ્યા હતા અને બોગસ બિલ સામે પાલિકા પાસેથી ૨૯.૬૨ લાખ રૂપિયા મેળવ્યા હતા.

કોન્ટ્રેક્ટર શેરસિંહ રાઠોડ દ્વારા રજૂ કરાયેલા એક એમઓયુમાં મૃત વ્યક્તિના 'હસ્તાક્ષર' હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું

(જુઓ પાનું ૪) ▸▸







# મુંબઈમાં થયેલી અતિવૃષ્ટિથી ગણેશમંડળોને નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સતત પાંચ દિવસ પડેલા મુશળધાર વરસાદને પગલે જુદા જુદા વિસ્તારમાં ખાસ કરીને નીચાણવાળા વિસ્તારમાં આવેલા ગણેશમંડળોએ બાંધેલા મંડપોને મોટા પાયા પર નુકસાન થયું છે. મંડપોને નુકસાન થવાની સાથે જ તેની આજુબાજુ ભરાયેલા પાણીને કારણે મચ્છરોની ઉત્પત્તિ થવાની શક્યતા હોવાથી પાલિકાએ તાત્કાકિ ધુમાડો કરવો એવી માગણી સાર્વજનિક ગણેશમંડળોએ કરી છે.

મુંબઈમાં ગણેશોત્સવ નજીક હોઈ અનેક ગણેશમંડળોની મોટી ગણેશમૂર્તિનું આગમન મંડપમાં થઈ ગયું છે પણ મુંબઈમાં ગયા શુક્રવારથી સતત પડેલા વરસાદને કારણે મંડપના વિસ્તારમાં મોટા પ્રમાણમાં પાણી ભરાયા હતા. વરસાદનું જોર ઓસરી ગયું છે પણ મંડપની આજુબાજુ પાણી ભરાઈ જવાને કારણે કીચડ થવાની સાથે જ તે પાણીમાં મચ્છરોની ઉત્પત્તિ થવાની શક્યતા વધી ગઈ છે. તેથી બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્યવય સમિતીએ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને મચ્છરોની ઉત્પત્તિ રોકવા માટે મંડપોની આજુબાજુ ધુમાડો કરવાની

(જુઓ પાનું ૪) ▸▸

## લાઉડસ્પીકર માટે વધુ એક દિવસની માગણી

હાઈ કોર્ટના નિર્દેશ અનુસાર ધ્વની પ્રદૂષણ નિયમ ૨૦૦૦ હેઠળ કેન્દ્ર સરકારે દરેક રાજ્યને ૧૫ દિવસ રાતના ૧૨ વાગ્યા સુધી લાઉડસ્પીકર વગાડવાની મંજૂરી આપી છે. મંજૂરીમાં ધ્વનીની મર્યાદા દિવસના પંચાવન ડેસીબલની અને રાતના ૪૫ ડેસીબલની છે. ૨૦૧૩ સુધી સમિતીની માગણી મુજબ ગણેશોત્સવ દરમ્યાન રાતના ૧૨ વાગ્યા સુધી લાઉડસ્પીકર વગાડવાની મંજૂરી મળતી હતી, જે ગણેશવિસર્જનના દિવસ સુધી મર્યાદિત છે. એટલે કે દોઢ દિવસ, પાંચ દિવસ, સાત દિવસ અને અનંત ચતુર્દશી આ ચાર દિવસ માટે છે. બાકીના ૧૫ દિવસમાંથી બાકીના નવ દિવસ અલગ અલગ તહેવારો માટે લાઉડસ્પીકરની મંજૂરી છે. ૨૦૧૪થી બાકી રહેલા બે દિવસમાંથી એક દિવસ પોલીસ વિભાગના કાર્યક્રમ માટે અને બાકીનો એક દિવસ ગણેશોત્સવને સ્થાનિક કાર્યક્રમ, નાટક, ભજન વગેરે માટે આપવાની માગણી છેલ્લા ૧૧ વર્ષથી કરવામાં આવી રહી છે. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**